# આત્મધર્મ

## વર્ષ ૨૩

## સળંગ અંક ૨૭૪

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Jan 2005 | First electronic version. |

દંસણમૂલો ધમ્મો

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૭૪





## ત્રિકાલજ્ઞનો વિરહ ત્રણકાળમાં નથી

એકવાર ગુરુદેવે પ્રવચનમાં ઘણા પ્રમોદથી કહ્યું કે હે જીવ! તું આનન્દિત થા કે જગતમાં કેવળજ્ઞાનનો કદી પણ વિરહ નથી....એનો નિર્ણય કરીને તું એનો સાધક થા.

ત્રણકાળને જાણનારા એવા સર્વજ્ઞનો ત્રણકાળમાં કદી વિરહ નથી. ત્રિકાળજ્ઞ-પુરુષ આ જગતમાં ત્રણે કાળે હોય છે. તેના કારણરૂપ સર્વજ્ઞસ્વભાવ તારામાં સદાય છે. તેને નિર્ણયમાં લઈને તું સર્વજ્ઞપદનો સાધક થા.

કેવળજ્ઞાન ન હોય તો આ જગતનું અસ્તિત્વ જ સિદ્ધ ન થાય.

વર્ષ: ૨૩: અંક : ૧૦ વીર સં. ૨૪૯૨ દ્વિ. શ્રાવણ

તંત્રી: જગજીવન બાવચંદ દોશી. સંપાદક: બ્ર. હરિલાલ જૈન

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)




## શ્રાવણ સુદ પુર્ણિમા: વાત્સલ્યધર્મનું મહાન પર્વ

જેમ વૈરાગ્ય એ ધર્મપ્રેમી જિજ્ઞાસુનું એક આભૂષણ છે તેમ ધાર્મિક–વાત્સલ્ય એ પણ ધર્મપ્રેમી જિજ્ઞાસુનું એક કિંમતી આભૂષણ છે. સંસારપ્રત્યે સહજ વૈરાગ્ય ને સાધર્મીપ્રત્યે સહજ વાત્સલ્ય એ બંને આત્માર્થિતાના પોષક છે. મુમુક્ષુને ધર્મની આરાધનાનો એટલો બધો પ્રેમ છે કે જ્યાં જ્યાં ધર્મની આરાધના જુએ છે ત્યાં ત્યાં તેનું હૃદય વાત્સલ્યથી ઊછળી જાય છે કે વાહ! જે ધર્મને હું પ્રીતિપૂર્વક આરાધું છું તે જ ધર્મને આ જીવો પણ પ્રેમથી આરાધી રહ્યા છે; એટલે તેને ધર્મની આરાધનામાં સર્વ પ્રકારે પુષ્ટિ થાય, ને તેમાં કોઈ પ્રકારનું વિઘ્ન ન હો એવી ભાવના પણ તેને હોય છે. આનું નામ વાત્સલ્ય.

અહા, ગમે તેવી પરિસ્થિતિમાં પણ, જ્યાં સાધર્મીનું વાત્સલ્ય દેખે ત્યાં તે વાત્સલ્યની મધુરતામાં જીવનનાં બધા દુઃખ ભૂલાઈ જાય છે ને તેને ધર્મની આરાધનાનો ઉત્સાહ જાગે છે. પુરાણોમાં વાત્સલ્યનાં અનેક જવલંત ઉદાહરણ ઝળકી રહ્યાં છે. મહામુનિ વિષ્ણુકુમારે ૭૦૦ મુનિવરોની જે વાત્સલ્યભાવેથી રક્ષા કરી. તે દિવસ 'રક્ષાપર્વ' તરીકે ભારતમાં પ્રસિદ્ધ બન્યો....જે આજેય આપણને ભાઈ–બહેનના ઉદાહરણદ્વારા નિર્દોષ વાત્સલ્યનો મધુર સન્દેશ આપે છે.

રાવણના ઉપવનમાં અનેક દિવસથી અન્નના ત્યાગી સીતાજી જ્યારે હનુમાન જેવા ધર્માત્માને દેખે છે ત્યારે તેને ધર્મનો ભાઈ માનીને અતિશય વાત્સલ્ય ઉભરાય છે....જેમ વાછડાં પ્રત્યે વાત્સલ્ય ધરાવતી ગાય કાંઈ બદલાની આશા રાખતી નથી, તેમ વાત્સલ્ય એ ધર્મીની સહજ વૃત્તિ છે, એમાં બદલો મેળવવાની આશા હોતી નથી. સીતાજીના હરણપ્રસંગે જટાયુ જેવા ગીધ પક્ષીને પણ એ ધર્માત્મા પ્રત્યે એવું વાત્સલ્ય ઊભરાયું કે રાવણની શક્તિની દરકાર કર્યા વિના એ ધર્માત્માની રક્ષા ખાતર પોતાનાં પ્રાણ હોમી દીધા. ધર્માત્માઓને એકબીજા પ્રત્યે જે સહજ વાત્સલ્ય ઝરતું હોય છે તેના અનેક મધુર પ્રસંગો આજેય નજરે જોવા મળે છે.....ને ત્યારે એમ થાય છે કે વાહ! આવું ધર્મવાત્સલ્ય સર્વત્ર પ્રસરો.

# वंदित्तु सव्वसिद्धे-સમયસારનું અપૂર્વ મંગળ





સિદ્ધભગવંતોને નમસ્કાર તે સાધકભાવ છે; એવા સાધકભાવના પરમ મંગળપૂર્વક આ સમયસાર શરૂ થાય છે. સમયસારમાં કહેલો જે શુદ્ધ જ્ઞાયકભાવ, તેના ઘોલન વડે આત્માની પરિણતિ પરમ શુદ્ધ થશે ને મોહનો ક્ષય થશે. શ્રોતાકોં ભી સાથમેં રખકર આશીર્વાદ દિયા કિ 'समयसार के घोलनसे तेरा मोहका नाश हो जायगा ओर तूं सिद्ध बन जायगा।'

'अथ' શબ્દ નવીનતા–અપૂર્વતા સૂચવે છેઃ અનાદિથી જે ન હતો એવો અપૂર્વ આરાધકભાવ પ્રગટ કરીને હું મારા આત્મામાં સર્વે સિદ્ધ ભગવન્તોને સ્થાપું છું. વિભાવથી જુદો ને સિદ્ધની સ્થાપનારૂપ આ આરાધકભાવ તે સમયસારનું અપૂર્વ મંગળ છે.

સિદ્ધોની ભાવસ્તુતિ સ્વસન્મુખતા વડે થાય છે. આ ભાવસ્તુતિમાં આત્મા પોતે જ આરાધ્ય–આરાધક છે. સિદ્ધની આ ભાવસ્તુતિમાં રત્નત્રય સમાય છે.

હું સિદ્ધને વંદન કરું છું, સિદ્ધની સ્તુતિ કરું છું, એટલે સિદ્ધસમાન શુદ્ધસ્વરૂપને સાધ્યરૂપે સ્વીકારું છું; સિદ્ધમાં ને મારી પર્યાયમાં જે ભેદ હોય તેને શુદ્ધદ્રષ્ટિના બળે કાઢી નાંખું છું, ને સિદ્ધ જેવા શુદ્ધસ્વરૂપે મારા આત્માને ધ્યાવું છું. આ રીતે સિદ્ધસમાન પોતાના આત્માના ચિન્તનથી ભવ્ય જીવ પોતે સિદ્ધ થઈ જાય છે. જેણે પોતાના આત્મામાં સિદ્ધને વસાવ્યા તે સિદ્ધપદનો સાધક થયો. વીર થઈને તે વીરના માર્ગે ચાલ્યો.

# દર્પણમાં શું દેખાય છે?



वंदित्तुं सव्वसिद्धे એમ કહીને પહેલી ગાથામાં આચાર્યદેવે સિદ્ધભગવંતોને નમસ્કાર કર્યા છે; તેઓ કહે છે કે હે ભવ્ય! હું મારા અને તારા આત્મામાં સિદ્ધને સ્થાપું છું. સાધ્યરૂપ જે શુદ્ધ આત્મા, તેને જોવા માટે સિદ્ધભગવંતો સ્વચ્છ દર્પણસમાન છે. જેમ સ્વચ્છદર્પણમાં પોતાનું જેવું રૂપ હોય તેવું સ્પષ્ટ દેખાય છે, તેમ સિદ્ધભગવાનરૂપી સ્વચ્છદર્પણમાં જોતાં પોતાનું જેવું શુદ્ધસ્વરૂપ છે તેવું સ્પષ્ટ દેખાય છે. આ રીતે આત્મામાં સિદ્ધની સ્થાપનારૂપ અપૂર્વ મંગળ કરીને આચાર્યદેવે સમયસારનો પ્રારંભ કર્યો છે.

જેવા શુદ્ધ સિદ્ધભગવાન છે તેવું જ શુદ્ધસ્વરૂપ મારામાં છે.–આમ સ્વસન્મુખતા વડે પ્રતીત કરે ત્યારે સિદ્ધભગવાનની પરમાર્થસ્તુતિ થાય છે. સિદ્ધપ્રભુની પરમાર્થ ઓળખાણ ને પરમાર્થ વંદન સિદ્ધ સામે જોવાથી નથી થતી પણ પોતાના આત્મામાં અંતર્મુખ થાય ત્યારે જ સિદ્ધપ્રભુની પરમાર્થ ઓળખાણ ને પરમાર્થ વંદન થાય છે.

સમયસાર એટલે સાધકભાવનું શાંત ઝરણું! આ સમયસારમાં કહેલા ભાવોના ઘોલન વડે સાધકને સ્વાનુભૂતિમાં શુદ્ધઆત્મા પ્રકાશમાન થાય છે. આ સમયસાર તો શુદ્ધઆત્મસ્વરૂપ દેખાડનારો અરીસો છે. જે સિદ્ધને જાણે તે શુદ્ધાત્માને જાણે, જે અરહિંતને ઓળખે તે શુદ્ધાત્માને ઓળખે; પરિણતિ રાગાદિથી છૂટી પડીને શુદ્ધઆત્માની સન્મુખ થાય ત્યારે જ અરિહંત–સિદ્ધ વગેરેની ખરી ઓળખાણ થાય.

# વક્તા અને શ્રોતાના આત્મામાં સિદ્ધભગવંતોને ઉતારીને

# સમયસારનું અપૂર્વ માંગળિક

માંગળિકમાં સિદ્ધભગવંતોનો આદર કરીને આચાર્યદેવ નમસ્કાર કરે છેઃ–

वंदित्तु सव्व सिद्धे ध्रुवमचलमणोवमं गइं पत्ते।
वोच्छामि समयपाहुडमिणमो सुयकेवली भणियं।।

ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને
વંદી કહું શ્રુતકેવળી–કથિત આ સમયપ્રાભૃત અહો! ૧

અહો, સમયપ્રાભૃતની શરૂઆત કરતાં સર્વે સિદ્ધભગવંતોને આત્મામાં ઊતારીને આચાર્યદેવ અપૂર્વ મંગલાચરણ કરે છે. ને શ્રોતાઓને પણ સાથે રાખે છે. આત્મામાં સાધકસ્વભાવની શરૂઆત થાય તે અપૂર્વ મંગળ છે. આત્માનું પરમધ્યેય એવું જે સિદ્ધપદ, તેને સાધવાનો જે ભાવ પ્રગટયો એટલે સિદ્ધસન્મુખ જવાનું શરૂ કર્યું–તે જ માંગલિક છે.




અત્યાર સુધી અનંતા સિદ્ધભગવંતો થયા તે સર્વને ભાવસ્તુતિ તથા દ્રવ્યસ્તુતિ વડે પોતાના આત્મામાં તથા પરના આત્મામાં સ્થાપીને આ સમયસાર શરૂ કરું છું. ભાવસ્તુતિ એટલે અંતુર્મુખ નિર્વિકલ્પ શાંતરસનું પરિણમનઃ અને દ્રવ્યસ્તુતિ એટલે સિદ્ધોના બહુમાનનો વિકલ્પ તથા વાણી; એમ બંને પ્રકારે સ્તુતિ કરીને, મારા તેમ જ શ્રોતાજનોના આત્મામાં અનંતા સિધ્ધભગવંતોને સ્થાપું છું. મારો આત્મા કેવડો? કે અનંતા સિધ્ધોને પોતામાં સમાવી દે તેવડો. આત્મામાં જ્યાં સિધ્ધોને સ્થાપ્યા ત્યાં હવે

તેમાં રાગ રહી શકે નહિ. જ્યાં સિધ્ધોનો આદર કર્યો ત્યાં રાગનો આદર રહે નહિ: એટલે સિદ્ધને પોતામાં સ્થાપતાં જ રાગ સાથેની એકત્વબુદ્ધિ તૂટી ગઈ. **પંચમકાળનો સાધક આત્મા પોતાના સિદ્ધપદ માટે પ્રસ્થાનું મૂકે છે. હે સિદ્ધભગવંતો! સિદ્ધપદને સાધવા હું ઉપડયો છું. ત્યાં શરૂઆતમાં જ મારા આત્મામાં આપને સ્થાપું છું. અને હે શ્રોતાજનો! તમારા આત્મામાં પણ સિદ્ધપણું સ્થાપું છું. હોંસથી હા પાડજો!** ના ન પાડશો. અમારો શ્રોતા એવો જ હોય કે જે પોતાના આત્મામાં સિદ્ધપણું સ્થાપીને સાંભળે છે. એકલા રાગમાં ઊભો રહીને નથી સાંભળતો, પણ પહેલે ધડાકે સિદ્ધપદના ભણકાર લેતો આવે છે. "હું સિધ્ધ....તું સિધ્ધ" એમ શ્રવણ કરતાં જ આત્મા અંદરથી હકાર કરતો આવે છે.

**આ સમયસાર ભરતક્ષેત્રનું અલૌકિક અમૃતરસથી ભરેલું શાસ્ત્ર છે. માંગળિકમાં જ સિદ્ધપદ સ્થાપીને સાધકપણાની અપૂર્વ શરૂઆત કરાવે છે.**

અહા, ચૈતન્ય સાથે સંબંધ જોડતાં નિર્મળ સાધકભાવની સંતતિ શરૂ થાય છે. સિધ્ધપદના પૂર્ણ ધ્યેયે સાધક ઉપડયો ત્યાં તેનો પુરુષાર્થ પણ એવો છે. અહો, અનંત પરમાત્માઓ! અમારા ચૈતન્યમાં એટલો અવકાશ છે કે અનંતા સિદ્ધપરમાત્મા સર્વજ્ઞોને પોતામાં સ્થાપીએ છીએ.

અનાદિથી અત્યાર સુધી અનંતા સિદ્ધો થયા, તેને પ્રતીતમાં લઈને, તેમજ તેના માર્ગને પ્રતીતમાં લઈને ચૈતન્યની સન્મુખતા વડે પોતે પણ તેની નાતમાં ભળે છે. હે સિધ્ધભગવંતો! હવે હું આપની નાતમાં આવું છું; સંસારથી-રાગથી જુદા પડીને સિધ્ધની-શુદ્ધાત્માની નાતમાં ભળું છું.

મારા અને શ્રોતાના બંનેના આત્મામાં હું સિધ્ધોને સ્થાપું છું એમ કહીને આચાર્યદેવે શરૂઆતથી જ શ્રોતાને ભેગો ઉપાડીને વાત કરી છે.

આ રીતે સર્વસિધ્ધોને આત્મામાં સ્થાપીને આ સમયસારનું ભાવવચનથી (શ્રુતજ્ઞાનથી) અને દ્રવ્યવચનરૂપ વાણીથી પરિભાષણ કરીએ છીએ. જેવી શરૂઆત કરી તેવી પૂર્ણતા થઈ છે-અલૌકિક રચના છે. અહા, **ભરતક્ષેત્રમાં જન્મીને દેહસહિત જેમણે વિદેહક્ષેત્રના તીર્થંકરના સાક્ષાત્ દર્શન કર્યા તેમની પાત્રતા અને પુણ્યની શી વાત!!**

સિદ્ધભગવંતોને ઓળખીને, અને પોતાના આત્મામાં તેવી તાકાત છે એને ઓળખીને, એ રીતે બંનેને ઓળખીને સિદ્ધને પોતામાં સ્થાપ્યા છે. સાધ્ય જે શુદ્ધાત્મા તેના પ્રતિછંદના સ્થાને સિદ્ધભગવંતો છે, તેથી તે ધ્યેયરૂપ છે તે સિદ્ધભગવંતનું સ્વરૂપ ચિંતવીને અને તેમની સમાન પોતાના સ્વરૂપને ધ્યાવી-ધ્યાવીને સંસારી જીવો પણ તેમના જેવા સિદ્ધ થઈ જાય છે. જેણે અંતરમાં સિદ્ધને સ્થાપ્યા તે સિદ્ધનો વારસ થયો, તે સિદ્ધનો સાધક

થયો; જેવા સિદ્ધપરમાત્મા છે તેવો જ હું છું, એમ સ્વભાવની મુખ્યતા કરીને રાગને ગૌણ કરી નાખ્યો, એમાં પરમ આસ્થા થઈ, તે સિદ્ધસમાન પોતાના શુદ્ધાત્માને ધ્યાવીને જીવ સિદ્ધ થઈ જાય છે. જેમ બાળક માતાને ધાવીધાવીને પુષ્ટ થાય છે, તેમ સાધક જીવો સિદ્ધસમાન પોતાના શુદ્ધ સ્વરૂપને ધ્યાવીધ્યાવીને સિદ્ધપદને સાધે છે.

સંસારની ચારે ગતિથી વિલક્ષણ એવી જે પંચમગતિ તેને શુદ્ધસ્વરૂપના ધ્યાન વડે આ સમયસારના વક્તા અને શ્રોતા ચોક્કસ પામે છે, તેમાં શંકાને સ્થાન નથી. આવા ઉત્તમ ભાવપૂર્વક સિદ્ધભગવંતોને આત્મામાં પધરાવીને આ સમયસાર શરૂ કર્યું છે.


સિદ્ધગતિ સ્વભાવરૂપ છે, સંસારની ચારે ગતિ તો પરભાવથી ઉત્પન્ન થયેલી છે, કર્મના નિમિત્તથી થયેલો જે વિભાવ, તેનાથી થયેલી દેવાદિ ચારે ગતિ અધ્રુવ છે; ને આ પંચમગતિ તો સ્વભાવભાવરૂપ હોવાથી ધ્રુવ છે, તેમાં હવે વિનાશીકતા નથી, એ સાદિઅનંત એવીને એવી ટકી રહેશે. ચારે વિભાવગતિઓને અને તેના કારણરૂપ વિભાવભાવોને મારા આત્મામાંથી કાઢી નાખીને આવા સિદ્ધભગવંતોને સ્થાપ્યા છે, એટલે હવે પરિણતિનો પ્રવાહ વિભાવમાંથી પાછો વળીને સ્વભાવ તરફ વળ્યો છે, વ્યવહાર અને નિમિત્તનું ઉપાદેયપણું કાઢી નાખીને **એકલા સ્વભાવનું જ ઉપાદેયપણું દ્રષ્ટિમાં લીધું છે. જુઓ આ સિદ્ધપદના સાધકનું માંગળિક! "પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય" તેમ સિદ્ધપદને સાધવા જે ઊભો થયો તેના આવા લક્ષણ શરૂઆતમાં જ હોય છે."**

**"કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ"**

આત્માના સ્વભાવ સિવાય બીજું કોઈ ( રાગ કે વિકલ્પ ) તેનું માહાત્મ્ય લઈ જાય એમ નથી; તેના અંતરમાં એક શુદ્ધ આત્માનું જ માહાત્મ્ય વસ્યું છે. એનાથી અધિક જગતમાં બીજી કોઈ વસ્તુનું માહાત્મ્ય તેને આવી જાય–એમ બનતું નથી. "સિદ્ધ–સિદ્ધ" નાં ભણકાર કરતો જાગ્યો તે બીજે ક્યાંય રાગાદિમાં અટકતો નથી. જુઓ, **આ સિદ્ધપદ માટે સાધકના મહા માંગળિક!**

કેવળી અને શ્રુતકેવળી ભગવંતોએ કહેલ આ સમયપ્રાભૃતને હું મારા અને પરના મોહના નાશ માટે કહીશ. સિધ્ધસમાન આત્માને ધ્યેયરૂપે રાખીને આ શરૂ કર્યું છે માટે ધ્યેયને ચૂકશો નહીં. આચાર્યદેવને પોતાને તો મિથ્યાત્વાદિ મોહનો નાશ થયો છે, પણ હજી જરાક સંજ્વલન કષાય બાકી છે તેનો નાશ કરવા માટે આ સમયસારનું પરિભાષણ કરે છે, અને શ્રોતામાં જેને જે પ્રકારનો મોહ હોય તેના નાશને માટે આ શ્રવણ કરજો....એટલે વક્તા અને શ્રોતામાં જેને જે પ્રકારે મોહ હોય તેના નાશને માટે આ સમયસાર શરૂ કરવામાં આવે છે. આ સમયસાર સમજે તેના મોહનો નાશ થઈ જશે–ને તે સિદ્ધપદને પામશે એમ આચાર્યદેવના કોલકરાર છે.

# "મા, મને ચાંદલિયો વહાલો...."



(આ વખતે ગુરુદેવના પ્રવચનમાંથી રામચંદ્રની એક અસલ મજાની કથાં રજુ થાય છે– )

નાનપણમાં ભણતાં ત્યારે બાળપોથીમાં એક કવિતા આવતી કે

'મા ! મને ચાંદલિયો વહાલો, 'મા ! મારા ગજવામાં આલો.'


એમાં રામચંદ્રના બાલ્યજીવનનો એક પ્રસંગ છે.

રામચંદ્રજી નાના હતા ત્યારે એકવાર રાજમહેલની અગાશીમાં બેઠેલા, આકાશમાં પૂનમનો ચંદ્ર ખીલી રહ્યો હતો....રામની દ્રષ્ટિ ચંદ્ર ઉપર પડી ને એના મનમાં ઉમળકો જાગ્યો કે આ ચાંદો કેવો ચમકે છે ! હું એને ઉપરથી ઉતારીને મારા ગજવામાં મૂકું !–આવા ઉમળકાથી રામ તો ચંદ્ર સામે હાથ લંબાવવા લાગ્યા....પણ ચન્દ્ર હાથમાં ન આવ્યો એટલે રડવા લાગ્યા.....તેને છાનો રાખવા માટે સૌએ ઘણી મહેનત કરી.....પણ આ તો રામની હઠ.....ને તે ચાંદા માટે....એ ચંદ્રને લીધા વગર કેમ છાના રહે ! કોઈ રીતે છાના ન રહે.....

અંતે પ્રધાનજી આવ્યા....તેમણે જોયું કે આ રામચંદ્રજી ચાંદા સામે હાથ લંબાવીને રડે છે....તરત તે સમજી ગયા કે હં....એને ચાંદો જોઈએ છે ! તેમણે એક સ્વચ્છ અરીસો મંગાવ્યો ને બરાબર ચંદ્ર સામે રાખીને રામચંદ્રના હાથમાં આપ્યો....રામચંદ્રજીએ અરીસામાં જોયું ને અરીસામાં ચંદ્રને જોતાં જ તેઓ પ્રસન્ન થયા......

આ છે રામચંદ્રજીનું દ્રષ્ટાંત; રામચંદ્રજી ધર્માત્મા હતા; તેમના આ પ્રસંગ ઉપરથી ધર્મીના કેવા ભાવ હોય તે સિદ્ધાંત સમજવાનો છે...... ( તે માટે સામે પાને જુઓ )

# મને મારું સિદ્ધ પદ વહાલું



સિદ્ધ ભગવાનના પરમ સુખની વાત સાંભળતાં જિજ્ઞાસુને સિદ્ધપદની ભાવના જાગી...તે સિદ્ધ ભગવાન સામે જોઈને બોલાવે છે કે હે સિદ્ધ ભગવંતો ! અહીં પધારો ! પણ સિદ્ધ ભગવંતો તો ઉપર, તે કાંઈ ઉપરથી નીચે આવે ? ન આવે; ને સિદ્ધ ભગવાનને અહીં ઉતાર્યા વગર જિજ્ઞાસુને સમાધાન થાય નહિ.

અંતે, કોઈ અનુભવી ધર્માત્મા એને મળ્યા, ને એને કહ્યું કે તું તારામાં જો–તો તને સિદ્ધપદ દેખાશે. તારા જ્ઞાનદર્પણને સ્વચ્છ કરીને તેમાં જો.....તો તને સિદ્ધ ભગવાન તારામાં જ દેખાશે. જ્યાં અંતર્મુખ થઈને સમ્યગ્જ્ઞાનરૂપ દર્પણમાં જોયું ત્યાં તો પોતામાં સિદ્ધ દેખાણા; પોતાનું સ્વરૂપ જ સિદ્ધપણે દેખાયું..... પોતાના આત્માને જ સિદ્ધસ્વરૂપે દેખતાં ધર્મી જીવને પરમ પ્રસન્નતા થઈ, પરમ આનંદ થયો.......

આનો સાર એ છે કે હે જીવ ! તારું સિદ્ધપદ તારી પાસે જ છે, બહારમાં નથી.


માટે તારું પદ તારામાં જ શોધ. અંતર્મુખ થા.

( કથા પૂરી....બોલો, ભગવાન રામચંદ્રકી.......જે )


આ ત મ રા મ કી જે.........

*

# પર્યુષણ પર્વ દસલક્ષણ ધર્મ





આત્માના ધર્મની પરિ–ઉપાસના, સર્વ પ્રકારે ઉપાસના કરવી, એટલે કે રત્નત્રયધર્મની ઉત્કૃષ્ટ આરાધના કરવી, એનું નામ પર્યુષણ–પર્વ, આરાધના નિજાત્માના જ આશ્રયે છે, એટલે કોઈ અમુક કાળે કે અમુક દિવસે જ આરાધના થાય ને પછી ન થાય એવું નથી. જ્યારે અને જ્યાં જે જીવ સ્વદ્રવ્યનો જેટલો આશ્રય કરે છે ત્યારે અને ત્યાં તે જીવને તેટલી ધર્મની ઉપાસના થાય છે. હવે આપણા શાસનમાં જે વિશિષ્ટ પર્વના દિવસો છે તે આવા રત્નત્રયધર્મની ઉપાસના માટે વિશેષ જાગૃતિ–વિશેષ પ્રેરણા ને વિશેષ ભાવના થાય, તથા વિશેષ પ્રકારે ધર્મપ્રભાવના થાય, તે હેતુથી છે. આપણા પવિત્ર પર્વોની પાછળ રહેલો ધર્મની આરાધનાનો આ ઉદ્દેશ આપણે ભૂલવો ન જોઈએ, અને જીવનમાં સદાય ધર્મની આરાધના કેમ થાય–તેમાં પુષ્ટિ ને વૃદ્ધિ કેમ થાય–તે માટે સતત જાગૃત ને ઉદ્યમશીલ રહેવું જોઈએ. જે જીવો ધર્મની આરાધનારૂપે પરિણમ્યા છે તેમના આત્મામાં તો સદાય ધર્મનું પર્વ છે, એને સદાય પર્યુષણ છે. એવા ધર્માત્માના દર્શન ને સત્સંગ જિજ્ઞાસુને ધર્મઆરાધનાની મંગલ પ્રેરણા આપી રહ્યા છે.

પર્યુષણપર્વના દિવસો ભાદરવા માસમાં નજીક આવી રહ્યા છે,–ત્યાર પહેલાં જ આત્માને આરાધનાવડે તૈયાર કરીને એવો પર્યુષણામય કરી દઈએ કે, ભાદરવો માસ વીતી જાય તોપણ આત્મામાં ‘પર્યુષણા’ ચાલુ જ રહે, આત્મામાં ધર્મની ઉપાસના સદાય વર્ત્યા જ કરે.

પાઠકો અને બાળકો ! પર્યુષણ દરમિયાન અને ત્યાર પહેલાં અત્યારથી જ ‘રાત્રિ ભોજન ત્યાગ’નો નિર્ણય કરો. રાત્રિભોજન એ મોટો દોષ છે. તેનો ત્યાગ કરો.

# આત્મગુણની
# મીઠી-મધુરી વાત

*

**જ્યાં ચેતન ત્યાં સર્વ ગુણ, કેવળી બોલે એમ;**
**પ્રગટ અનુભવ આત્મનો, નિર્મળ કરો સપ્રેમ....રે...**
**ચૈતન્યપ્રભુ ! અમૃત વરસ્યા છે તારા આત્મમાં**

**યોગસારની આ ૮૫ મી ગાથા ગુરુદેવને ઘણી પ્રિય છે, અવારનવાર તેના રટણ દ્વારા તેઓ ચૈતન્યરસનું ઘોલન કરે છે....ને જ્યારે પ્રવચનમાં મધુરી હલકપૂર્વક તેનું વિવેચન કરે છે ત્યારે ચૈતન્યના અમૃતરસમાં તરબોળ બનીને શ્રોતાજનો ડોલી ઊઠે છે, અહીં તેની થોડીક ઝલક આપી છે.**

હે જીવ ! તારા ચેતનને ગ્રહણ કરતાં તેમાં સર્વે ગુણોનું ગ્રહણ થઈ જાય છે. અનંતગુણની અનુભૂતિ–તેમાં વિકલ્પને અવકાશ નથી.

જગતમાં જે કોઈ સુંદરતા હોય, જે કોઈ પવિત્રતા હોય, તે બધી તારા આત્મામાં ભરી છે. એક આત્મામાં અંતુર્મુખદ્રષ્ટિ કરીને અનુભવ કરતાં, તેમાં અનંતગુણોની નિર્મળતા એક સાથે પ્રગટે છે. ચેતનમય આત્માની અનુભૂતિમાં સર્વે ગુણોની અનુભૂતિ આવી જાય છે. એક પર્યાયમાં બધા ગુણોનો સ્વાદ ભેગો છે. એકેક ગુણની ગણતરીથી આત્માના અનંતગુણને પકડવા માંગે તો અનંતકાળેય તે પકડાય નહિ; અનંતગુણથી અભેદ આત્મામાં ઉપયોગ મુકતાં અનંતગુણો સ્ફૂટ–પ્રગટ અનુભવાય છે. ભાઈ, આવા આત્માના અનુભવની હોંશ ને ઉત્સાહ કર. વિકલ્પની રાગની કે બહારની હોંશ કરતાં તારા અનંતગુણના પિંડનો અનાદર થાય છે. અરે, અનંત ગુણ તારામાં ભર્યા છે, જેનુ ગ્રહણ વિકલ્પ વડે થઈ ન શકે. માટે નિશ્ચલ થઈને,

બાહ્યમાંથી ઉપયોગને સમેટીને અંતરમાં ઉપયોગને લગાવ! અંતરમાં ઉપયોગ જોડતા જ ધ્યાનમાં સ્ફૂટપણે સ્પષ્ટપણે પ્રગટપણે અનંત ગુણોની નિર્મળતાનો અનુભવ થાય છે, મોક્ષમાર્ગ તેમાં સમાઈ જાય છે. અહા, અનંતગુણનો અનુભવ તેના અતીન્દ્રિય આનંદની શી વાત!

સમ્યગ્દર્શન થતાં આવી દશા થઈ જાય છે. સમ્યગ્દર્શનની ગંભીરતાની લોકોને ખબર નથી. જ્યાં અનંતગુણોનો દરિયો એકસાથે નિર્મળપણે ઉલ્લસ્યો છે, ને જેમાં કોઈ વિકલ્પના પ્રવેશનો અવકાશ નથી, એવી અનુભૂતિ સમ્યગ્દ્રષ્ટિને થાય છે.

ભાઈ, એકવાર તારી દ્રષ્ટિને રાગ ઉપરથી ઊઠાડીને તારા અનંતગુણના પિંડ ઉપર દ્રષ્ટિ મુક. કેવળીભગવાને જે અનંતગુણો જોયા છે તે બધાય ગુણો તારામાં ભર્યા છે, સિદ્ધભગવંતોને જેટલા પવિત્ર ગુણો પ્રગટયા છે તે બધાય ગુણો તારા આત્મામાં વિદ્યમાન છે. તેનો પરમ પ્રેમ કરીને પ્રગટ અનુભવ કર. તેના અનુભવથી આત્મામાં આનંદના અમૃત વરસશે. વાહ! આત્માના અનંતગુણ બતાવીને સંતોએ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે.

જ્યાં ચેતન ત્યાં અનંતગુણ, કેવળી બોલે એમ;<br>
પ્રગટ અનુભવ આતમા, નિર્મળ કરો સપ્રેમ રે......ચેતન્યપ્રભુ......<br>
ચૈતન્યસંપદા રે તારા ધામમાં....<br>
અમૃત વરસ્યા રે પંચમકાળમાં......

ચૈતન્યનો પરમ પ્રેમ પ્રગટ કરતા પરમ સમભાવરૂપ સામાયિક થાય છે, પરભાવોના પરિત્યાગરૂપ પ્રતિક્રમણ થાય છે; સમસ્ત દોષનો છેદ થઈને નિર્મળતા પ્રગટે છે. આ રીતે અંતરસ્વરૂપની અનુભૂતિમાં સર્વે ગુણો પ્રગટ થાય છે. અહા, અનુભૂતિમાં શું બાકી રહે છે! આખો આત્મા પોતાની સમસ્ત સંપદાસહિત અનુભૂતિમાં સમાઈ જાય છે. આવી અનુભૂતિ કરે ત્યારે જ કેવળી ભગવાનની પરમાર્થ સ્તુતિ થાય છે; ત્યારે જ જ્ઞાનીની ખરી ઓળખાણ થાય છે.

ભગવાન કહે છે કે, ભાઈ! રાગથી ભિન્ન થઈને અનંતગુણવાળા તારા આત્માનો અનુભવ કર તો અમારી સાચી સ્તુતિ તેં કરી. બાકી વિકલ્પના મહિમાંમાં અટકી જાય તો તે સર્વજ્ઞની ખરી સ્તુતિ જાણતો નથી. સમસ્ત આરાધના શુદ્ધ ચૈતન્યની અનુભૂતિમાં જ સમાય છે. ભગવાન એમ નથી કહેતા કે તું અમારી સામે જોયા કર ને વિકલ્પ કર્યા કર; ભગવાન તો કહે છે કે તું તારી સામે જો કેમકે જેવા ગુણો અમારામાં છે એવા અનંતગુણો તારામાં છે. આમ અંતર્મુખ સ્વભાવમાં નમવું તે જ સાચી ગુરુવંદના ને તે જ સાચી ગુરુભક્તિ છે.

અહા, આત્માના ગુણની મીઠી–મધુરી વાત સંતો સંભળાવે છે. અરે જીવ! પરમ પ્રીતિથી તારા ગુણનું શ્રવણ કરીને તેને અનુભવમાં લે. પહેલાં તો તેનો એવો ઉલ્લાસ પ્રગટાવ કે બીજા બધાનો ઉલ્લાસ છૂટી જાય.

ને પરિણતિનું લક્ષ અંતરગુણોમાં ઘુસી જાય. આવા આત્માની અનુભૂતિ કરતાં તારી પરિણતિમાં અનંતગુણની અમૃતધારા વરસશે. હાકલ કરીને એકલો અંતરના માર્ગે હાલ્યો જા.

જગતમાં ક્યાંય ન ગમે તો અંતરમાં જા! એકવાર બેનોએ કહ્યું હતું કે ક્યાંય ન ગમે તો આત્મામાં ગમાડ! ક્યાંય ન ગમે તો આત્મામાં જા.......ત્યાં આનંદ ભર્યો છે એટલે ત્યાં ગમશે. જગતમાં જીવને ગમે એવું સ્થાન હોય તો આત્મા જ છે જગતમાં આત્મા સિવાય બીજે ક્યાંય ગમે તેવું નથી–"જ્યાં ચેતન ત્યાં સર્વ ગુણ" તેમાં તું જા એમ સંતો હાકલ કરે છે. એ હાકલ સૂણીને બીજું કોઈ સાથે ન આવે તો તું એકલોએકલો તે માર્ગે ચાલ્યો જા. એકલો થઈને અંતરમાં આત્માના આનંદને અનુભવ.

અરે, અનુભવમાં જ્યાં ઇન્દ્રિયો અને મનનોય સાથ નથી, ત્યાં બીજાની શી વાત! એકલો થઈને (વિકલ્પ વગરનો થઈને) એકત્વસ્વરૂપ આત્માને અનુભવમાં લે. આત્મા આત્માદ્વારા જ અનુભવમાં આવે છે, માટે સર્વસંગરહિત થઈને એકલો–એકલો સ્વભાવનું જ ઘોલન કર.....તેમાં જ પરિણતિને વારંવાર જોડ....તને શીઘ્ર મુક્તિની સિદ્ધિ થશે....પ્રગટ આનંદનો અનુભવ થશે.

શ્રાવકને કહે છે કે હે શ્રાવક! તારા ઉપયોગને આત્મસ્વરૂપમાં જોડીને શુદ્ધરત્નત્રયને ભજ! એ જ રત્નત્રયની પરમ ભક્તિ છે. શુદ્ધ આત્માને ભજતાં અનંત ગુણનું સેવન એક સાથે થાય છે કેમકે 'જ્યાં ચેતન ત્યાં સર્વ ગુણ.' અનંત ગુણનો અદ્‌ભુત ચૈતન્યરસ સ્વાનુભવમાં સમાય છે.

> અહો, મારા હૃદયમાં સ્ફૂરાયમાન આ નિજઆત્મગુણસંપદા કે જે સમાધિનો વિષય છે તેને મેં પૂર્વે એક ક્ષણ પણ ન જાણી. ખરેખર, ત્રણલોકમાં વૈભવના પ્રલયના હેતુભૂત દુષ્કર્મોની પ્રભુત્વગુણશક્તિથી અરેરે, હું સંસારમાં માર્યો ગયો છું. પરંતુ હવે મારા આત્માની પ્રભુત્વશક્તિની સંભાળ વડે હું કર્મોની શક્તિને હણીને મારા સિદ્ધપદને સાધીશ.

# ગૃહસ્થપણું દાનથી જ શોભે છે

**ધર્મની પ્રભાવના વગેરે માટે દાન કરવાનો પ્રસંગ આવે ત્યાં ધર્મના પ્રેમી જીવનું હૃદય થનગણાટ કરતું ઉદારતાથી ઊછળી જાય કે અહો, આવા ઉત્તમ કાર્ય માટે જેટલું ધન વપરાય તેટલું સફળ છે. જે ધન પોતાના હિત માટે કામ ન આવે ને પાપબંધનું જ કારણ થાય-એ ધન શા કામનું? એવા ધનથી ધનવાનપણું કોણ કહે? સાચો ધનવાન તો એ છે કે ઉદારતાપૂર્વક ધર્મકાર્યમાં પોતાની લક્ષ્મી વાપરે છે.( શ્રાવકધર્મ ઉપરના પ્રવચનમાંથી )**

મનુષ્યોનું ગૃહસ્થપણું દાન વડે જ ગુણકારી છે, તથા દાનવડે જ આલોક તથા પરલોક બંનેનો ઉદ્યોત થાય છે; દાન વગરનું ગૃહસ્થપણું તો બંને લોકનો ધ્વંસ કરનારું છે ગૃહસ્થને સેંકડો પ્રકારના દુર્વ્યાપારથી જે પાપ થાય છે તેનો નાશ દાન વડે જ થાય છે, ને દાન વડે ચંદ્રસમાન ઉજ્વળ યશ પ્રાપ્ત થાય છે. આ રીતે પાપનો નાશ ને યશની પ્રાપ્તિ માટે ગૃહસ્થને સત્પાત્રદાન સમાન બીજું કાંઈ નથી. માટે પોતાનું હિત ચાહનારા ગૃહસ્થોએ દાન વડે જ ગૃહસ્થપણું સફળ કરવું જોઈએ.


દેવ–ગુરુ–શાસ્ત્ર તરફના ઉલ્લાસથી સંસાર તરફનો ઉલ્લાસ ઘટાડે છે ત્યાં દાનાદિનો શુભભાવ આવે છે, એટલે ગૃહસ્થે પાપ ઘટાડીને શુભભાવ કરવો–એવો ઉપદેશ છે. તું શુભભાવ કર એવો ઉપદેશ વ્યવહારમાં હોય છે. પરમાર્થમાં તો રાગનુંય કર્તૃત્વ આત્માના સ્વભાવમાં નથી. રાગના કણિયાનુંય કર્તૃત્વ માને કે તેનાથી મોક્ષમાર્ગ માને તો મિથ્યાદ્રષ્ટિ છે. એમ શુદ્ધદ્રષ્ટિના વર્ણનમાં આવે; એવી દ્રષ્ટિપૂર્વક રાગની ઘણી મંદતા ધર્મીને હોય છે. રાગ વગરનો સ્વભાવ દ્રષ્ટિમાં લ્યે ને રાગ ઘટે નહિ એમ કેમ બને? અહીં કહે છે કે જેને દાનાદિના શુભભાવનુંય ઠેકાણું નથી એકલા પાપભાવમાં જે પડયા છે તેની તો આ લોકમાંય શોભા નથી ને પરલોકમાંય તેને સારી ગતિ મળતી નથી. પાપથી બચવા માટે પાત્રદાન જ ઉત્તમ માર્ગ છે. મુનિવરોને તો પરિગ્રહ જ નથી, એમને તો અશુભ પરિણતિ છેદાઈ ગઈ છે ને ઘણી આત્મરમણતા વર્તે છે, એમની તો શી વાત? અહીં તો ગૃહસ્થને માટે ઉપદેશ છે. જેમાં અનેક પ્રકારના પાપના પ્રસંગ છે એવા ગૃહસ્થપણામાં પાપથી બચવા પૂજા–દાન–સ્વાધ્યાય વગેરે કર્તવ્ય છે. તીવ્રલોભીપ્રાણીને સંબોધીને કાર્તિકસ્વામી તો કહે છે કે અરે જીવ! આ લક્ષ્મી ચંચળ છે, એની મમતા તું છોડ, તું તીવ્ર લોભથી બીજા માટે

(દેવ–ગુરુ–શાસ્ત્રના શુભકાર્યોમાં) તો લક્ષ્મી નથી વાપરતો, પરંતુ તારા દેહ માટે તો વાપર! એટલી તો મમતા ઘટાડ. એ રીતે પણ લક્ષ્મીની મમતા ઘટાડતાં શીખશે તો ક્યારેક શુભ કાર્યોમાં પણ લોભ ઘટાડવાનો પ્રસંગ આવશે. અહીં તો ધર્મના નિમિત્તો તરફના ઉલ્લાસભાવથી જે દાનાદિ થાય તેની જ મુખ્ય વાત છે. જેને ધર્મનું લક્ષ નથી તે કંઈક મંદરાગ વડે દાનાદિ કરે તો સાધારણ પુણ્ય બાંધે, પણ અહીં તો ધર્મના લક્ષ સહિતનાં પુણ્યની મુખ્યતા છે, એટલે અધિકારની શરૂઆતમાં જ અરિહન્તદેવની ઓળખાણની વાત લીધી હતી. શાસ્ત્રમાં તો જ્યારે જે પ્રકરણ ચાલતું હોય ત્યારે તેનું વિસ્તારથી વર્ણન કરે, બ્રહ્મચર્ય વખતે બ્રહ્મચર્યનું વર્ણન કરે, ને દાન વખતે દાનનું વર્ણન કરે; મૂળભૂત સિદ્ધાંત લક્ષમાં રાખીને દરેક કથનના ભાવ સમજવા જોઈએ.

લોકોમાં તો જેની પાસે ઘણું ધન હોય તેને લોકો ધનવાન કહે છે; પરંતુ શાસ્ત્રકાર કહે છે કે જે લોભી છે એની પાસે ગમે તેટલું ધન પડયું હોય તો પણ તે ધનવાન નથી પણ રંક છે, કેમકે જે ધન ઉદારતાપૂર્વક સત્કાર્યમાં વાપરવા માટે કામ ન આવે, પોતાનાં હિતને માટે કામ ન આવે ને એકલા પાપબંધનું જ કારણ થાય એ ધન શા કામનું? ને એવા ધનથી ધનવાનપણું કોણ માને? સાચો ધનવાન તો એ છે કે જે ઉદારતાપૂર્વક પોતાની લક્ષ્મીને દાનમાં વાપરે છે. ભલે લક્ષ્મી થોડી હોય પણ જેનું હૃદય ઉદાર છે તે ધનવાન છે. ને લક્ષ્મીના ઢગલા હોવા છતાં જેનું હૃદય ટૂંકું છે–કંજુસ છે તે દારિદ્રિ છે. એક કહેવત છે કે–

રણે ચડયા રજપૂત છૂપે નહિ.....
દાતા છૂપે નહિ ઘર માંગણ આયા...

જેમ યુદ્ધમાં ખાંડાના ખેલનો પ્રસંગ આવે ત્યાં રજપૂતની શૂરવીરતા છાની રહે નહિ; એ ઘરના ખુણે સંતાઈને બેસી ન રહે, એનું શૌર્ય ઊછળી જાય, તેમ જ્યાં દાનનો પ્રસંગ આવે ત્યાં ઉદારદિલના માણસનું હૃદય છાનું ન રહે; ધર્મના પ્રસંગમાં પ્રભાવના વગેરે માટે દાન કરવાનો પ્રસંગ આવે ત્યાં ધર્મના પ્રેમી જીવનું હૃદય થનગણાટ કરતું ઉદારતાથી ઊછળી જાય; એ છટકવાના બહાનાં ન કાઢે, કે એને પરાણે પરાણે કહેવું ન પડે, પણ પોતાના જ ઉત્સાહથી તે દાનાદિ કરે કે અહો! આવા ઉત્તમ કાર્યમાં જેટલું દાન કરું તેટલું ઓછું છે. મારી જે લક્ષ્મી આવા કાર્યમાં વપરાય તે સફળ છે. આ રીતે શ્રાવક દાનવડે પોતાનું ગૃહસ્થપણું શોભાવે છે.



પરમ શાંતિ દાતારી

# અધ્યાત્મભાવના

આત્મધર્મની સહેલી લેખમાળા

લેખ નં. ૩૯ ) ( અંક ૨૩૭A થી ચાલુ

**ભગવાનશ્રી પૂજ્યપાદસ્વામીરચિત ‘સમાધિશતક’ ઉપર પૂ. કાનજીસ્વામીનાં અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.**

**( વીર સં. ૨૪૮૨ અષાડ વદ-છઠ્ઠ-સાતમ સમાધિશતક ગા. ૭૧ )**

ભેદવિજ્ઞાનવડે આત્માને સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન જાણીને તેમાં જે એકાગ્રતા કરે છે તેને જ નિયમથી મુક્તિ થાય છે, અને તેમાં જે એકાગ્રતા નથી કરતો તેને મુક્તિ થતી નથી–એમ હવે કહે છે–

मुक्तिरेकान्तिकी तस्य चिते यस्याचला धृतिः।
तस्य नैकान्तिकी मुक्तिर्यस्य नास्त्यचला धृतिः।।७१।।

ચૈતન્યસ્વરૂપમાં જે અચલપણે એકાગ્રતા કરે છે તેને જ નિયમથી–એકાંત મુક્તિ થાય છે, ને એ સિવાય વ્યવહારમાં જે એકાગ્રતા કરે છે તેને મુક્તિ થતી નથી, આવો અનેકાન્ત છે. આ રીતે શુદ્ધોપયોગથી જ મુક્તિ થાય છે, શુભરાગથી કોઈને કદી મુક્તિ થતી નથી.

જુઓ, આ મુક્તિનો નિયમ! સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રવડે જરૂર મુક્તિ થાય છે. એ સિવાય પંચ મહાવ્રતાદિનો શુભ રાગ તે કાંઈ મુક્તિનું કારણ નથી. જ્યાં શુદ્ધ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ હોય ત્યાં દિગંબરપણું વગેરે પણ જરૂર હોય છે, ને ત્યાં જરૂર મુક્તિ થાય છે. પણ જ્યાં શુદ્ધરત્નત્રય નથી ત્યાં મુક્તિ થતી જ નથી. આ રીતે ચૈતન્યસ્વરૂપમાં એકાગ્રતારૂપ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે નિયમથી એકાંતપણે–મોક્ષનું કારણ છે.

પહેલાં તો શરીરાદિથી ભિન્ન ચૈતન્યસ્વરૂપનું જ્ઞાન કર્યું હોય–તેનો દ્રઢ નિર્ણય કર્યો હોય તેને જ તેમાં એકાગ્રતા થઈ શકે. ચૈતન્યરાજાને જાણીને તેની સેવા ( શ્રદ્ધા–જ્ઞાન–એકાગ્રતા ) કરવાથી જરૂર મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે. અહીં તો ‘એકાંતિકી મુક્તિ’ કહીને મોક્ષનો

નિયમ બતાવ્યો કે ચૈતન્યસ્વરૂપની અચલ ધારણા જેના ચિત્તમાં છે તે જ જીવ એકાંત મુક્તિ પામે છે; પરંતુ 'વ્યવહારમાં રાગમાં એકાગ્રતાવાળો જીવ પણ મુક્તિ પામે છે' એમ અનેકાંત નથી. જેનું ચિત્ત સંદેહવાળું છે, કદાચ રાગાદિથી પણ મુક્તિ થશે–એમ જે માને છે, ને રાગથી પાર ચૈતન્યતત્ત્વને અચલપણે શ્રદ્ધા–જ્ઞાનમાં ધાર્યું નથી તે મુક્તિ પામતો નથી જ.

નિયમસાર ( કળશ ૧૯૪ ) માં પદ્મપ્રભમુનિરાજ કહે છે કે–યોગપરાયણ હોવા છતાં પણ જે જીવને કદાચિત ભેદવિકલ્પો ઉત્પન્ન થાય છે તેની અર્હન્તદેવના મતમાં મુક્તિ થશે કે નહિ તે કોણ જાણે ? એટલે કે યોગપરાયણ એવા મુનિઓને પણ જ્યાંસુધી વિકલ્પ છે ત્યાંસુધી મુક્તિ નથી; નિર્વિકલ્પ થઈને સ્વરૂપમાં ઠરશે ત્યારે જ મુક્તિ થશે. જુઓ, આ અર્હન્તદેવે કહેલો મોક્ષમાર્ગ ! વિકલ્પને અર્હન્તદેવે મોક્ષનું સાધન નથી કહ્યું.

અહો ! મુક્તિનું ધામ તો આ ચૈતન્યતત્ત્વ છે, તેમાં એકાગ્ર થયે જ મારી મુક્તિ થવાની છે–આમ નિર્ણય કરે તો અલ્પકાળમાં મુક્તિ થાય. પણ જ્યાં નિર્ણય જ ઊંધો હોય–રાગને ધર્મનું સાધન માનતો હોય–તે રાગમાં એકાગ્રતાથી ખસે શેનો ? ને સ્વભાવમાં એકાગ્રતા કરે ક્યાંથી ? રાગમાં એકાગ્રતાથી તો રાગની ને સંસારની ઉત્પત્તિ થાય, પણ મુક્તિ ન થાય. મુક્તિ તો ચૈતન્યમાં એકાગ્રતાથી જ થાય છે.

અહીં તો સમ્યગ્દર્શન ઉપરાંત ચૈતન્યમાં લીનતાની વાત છે. સમ્યગ્દર્શન પછી પણ જ્યાં સુધી રાગ–દ્વેષથી ચિત્ત અસ્થિર–ડામાડોળ રહે છે ત્યાંસુધી મુક્તિ થતી નથી; રાગદ્વેષ રહિત થઈને અંતરસ્વરૂપમાં લીન થઈને સ્થિર રહે ત્યારે જ મુક્તિ થાય છે. ભૂમિકા અનુસાર ભક્તિ વગેરેનો ભાવ ધર્મીને આવે છે, પણ તે મોક્ષનું કારણ નથી. ચૈતન્યસ્વરૂપમાં લીનતા વગર મુક્તિની પ્રાપ્તિ અસંભવ છે. ।। ૭૧ ।।

લોકસંસર્ગવડે ચિત્તની ચંચળતા રહ્યા કરે છે ને ચૈતન્યમાં સ્થિરતા થતી નથી; માટે લોકસંસર્ગ છોડીને જ અંતરમાં આત્મસ્વરૂપના સંવેદનમાં એકાગ્રતા થાય છે. જે લોકસંસર્ગ છોડતો નથી તેને ચૈતન્યસ્વરૂપમાં એકાગ્રતા થતી નથી. માટે યોગીજનો–સાધક સંતો ચૈતન્યમાં એકાગ્રતા અર્થે લોકસંસર્ગ છોડે છે;–એ વાત ૭૨ મી ગાથામાં કહે છે–

जनेभ्योवाक् ततः स्पन्दो मनसश्चित्तविभ्रमाः।
भवन्ति तस्मात्संसर्ग जनैर्योगी ततस्त्यजेत्।।७२।।

લોકોના સંસર્ગવડે વચનની પ્રવૃત્તિ થાય છે, વચનપ્રવૃત્તિથી મન વ્યગ્ર થાય છે,–ચિત્ત ચલાયમાન–અસ્થિર થાય છે, અને ચિત્તની ચંચળતા થતાં અનેક પ્રકારના વિકલ્પોવડે મન ક્ષુબ્ધ થાય છે; માટે ચૈતન્ય સ્વરૂપમાં સંલગ્ન એવા યોગીઓએ લૌકિકજનોનો સંસર્ગ છોડવો જોઈએ. લૌકિકજનનોના સંસર્ગ વડે ચિત્તની નિશ્ચલતા થઈ શકતી નથી.

અહીં મુખ્યપણે મુનિને ઉદ્દેશીને કથન છે. પણ બધાએ પોતાની ભૂમિકા પ્રમાણે સમજવું. એકાન્તમાં બેસીને આત્માના વિચાર કરવા પણ જે નવરો ન થાય ને ચોવીસે કલાક બહારની પ્રવૃત્તિમાં રચ્યોપચ્યો રહે–તો તે આત્માનો અનુભવ કઈ રીતે કરશે? સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે પણ બે ઘડી જગતથી જુદો પડી, અંતરમાં એકલા ચિદાનંદ તત્ત્વને લક્ષગત કરી સ્વાનુભવનો પ્રયત્ન કરે, ત્યારે સમ્યગ્દર્શન થાય છે. લોકનો સંગ ને મોટાઈ જેને રુચતા હોય, અસંગ ચૈતન્યને સાધવામાં તેના પરિણામ કઈ રીતે વળશે? ભાઈ, લોકસંજ્ઞાએ આત્મા પમાય તેમ નથી. અને સમ્યગ્દર્શન પછી મુનિને પણ જેટલો લોકસંસર્ગ થાય તેટલી મનની અસ્થિરતા થાય છે ને કેવળજ્ઞાનને રોકે છે. સ્વભાવ તરફ વળવા માટે ને તેમાં લીન થવા માટે કહે છે કે લોકોના પરિચયથી મનની વ્યગ્રતા થશે, માટે લોકસંગ છોડીને તારા સ્વરૂપમાં જ તું તત્પર થા. તારો ચૈતન્યલોક તો તારામાં છે, તેનું અવલોકન કર.

અહો, ઊંડી ઊંડી આ ચૈતન્યનિધિ, તેને પ્રાપ્ત કરીને ધર્માત્મા એકલો એકલો અંતરમાં ગુપ્તપણે તેને ભોગવે છે. ધર્માત્માના અંતરના અનુભવ બહારથી દેખાય નહિ. અરે, જગતના લોકોને દેખાડવાનું શું કામ છે? ધર્માત્માનો અંદરનો અલૌકિક અનુભવ અંદરમાં જ સમાય છે. નિયમસારમાં કહે છે કે–જેમ કોઈ માણસ નિધિને પામીને પોતાના વતનમાં રહી તેના ફળને ભોગવે છે તેમ જ્ઞાની પરજનોના સમૂહને છોડીને જ્ઞાનનિધિને ભોગવે છે. લોકોમાં કોઈને નિધાન મળે તો અત્યંત ગુપ્તપણે રહીને તેને ભોગવે છે જેથી કોઈ લઈ ન જાય. તેમ ગુરુપ્રસાદથી પોતાના સહજ જ્ઞાનનિધાનને પામીને જ્ઞાની, સ્વરૂપના અજાણ એવા પરજનોના સમૂહને ધ્યાનમાં વિઘ્નનું કારણ સમજીને છોડે છે. એ રીતે જ્ઞાનની રક્ષા કરે છે ને સ્વઘરમાં ગુપ્તપણે રહીને ધ્યાનગૂફામાં બેઠોબેઠો પોતે એકલો પોતાના આનંદનિધાનને ભોગવે છે.

સમયસારની ૪૯મી ગાથાની ટીકામાં શ્રી જયસેનાચાર્ય કહે છે કે 'અનંત જ્ઞાન–દર્શન–સુખ–વીર્યસ્વરૂપ જે શુદ્ધાત્મા......તે દુર્લભ છે, તે અપૂર્વ છે ને તે જ ઉપાદેય છે એમ સમજીને, શુદ્ધાત્માની નિર્વિકલ્પ સમાધિમાં ઉત્પન્ન થતા સુખામૃતરસની અનુભૂતિ સ્વરૂપ.....ઊંડી ગિરિગૂફામાં બેસીને તેનું ધ્યાન કરવું.

[અનંત ज्ञानदर्शनसुखवीर्यश्च यः स एव शुद्धात्मा दुर्लभः स एवापूर्वः सचैवोपादेय इति मत्वा, निर्विकल्प शुद्धात्मसमाधिसंजात सुखामृतरसानुभूतिलक्षणे गिरि गुहागह्वरे स्थित्वा सर्बतात्पर्येण ध्यातव्य।]

બહારથી જંગલમાં જઈને બેસે ને અંદર હજી ચૈતન્યની અનુભૂતિ શું તે ઓળખે પણ નહિ તો બહારની ગિરિગૂફામાંથી કાંઈ શાંતિ મલી જાય તેમ નથી. માટે કહે છે કે ભાઈ, તારા અંતરમાં શુદ્ધાત્માની અનુભૂતિસ્વરૂપ જે ઊંડી ઊંડી ગિરિગૂફા–તેમાં જઈને શુદ્ધાત્માનું ધ્યાન કર.

ચૈતન્યની ગિરિગૂફા જ શરણરૂપ છે. લૌકિકમાં પણ સિંહ વગેરેના ભયથી બચવા ગૂફાનું શરણ લ્યે છે. જુઓ, સતી અંજના ઉપર કલંક આવ્યું ને જંગલમાં ગઈ ત્યારે ચાલતાં ચાલતાં થાકી જાય છે, ત્યારે તેની વસંત સખી તેને કહે છે કે હે દેવી! બહારમાં હિંસકપશુઓનો ભય છે માટે નજીકમાં ગૂફા છે–તેનું શરણ લે. આમ વિચારી જ્યાં 'નજીકની' ગૂફામાં પ્રવેશ કરે છે ત્યાં તો ધ્યાનમાં બેઠેલા એક મુનિ દીઠા. મુનિને દેખતાં જ અંજનાના આનંદનો પાર ન રહ્યો. અહો! આવા જંગલમાં મહામુનિના દર્શન થયા.... જાણે પિતા મળ્યા.....ને જગતના દુઃખ ભૂલાઈ ગયા. તેમ સંસારના દુઃખથી થાકેલા જીવને બાહ્યવૃત્તિમાં તો રાગ–દ્વેષ ને કષાયોની આકુળતા છે, ભય છે; જ્ઞાની કહે છે કે હે ભવ્ય! તું અંતર્મુખ થા.....ને તારી ચૈતન્યગૂફામાં શરણ લે; એ ચૈતન્યગૂફા દૂર નથી પણ નજીક જ છે. પછી જ્યાં ધ્યાનવડે અંતરની ચૈતન્યગૂફામાં પ્રવેશ કર્યો ત્યાં તો મહા આનંદરૂપ ચૈતન્યભગવાનના દર્શન થયા.....

**ચાર અક્ષરનું મારું નામ હું એક મહાપુરુષ**

મનમાં એનો એક ભાગ છે પણ તનમાં નથી.
હાસ્યમાં એનો એક ભાગ છે પણ શોકમાં નથી.
વીસમાં એનો એક ભાગ છે પણ ચાલીશમાં નથી.
રસમાં એનો એક ભાગ છે પણ બસમાં નથી.

**તીર્થંકર ભગવાનને શોધી કાઢો.**

સિદ્ધપુર
મંદારગિરિ
ધરમપુર
રમ્યનગર

આ ચાર નગરીમાં રહેલા એક તીર્થંકરને શોધી કાઢો.

(–કમલેશ જૈન. નં. ૧૫૨)

# શ્રાવણ માસના મંગલ દિવસો

| | | |
|---|---|---|
| સુદ ૨ | સુમતિનાથ–ગર્ભકલ્યાણક........... | (વિનિતાનગરી) |
| સુદ ૭ | (મોક્ષસપ્તમી) પાર્શ્વનાથ–મોક્ષકલ્યાણક..... | (સમ્મેદશિખર) |
| સુદ ૧૫ | શ્રેયાંસનાથ–મોક્ષકલ્યાણક............ | (સમ્મેદશિખર) |
| સુદ ૧૫ | (રક્ષાપૂર્વ) અંકપનાદિ ૭૦૦ મુનિની રક્ષા..... | (હસ્તિનાપુર) |
| વદ ૨ | વાસુપૂજ્ય–કેવળજ્ઞાન વગેરે......... | (ચંપાપુર–મંદારગિરિ) |
| વદ ૭ | શાંતિનાથ–ગર્ભકલ્યાણક................ | (હસ્તિનાપુર) |

# ભગવાન ઋષભદેવ

## તેમના છેલ્લા દસ અવતારની કથા

**( મહા પુરાણના આધારે લે બ્ર. હરિલાલ જૈનઃ લેખાંક પાંચમો )**

સોનગઢ–જિનમંદિરમાં એક ચિત્રમાં, ઋષભદેવ ભગવાનનો આત્મા પૂર્વે સાતમા ભવે ભોગભૂમિમાં પ્રીતિંકર મુનિરાજના ઉપદેશથી સમ્યગ્દર્શન પામે છે–એનું દ્રશ્ય છે; તેના અનુસંધાનમાં ઋષભદેવ ભગવાનના છેલ્લા દસ અવતારોનું આ વર્ણન ચાલે છે. અગાઉના ચાર લેખોમાં પ્રસિદ્ધ થયેલ કથાનો ટૂંક સાર આ પ્રમાણે છેઃ ઋષભદેવ ભગવાનનો જીવ પૂર્વે દસમા ભવે મહાબલ રાજા હતો. અને ત્યાં સ્વયંબુદ્ધમંત્રીના ઉપદેશથી તેને જૈનધર્મનો પ્રેમ થયો હતો; ત્યાર પછી ( નવમા ભવે ) તે સ્વર્ગનો ‘લલિતાંગ’ દેવ થયો અને ત્યાં ‘સ્વયંપ્રભા’ દેવી સાથે તેને સંબંધ થયો. ત્યારપછી ( આઠમા ભવે ) તે લલિતાંગ અને સ્વયંપ્રભા અનુક્રમે વજ્જંઘરાજા અને શ્રીમતી રાણી થયા, ને મુનિવરોને આહારદાન કરીને ભોગભૂમિમાં જુગલીયા–દંપતી તરીકે અવતર્યા. ભોગભૂમિના આ ( સાતમા ) ભવમાં પ્રીતિંકર મુનિરાજના પરમ અનુગ્રહથી તેઓ બંને સમ્યગ્દર્શન પામ્યા. ભોગભૂમિનું આયુષ્ય પૂરું થતાં તેઓ બંને ઈશાનસ્વર્ગમાં ઉપજ્યા. ત્યાર પછીની તેમની કથા હવે આગળ ચાલે છે........




### ( ૫ ) ઋષભદેવનો પૂર્વનો છઠ્ઠો ભવઃ શ્રીધરદેવ

ભોગભૂમિનું આયુષ્ય પૂર્ણ થતા આપણા ચરિત્રનાયક ઋષભદેવનો જીવ ઈશાનસ્વર્ગના શ્રીપ્રભ–વિમાનમાં શ્રીધર નામનો દેવ થયો; અને આર્યા–શ્રીમતીનો ( શ્રેયાંસકુમારનો જીવ પણ સમ્યગ્દર્શનના પ્રભાવથી સ્ત્રીપર્યાયનો છેદ કરીને તે જ ઈશાનસ્વર્ગના સ્વયંપ્રભ–

વિમાનમાં સ્વયંપ્રભ નામનો દેવ થયો. સિંહ, નોળિયો, વાંદરો અને ભૂંડ એ ચારેના જીવો પણ ભોગભૂમિનું આયુષ્ય પૂર્ણ કરીને તે ઈશાનસ્વર્ગમાં જ મહાન ઋદ્ધિના ધારક દેવો થયા; તેમનાં નામ–ચિત્રાંગદ, મણિકુંડલ, મનોહર અને મનોરથ. ( સિંહ, નોળિયો, વાંદરો ને ભૂંડ–આ ચારે જીવો આગળ જતાં ઋષભદેવની સાથે રહેશે ને તેમની સાથે મોક્ષ પામશે. વાનરનો જીવ તેમનો ગણધર થશે. ) મહાન ઋદ્ધિધારક શ્રીધરદેવ પોતાના વિમાનમાં જિનપૂજા, તીર્થંકરોના કલ્યાણક વગેરે અનેક ઉત્સવ કરતો હતો, અને સુખભોગની સામગ્રીથી પ્રસન્નચિત્ત રહેતો હતો.

આગામી કાળમાં જે તીર્થંકર થનાર છે એવા તે શ્રીધરદેવે એક દિવસ અવધિજ્ઞાનનો પ્રયોગ કરતાં તેને માલુમ પડયું કે અમારા ગુરુ શ્રી પ્રીતિંકર મુનિરાજ હાલ વિદેહક્ષેત્રમાં શ્રીપ્રભ પર્વત ઉપર બિરાજમાન છે અને તેમને કેવળજ્ઞાન પ્રગટ થયું છે. અહો, સંસારના સર્વે જીવો ઉપર કરુણા કરનાર, અને ભોગભૂમિમાં આવીને પરમ અનુગ્રહપૂર્વક અમને સમ્યક્ત્વ પમાડનાર આ પ્રીતિંકર મુનિરાજ અમારા મહાન ઉપકારી છે. તેઓ આજ કેવળજ્ઞાન પામીને સર્વજ્ઞ થયા, અરિહંત થયા; ધન્ય એમનો અવતાર! અમે પણ આત્માની સાધના પૂર્ણ કરીને ક્યારે કેવળજ્ઞાન પામીએ!! આમ અત્યંત ભક્તિપૂર્વક શ્રીધરદેવે પ્રીતિંકર કેવળીને નમસ્કાર કર્યા; અને તેમની પૂજા કરવા માટે તથા કેવળજ્ઞાનનો ઉત્સવ કરવા માટે સ્વર્ગની દૈવી સામગ્રી લઈને તેમની સન્મુખ ગયો. શ્રીપ્રભ પર્વત ઉપર જઈને ઘણી ભક્તિથી સર્વજ્ઞ–પ્રીતિંકરમહારાજની પૂજા કરી, નમસ્કાર કર્યા, તથા તેમની દિવ્યવાણીમાં ધર્મનું સ્વરૂપ સાંભળ્યું. અને પછી નીચે પ્રમાણે પોતાના મનની વાત પૂછીઃ–

( ઋષભદેવ ભગવાનનો જીવ શ્રીધરદેવ પ્રીતિંકર કેવળીને પૂછે છે– )

હે પ્રભો! મહાબલરાજાના મારા ભવમાં મારે ચાર મંત્રીઓ હતા, તેમાં એક આપ ( સ્વયંબુદ્ધમંત્રી ) સમ્યગ્દ્રષ્ટિ હતા ને આપે મને જૈનધર્મનો બોધ આપ્યો હતો; બીજા ત્રણ મંત્રીઓ મિથ્યાદ્રષ્ટિ હતા, તેઓ અત્યારે કઈ ગતિમાં ઊપજ્યા છે! ને ક્યાં છે?

સર્વજ્ઞદેવ પોતાના વચનકિરણોવડે અજ્ઞાનઅંધકાર દૂર કરતાં કહેવા લાગ્યા–હે ભવ્ય! જ્યારે મહાબલનું શરીર છોડીને તું સ્વર્ગમાં ચાલ્યો ગયો ત્યારે મેં ( સ્વયંબુદ્ધમંત્રીએ ) તો વૈરાગ્યથી રત્નત્રય પ્રગટ કરીને જિનદીક્ષા ધારણ કરી લીધી; પરંતુ બીજા ત્રણે દુર્મતિ મંત્રીઓ કુમરણથી મરીને દુર્ગતિને પામ્યા. તે ત્રણમાંથી મહામતિ અને સંભિન્નમતિ એ બન્ને તો અત્યંત હીન એવી નિગોદદશાને પામ્યા છે, કે જ્યાં અતિશયગાઢ અજ્ઞાનઅંધકાર ઘેરાયેલો છે, તથા અતિશય તપ્ત ઊકળતા પાણીમાં ઊઠતા ખદખદાટની માફક જ્યાં અનેકવાર જન્મ–મરણ થયા કરે છે. અને ત્રીજો શતમતિ મંત્રી પોતાના મિથ્યાત્વને કારણે અત્યારે નરકગતિમાં છે, ને ત્યાં મહા દુઃખો ભોગવી

રહ્યો છે. દુષ્કર્મોનું ફળ ભોગવવા માટે જીવોને નરક જ મુખ્યસ્થાન છે. જે જીવ મિથ્યાત્વરૂપી વિષથી મૂર્છિત થઈને હિતકારી જૈનમાર્ગનો વિરોધ કરે છે તે દુર્ગતિરૂપી મોજાથી ઊછળતા આ સંસારસમુદ્રમાં દીર્ઘ કાળ સુધી ઘૂમે છે. સમ્યગ્જ્ઞાનનો વિરોધી જીવ અવશ્ય નરકરૂપી ઘોર અંધકારમાં પડે છે; માટે વિદ્વાન પુરુષોએ હંમેશા આપ્તપ્રણીત સમ્યગ્જ્ઞાનનો જ અભ્યાસ કરવો જોઈએ. ધર્મના પ્રભાવથી આ આત્મા સ્વર્ગ–મોક્ષરૂપ ઉંચા સ્થાનને પામે છે, ને અધર્મના પ્રભાવથી નરકાદિ અધોગતિને પામે છે; તથા મિશ્રભાવથી મનુષ્યપણું પામે છે, એમ તું નિશ્ચયથી જાણ. તારા શતબુદ્ધિ–મંત્રીનો જીવ મિથ્યાજ્ઞાનની દ્રઢતાને લીધે બીજી નરકમાં અત્યંત ભયંકર દુઃખ ભોગવી રહ્યો છે. પાપથી પરાજિત આત્મા ધર્મપ્રત્યે દ્વેષ અને અધર્મ પ્રત્યે પ્રેમ કરે છે. તેણે સ્વયં કરેલા અનર્થનું આ ફળ છે. આ વાત નિર્વિવાદપણે પ્રસિદ્ધ છે કે ધર્મથી સુખ મળે છે ને અધર્મથી દુઃખ મળે છે. માટે બુદ્ધિમાન જીવો અનર્થોને છોડીને ધર્મમાં તત્પર થાય છે. પ્રાણીદયા, સત્ય, ક્ષમા, નિર્લોભતા, તૃષ્ણારહિતપણું, તથા જ્ઞાન–વૈરાગ્યસમ્પન્નપણું તે ધર્મ છે; તેનાથી વિપરીત અધર્મ છે. જેમ હડકાયું કૂતરું કરડયું હોય તો સમય પાકતાં તેના ઝેરની અસર દેખાય છે તેમ અધર્મસેવનથી કરેલા પાપકર્મ પણ સમય પાકતાં નરકમાં ભારે દુઃખ દે છે. પાપકર્મનું ફળ બહુ કડવું છે. નરકમાં પડેલો જીવ ત્યાં એક ક્ષણભર પણ દુઃખથી છૂટકારો પામતો નથી, એને એક ક્ષણ પણ શાન્તિ મળતી નથી.

શ્રીધરદેવ પ્રીતિંકર ભગવાનને પૂછે છે કે હે પ્રભો! નરકનાં દુઃખો કેવાં છે? ને ત્યાં જીવ ક્યા કારણથી ઊપજે છે?

ત્યારે પ્રિતિંકર ભગવાન દિવ્યધ્વનિ દ્વારા કહે છે કે–એ નરકનાં ઘોર દુઃખોનું વર્ણન જો તું સાંભળવા ચાહતો હો તો ક્ષણભર મનને સ્થિર કરીને સાંભળ! જે જીવ હિંસા જૂઠું–ચોરી–પરસ્ત્રીરમણ વગેરે પાપકાર્યોમાં તત્પર છે, જે દારૂ પીએ છે, જે મિથ્યામાર્ગને સેવે છે, જે ક્રૂર છે. રૌદ્રધ્યાનમાં તત્પર છે, પ્રાણીઓ પ્રત્યે નિર્દય છે, અતિ આરંભ પરિગ્રહ રાખે છે, જે સદા ધર્મપ્રત્યે દ્વેષ રાખે છે, અધર્મમાં પ્રેમ કરે છે, જે સાધુવર્ગની નિંદા કરે છે, જે માત્સર્યભાવથી હણાયેલો છે, જે ધર્મસેવન કરનારા પરિગ્રહ–રહિત મુનિઓ પ્રત્યે વગર કારણે ક્રોધ કરે છે. જે અતિશય પાપી છે, જે મધ–માંસ ખાવામાં તત્પર છે–એવા જીવો તીવ્ર પાપના ભારથી નરકમાં પડે છે. નરક સાત છે; પહેલી રત્નપ્રભા, પછી શર્કરા પ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને સાતમી મહાતમઃપ્રભા એ સાત નરકભૂમિ છે. જે અનુક્રમે નીચે નીચે છે. અસંજ્ઞીપંચેન્દ્રિય જીવ પહેલી નરક સુધી જાય છે; સરકનારા જીવો (ઘો વગેરે) બીજી પૃથ્વી સુધી, પક્ષી ત્રીજી સુધી, સર્પ ચોથી સુધી, સિંહ પાંચમી સુધી, સ્ત્રી છઠ્ઠી સુધી ને તીવ્ર પાપી મનુષ્ય તથા મચ્છ સાતમી નરક સુધી જાય છે. તે નરકમાં પાપી જીવો મધપૂડાની જેમ ઉપર લટકતા ખરાબ સ્થાનમાં ઊંધા મુખે ઊપજે છે;–પાપી જીવોનું ઊર્ધ્વમુખ

ક્યાંથી હોય? પાપના ઉદયથી તે જીવ અંતર્મુહૂર્તમાં દુર્ગંધિત, ઘૃણિત, દેખવું ન ગમે તેવું અને બેડોળ આકારનું શરીર રચે છે. અને પછી, જેમ ઝાડ ઉપરથી પાન નીચે તૂટી પડે તેમ તે નારકી જીવ ધગધગતી નરકભૂમિ ઉપર પટકાય છે; તે ભૂમિમાં ખોડાયેલા અણીદાર હથિયારો ઉપર તે પડે છે અને તેના શરીરની બધી સંધિ છિન્નભિન્ન થઈ જાય છે,–ક્યાં હાથ, ક્યાં પગ, ક્યાં મોઢું એમ બધું વેરવિખેર થઈ જાય છે, એટલે મહા પીડાથી દુઃખિત થઈને તે જીવ રાડેરાડ પાડીને રોવા લાગે છે. ત્યાંની ભૂમિની અપાર ગરમીથી તપ્તાયમાન થયેલો તે જીવ વ્યાકુળતાથી પડતાં વેંત જ ધગધગતા તાવડામાં પડેલા તલની જેમ ઊછળે છે અને પાછો નીચે પડે છે. પડતાં વેંત જ અતિશય ક્રોધી બીજા નારકી જીવો તેને ખૂબ મારે છે ને શસ્ત્રોથી તે નવીન નારકીના શરીરના કટકે કટકા કરી નાંખે છે. જેમ લાકડીથી મારતાં પાણીનાં ટીપેટીપાં છૂટા પડે ને પાછા ભેગા થાય–તેમ તે નારકીનું શરીર હથિયારોના પ્રહારથી છિન્નભિન્ન વેરવિખેર થઈને ક્ષણભરમાં પાછું સંધાઈ જાય છે.–એથી તે મહા દુઃખ પામે છે.

શતમુખમંત્રી નારકીના જે દુઃખો ભોગવી રહ્યો છે–તે નારકીના દુઃખોનું વર્ણન કરતાં શ્રી પ્રીતિંકર ભગવાન કહે છે કે–તે નારકીઓ પૂર્વવેરને યાદ કરી કરીને પરસ્પર લડે છે; ત્રીજી નરક સુધી અસુરકુમાર જાતિના અતિશય ભયંકર દેવો તે નારકીઓને પૂર્વવેરનું સ્મરણ કરાવીને અંદરોઅંદર લડાવી મારે છે. કોઈ નારકીઓ ગીધપક્ષીનું રૂપ ધારણ કરીને વજ્ર જેવી ચાંચથી નારકીના શરીરને ચીરી નાંખે છે, તથા કાળા કાળા શિયાળ–કૂતરા વગેરે તીવ્ર નખોથી તેને ફાડી ખાય છે. હજારો કાળોતરા સર્પ ને વીંછી એકસાથે ઝેરી ડંખ દે છે. કેટલાક નારકીઓ ઉકળતા તાંબાનો રસ પીવડાવે છે, કેટલાક નારકીના કટકા કરીને તેને ઘાણીમાં તલની માફક પીલી નાખે છે, ને કેટલાકને તાવડામાં ઉકાળીને તેનો રસ કરી નાંખે છે; પૂર્વે જે જીવો માંસભક્ષી હતા તેમના શરીરમાંથી કટકા કાપી કાપીને તેમને જ બળજબરીથી ખવડાવે છે, તથા સાણસીવડે તેનું મોઢું ફાડીને બળજબરીથી તેને લોઢાના ધગધગતા ગોળા ખવડાવે છે. પૂર્વે પરસ્ત્રીમાં રત હતા તે નારકીને ધગધગતી લાલચોળ લોઢાની પૂતળી સાથે આલિંગન કરાવે છે, જેનો સ્પર્શ થતાં જ તે સળગી ઊઠે છે, તેની આંખ ફાટી જાય છે, ને મૂર્છિત થઈને તે જમીન ઉપર ઢળી પડે છે; તરત બીજા નારકીઓ લોઢાના ચાબુકથી તેને મારે છે. અરે, આવી ઘોરાતિઘોર પીડા અધર્મના સેવનથી જીવ નરકમાં ભોગવે છે–જેનું વર્ણન વાણીમાં પૂરું આવતું નથી.

ત્યાં કાંટાવાળા ધગધગતા લોઢાના ઝાડ (સેમરવૃક્ષ) ઉપર નારકીને જબરજસ્તીથી ચડાવે છે; પછી તેને ઉપરથી નીચે, ને નીચેથી ઉપર ઢસેડે છે, તેથી તેનું આખું શરીર છોલાઈ જાય છે; ગંધાતા રસથી ભરેલી નદીમાં કોઈ નારકીને ફેંકે છે, તેમાં તેનું શરીર ઓગળી જાય છે. કોઈ નારકીને અગ્નિશૈયા ઉપર સુવડાવે છે. ત્યાંની ગરમીથી દુઃખી થયેલો નારકી જ્યાં અસિપત્રના વનમાં આશરો લેવા જાય છે

ત્યાં તો અગ્નિ વરસાવતો ઊનો વાયરો આવે છે ને તરવાની તીખી ધારા જેવા પાંદડા તેના ઉપર પડે છે, તે તેના શરીરને ચીરી નાંખે છે. તે બિચારો દીન નારકી દુઃખી થઈને ચીચીયારી કરે છે.–પણ ત્યાં એનો પોકાર કોણ સાંભળે ?

તે નારકીને બીજા નારકી લોઢાના સળીયા સાથે બાંધીને અગ્નિમાં સેકી નાંખે છે; પહાડ ઉપરથી ઊંધે માથે પછાડે છે; ધારદાર કરવતવડે તેના શરીરને વિદારે છે; શરીરમાં ભાલા જેવી સોય ભોંકે છે, સૂયાની અણીમાં પરોવીને તેને ફેરવે છે; ઘણા નારકી તેને મગદળવડે માથે એવો પીટે છે કે તેની આંખો બહાર નીકળી જાય છે. પૂર્વે જેણે અભિમાન સેવેલું એવા તે નારકી જીવને ધગધગતા લોઢાના આસન ઉપર પરાણે બેસાડે છે, ને કાંટાની પથારી ઉપર સુવડાવે છે.

આ પ્રકારે નરકની અત્યંત અસહ્ય ને ભયંકર વેદના પામીને ભયભીત થયેલા તે નારકીના મનમાં એમ ચિન્તા થાય છે કે અરેરે! અગ્નિજ્વાળા જેવી ગરમ ભૂમિ બહુ જ કષ્ટદાયક છે, અહીંનો વાયરો સદા અગ્નિના તણખાં વરસાવે છે; દિશાઓ એવી સળગે છે–જાણે આગ લાગી હોય! ને મેઘ તો ધગધગતી ધૂળ વરસાવે છે. અહીં ચારેકોરથી દુઃખ–દુખ ને દુઃખ છે. અમારા પૂર્વભવના પાપ જ અમને આ પ્રકારનું દુઃખ આપી રહ્યા છે. અહીંની વેદના એટલી તીવ્ર છે કે કોઈથી સહન ન થાય; માર પણ એટલો પડે છે કે સહન ન થઈ શકે. આયુષ પૂરું થયા વગર આ પ્રાણ પણ છૂટતા નથી; અને દુઃખ દેતા આ નારકીઓને કોઈ રોકી પણ શકતું નથી. અરે, આવી પરિસ્થિતિમાં અમે ક્યાં જઈએ ? શું કરીએ ? ક્યાં ઊભા રહીએ ? ક્યાં બેસીએ ? ક્યાં વિસામો લઈએ ? અમે શરણની આશાએ જ્યાં જ્યાં જઈએ છીએ ત્યાં ત્યાં ઊલટું વધુ ને વધુ દુઃખ પામીએ છીએ. અરે, અહીંના અપાર દુઃખથી અમે ક્યારે છૂટશું ? ક્યારે આનો પાર આવશે ? અમારું આયુષ્ય પણ સાગર જેવડું મોટું છે. આ પ્રકારના વારંવાર ચિન્તનથી તે નારકીને અત્યંત માનસિક સંતાપવડે મરણ જેવું દુઃખ થયા કરે છે. આ વિષયમાં અધિક કહેવાથી શું લાભ છે? ટૂંકમાં એટલું જ બસ છે કે જગતમાં જેટલા ભયંકર દુઃખો છે તે બધાય દુઃખોને દુષ્કર્મોએ નરકમાં એકઠા કરી દીધા છે. આંખના એક ટમકાર માત્ર પણ સુખ તે નારકીને નથી; દિનરાત તેને દુઃખ દુઃખ ને દુઃખ જ ભોગવવું પડે છે. સેંકડો દુઃખના ભમ્મરથી ભરેલા નરકરૂપી સમુદ્રમાં ડુબેલા તે નારકીઓને સુખની પ્રાપ્તિ તો દૂર રહી પણ તેનું સ્મરણ થવું યે બહુ મુશ્કેલ છે. ઠંડી–ગરમીના દુઃખ ત્યાં અસહ્ય ને અચિંત્ય છે; સંસારના કોઈ પદાર્થની સાથે એ દુઃખની તૂલના થઈ શકે તેમ નથી. તે બધા નારકીઓ હીનાંગ, કૂબડા નપુંસક, દુર્ગંધી, ખરાબ કાળા રંગવાળા કઠોર અને દેખવામાં અપ્રિય હોય છે. મરેલા કૂતરા–બિલાડા–ગધેડાના કલેવરના ઢગલામાંથી જે દુર્ગંધ આવે તેના કરતાંય નારકીના શરીર વધુ દુર્ગંધી છે.–આમ પૂર્વના પાપકર્મોથી તે જીવો અતિશય દુઃખી છે.

આ પ્રમાણે નરકના દુઃખનું વર્ણન કરીને પ્રીતિંકરસ્વામી શ્રીધરદેવને કહે છે કે હે ભવ્ય! તે શતબુદ્ધિમંત્રીનો જીવ પાપકર્મના ઉદયથી બીજી નરકમાં આવા દુઃખો ભોગવી રહ્યો છે. જે જીવો નરકના આવા તીવ્ર દુઃખોથી બચવા ચાહતા હોય તે બુદ્ધિમાનોએ જિનેન્દ્રપ્રણીત ધર્મની ઉપાસના કરવી જોઈએ. આ જૈનધર્મ જ દુઃખોથી રક્ષા કરે છે ને મહાન સુખ આપે છે; અને આ ધર્મ જ કર્મોના ક્ષયથી ઉત્પન્ન થતા મોક્ષસુખને આપે છે. ઈન્દ્ર, ચક્રવર્તી તથા ગણધરપદ આ જૈનધર્મના પ્રસાદથી જ પ્રાપ્ત થાય છે, અને તીર્થંકરપદ પણ આ જ ધર્મથી પ્રાપ્ત થાય છે; સર્વોત્કૃષ્ટ એવું સિદ્ધપદ પણ આ ધર્મથી જ પમાય છે. આ જૈનધર્મ જ જીવોનો બંધુ મિત્ર અને ગુરુ છે. માટે હે શ્રીધરદેવ! સ્વર્ગ–મોક્ષના સુખ દેનાર એવા આ જૈનધર્મમાં તું તારી બુદ્ધિ જોડ.

શ્રી પ્રીતિંકર–મુનિરાજના શ્રીમુખથી જૈનધર્મનો આવો મહિમા સાંભળીને પવિત્ર બુદ્ધિધારક શ્રીધરદેવ અતિશય ધર્મપ્રેમને પામ્યો; ને પ્રસન્નબુદ્ધિથી તેણે કહ્યું–હે પ્રભો! આપ મહા ઉપકારી છો. મહાબલના ભવમાં આપે જ જૈનધર્મનો ઉપદેશ આપીને મારું હિત કર્યું, પછી ભોગભૂમિમાં મુનિપણે પધારીને પરમ કરુણાપૂર્વક આપે જ મને સમ્યગ્દર્શન આપ્યું ને અત્યારે પણ અરિહંતપણે આપે મને ધર્મનો ઉપદેશ આપીને મહા ઉપકાર કર્યો છે. અહો, પ્રભો! આપના જેવા ગુરુઓનો સંગ જીવોને પરમ હિતકાર છે.

આમ ભક્તિથી ફરી ફરીને પ્રીતિંકર કેવળીના દર્શન કર્યા બાદ, પૂર્વભવના સ્નેહને લીધે શતબુદ્ધિના જીવને પ્રતિબોધવા માટે ગુરુઆજ્ઞાનુસાર તે શ્રીધરદેવ બીજી નરકમાં તેની પાસે ગયો અને કરુણાપૂર્વક કહેવા લાગ્યો–હે ભદ્ર શતબુદ્ધિ! શું તું મહાબલને જાણે છે? હું જ એ મહાબલનો જીવ છું ને અત્યારે તને પ્રતિબોધવા માટે સ્વર્ગલોકમાંથી અહીં આવ્યો છું. તે શતબુદ્ધિના ભવમાં અનેક મિથ્યાનયોના આશ્રયે તેં પ્રબળ મિથ્યાત્વને સેવ્યું હતું. દેખ, એ મિથ્યાત્વનું આ ઘોર દુઃખદાયીફળ અત્યારે તારી સામે જ છે. આવા ઘોર દુઃખોથી બચવા માટે હે ભવ્ય! તું મિથ્યાત્વને છોડ ને સમ્યગ્દર્શનને અંગીકાર કર.

એ પ્રમાણે શ્રીધરદેવના ઉપદેશથી તે શતબુદ્ધિના જીવે શુદ્ધ સમ્યગ્દર્શન ધારણ કર્યું અને મિથ્યાત્વરૂપી મેલના નાશથી ઉત્તમ શુદ્ધિ પ્રગટ કરી. અહો, નરકમાં આવીને પણ આપે મને ધર્મ પમાડયો, આપે મહાકૃપા કરી એમ ફરી ફરીને તેણે શ્રીધરદેવનો ઉપકાર માન્યો. ત્યારબાદ નરકનું આયુષ્ય પૂર્ણ થતાં શતબુદ્ધિનો તે જીવ ભયંકર નરકમાંથી નીકળીને પૂર્વ–પુષ્કરદ્વીપના પૂર્વવિદેહમાં મંગલાવતીદેશની રત્નસંચયનગરીમાં મહીધર ચક્રવર્તીનો જયસેન નામનો પુત્ર થયો. એકવાર તેના વિવાહનો ઉત્સવ થતો હતો તે વખતે શ્રીધરદેવે આવીને તેને સમજાવ્યો ને નરકનાં ભયંકર દુઃખોનું સ્મરણ કરાવ્યું; તેથી સંસારથી વિરક્ત થઈને તેણે યમધર મુનિરાજની સમીપ દીક્ષા ધારણ કરી; નરકમાં ભોગવેલા ઘોર દુઃખો

યાદ આવતાં વિષયોથી અત્યંત વિરક્ત થઈને તે કઠિન તપશ્ચર્યા કરવા લાગ્યો, અને આયુપૂર્ણ થતાં સમાધિમરણપૂર્વક દેહ છોડીને તે સ્વર્ગનો ઇન્દ્ર થયો. જુઓ, ક્યાં તો નારકી ને ક્યાં ઇન્દ્રપદ! જીવ પોતાના પરિણામઅનુસાર વિચિત્ર ફળ પામે છે. હિંસાદિ અધર્મ કાર્યોથી જીવ નરકાદિ નીચ ગતિને પામે છે, ને અહિંસાદિ ધર્મકાર્યોથી તે સ્વર્ગાદિ ઉચ્ચ ગતિને પામે છે. માટે ઉચ્ચપદના અભિલાષી જીવોએ સદા ધર્મની આરાધનામાં તત્પર રહેવું જોઈએ. બ્રહ્મસ્વર્ગમાં ઊપજેલા તે બ્રહ્મેન્દ્રે (શતબુદ્ધિના જીવે) અવધિજ્ઞાનવડે શ્રીધરદેવના મહાન ઉપકારને જાણ્યો, ને તેમના જ પ્રતાપથી નરકદુઃખોથી છૂટીને આ ઇન્દ્રપદ પ્રાપ્ત થયું છે–એમ સમજીને પાંચમા બ્રહ્મસ્વર્ગમાંથી બીજા સ્વર્ગે આવીને પોતાના કલ્યાણકારી મિત્ર શ્રીધરદેવની અત્યંત આદરપૂર્વક ભક્તિ કરી, બહુમાન કર્યું.

(આપણા ચરિત્રનાયકને હવે પાંચ ભવ બાકી રહ્યા છે. તેઓ પૂર્વના દશમા ભવે મહાબલરાજા હતા; પછી લલિતાંગદેવ, પછી વજ્રજંઘ, પછી ભોગભૂમિમાં સમ્યક્ત્વપ્રાપ્તિ, ને પછી આ બીજા સ્વર્ગમાં શ્રીધરદેવ થયા; હવે આ શ્રીધરદેવનું આયુષ્ય પૂર્ણ થતાં પછીના ભવમાં તે વિદેહક્ષેત્રમાં ઊપજશે ને મુનિ થશે, પછી સ્વર્ગમાં જઈ પાછા વિદેહક્ષેત્રની પુંડરગીરીનગરીમાં અવતરશે ને ત્યાં ચક્રવર્તી થઈ દીક્ષા લઈ તીર્થંકરપ્રકૃતિ બાંધશે; ત્યાંથી સર્વાર્થસિદ્ધિમાં જશે ને પછી છેલ્લો ઋષભઅવતાર થશે. મહાપુરાણના આધારે આ પ્રસંગોનું આનંદકારી વર્ણન વાંચવા માટે આત્મધર્મની આ લેખમાળા વાંચતા રહો.)

આત્મવિશ્વાસ અને દ્રઢતાપૂર્વક તું તારા હિતમાર્ગમાં આગળ વધજે.

આ મનુષ્યજીવનરૂપી ચિન્તામણિને જે દુર્વાસનાના દરિયામાં ફેંકી દે એના જેવો મૂર્ખ કોણ?

તું એવો મૂર્ખ ન બનીશ.....જીવનની એકેક ક્ષણનો આત્મહિતને અર્થે ઉપયોગ કરજે.

# વિ વિ ધ વ ચ ના મૃ ત

**( આત્મધર્મનો ચાલુ વિભાગ: લેખાંક ૨૧ )**

( ૨૭૧ ) હે જીવ! સત્સંગના આ ઉત્તમ યોગમાં તું એવું કામ કર કે જેથી તારા જ્ઞાનધામમાં તારો નિવાસ થાય, તને આનંદ થાય, ને દુઃખ કદી ન થાય.– આવી ધર્મસાધના કરવાનો આ અવસર છે.

( ૨૭૨ ) જેમ ઊંડા પાણીમાં ડૂબતો મનુષ્ય પોતાની ગભરામણ આડે આખા જગતને ભૂલી જાય છે; તેમ ચૈતન્યસાગરમાં ઊંડો ઊતરીને ધ્યાનમાં જે મગ્ન થયો તે જીવ પોતાના અતીન્દ્રિય આનંદ આડે આખા જગતને ભૂલી જાય છે.

( ૨૭૩ ) શબ્દનો શણગાર કે વિકલ્પોની વણઝાર એનામાં આત્મમહિમાને પ્રસિદ્ધ કરવાની તાકાત નથી. અનુભવગમ્ય એવું આત્મતત્ત્વ, તે શબ્દોમાં કે વિકલ્પોમાં ક્યાંથી આવે?

( ૨૭૪ ) જગતમાં જેટલા પવિત્ર પરિણામ છે તે બધાય આત્માના જ આશ્રયે છે, બીજે ક્યાંય નથી.

( ૨૭૫ ) સમ્યક્ત્વનો કોઈ અકથ્ય અને અપૂર્વ મહિમા જાણી તે પવિત્ર કલ્યાણમૂર્તિરૂપ સમ્યગ્દર્શનને, આ અનંત અનંત દુઃખરૂપ એવા અનાદિ સંસારની આત્યંતિક નિવૃત્તિ અર્થે હે ભવ્યો! તમે ભક્તિપૂર્વક અંગીકાર કરો, સમયે સમયે આરાધો. જ્ઞાન, ચારિત્ર અને તપ એ ત્રણે ગુણોને ઉજ્જવળ કરનાર એવી એ સમ્યક્શ્રદ્ધા પ્રથમ આરાધના છે.

–આત્માનુશાસન

( ૨૭૬ ) હે શ્રાવક! આ ભવદુઃખ તને વહાલા ન લાગતા હોય ને સ્વભાવનો અનુભવ તું ચાહતો હો, તો તારા ધ્યેયની દિશા પલટાવી નાંખ; જગતથી ઉદાસ થઈ અંતરમાં ચૈતન્યને ધ્યાવતાં તને પરમ આનંદ પ્રગટશે ને ભવની વેલડી ક્ષણમાં તૂટી જશે. આનંદકારી પરમ આરાધ્ય ચૈતન્યદેવ તારામાં જ બિરાજી રહ્યો છે.

( ૨૭૭ ) તારો મોક્ષ તારા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રપરિણામથી છે, બીજા કોઈ વડે તારો મોક્ષ નથી.

( ૨૭૮ ) સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે સ્વસન્મુખ પરિણામ છે.

( ૨૭૯ ) સ્વવસ્તુની કિંમતને ચૂકીને જે જીવ પરની કિંમત અધિક કરે છે તેના પરિણામ પરસન્મુખ જ રહે છે; ને પરસન્મુખ પરિણામ તે જ સંસાર.

( ૨૮૦ ) સ્વની ઉત્કૃષ્ટ કિંમત ( મહિમા ) ભાસે તો પરિણામ સ્વસન્મુખ થાય; ને સ્વસન્મુખ પરિણામ તે મોક્ષનો માર્ગ છે.




(૧૩)

(આ વખતે આ વિભાગમાં પ્રવચન ઉપરથી દશ પ્રશ્ન–ઉત્તર રજુ કરવામાં આવ્યા છે.)

(૧૨૧) પ્રઃ– આત્માને જાણવાનું તત્કાળ ફળ શું?

ઉઃ– આત્માના અતીન્દ્રિય આનંદનું વેદન થાય તે.

(૧૨૨) પ્રઃ– ખરું જ્ઞાન કોને કહેવાય?

ઉઃ– જ્ઞાનસ્વરૂપ આત્માને જ્ઞેય બનાવે તે જ સાચું જ્ઞાન છે.

(૧૨૩) પ્રઃ– એક જીવની સાધક પર્યાયો કેટલી? ને સિદ્ધ પર્યાયો કેટલી?

ઉઃ– એક જીવની સાધક પર્યાયો અસંખ્ય હોય છે, સિદ્ધપર્યાયો અનંત હોય છે. (સાધકપર્યાયો સાદિ–સાંત છે; સિદ્ધપર્યાયો સાદિ અનંત છે.)

(૧૨૪) પ્રઃ– સાધક જીવો કેટલા? સિદ્ધ જીવો કેટલા?

ઉઃ– સાધકજીવો જગતમાં એક સાથે અસંખ્યાતા હોય છે; સિદ્ધજીવો અનંતા છે.

(૧૨૫) પ્રઃ– મોક્ષને સાધવા માટે ઉલ્લસીત વીર્ય ક્યારે થાય?

ઉઃ– સ્વભાવસન્મુખ વળે ત્યારે વીરતા પ્રગટે ને મોક્ષને સાધવા માટે વીર્ય ઉલ્લસે.

(૧૨૬) પ્રઃ– આત્માનો અનુભવ કરનાર શું છોડે છે.

ઉઃ– આત્માનો અનુભવ કરનાર પરભાવોને છોડે છે ને નિજસ્વભાવને ગ્રહણ કરે છે.

(૧૨૭) પ્રઃ– ધન્ય કોણ છે?

ઉઃ– સર્વજ્ઞસ્વભાવી આત્માને જેણે જાણ્યો છે એવા જ્ઞાની–ભગવંત ધન્ય છે.

(૧૨૮) પ્રઃ– કેવળી ભગવાનના ગુણોની સ્તુતિ કઈ રીતે થાય?

ઉઃ– આત્માના જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતાવડે મોહને જીતવાથી કેવળી ભગવાનની સાચી સ્તુતિ થાય છે.

(૧૨૯) પ્રઃ– સમ્યગ્દ્રષ્ટિ ખરેખર ક્યાં વસે છે.

ઉઃ– સ્વઘર એવું જે પોતાનું શુદ્ધ તત્ત્વ તેમાં જ ખરેખર ધર્મી વસે છે; રાગમાં કે પરમાં પોતાનો વાસ તે માનતા નથી.

(૧૩૦) પ્રઃ– ગૃહસ્થાશ્રમમાં આત્માનો અનુભવ ને ધ્યાન હોય?

ઉઃ– હા, ધર્મીને ગૃહસ્થપણામાં પણ આત્માનો અનુભવ અને ધ્યાન હોય છે; એના વગર સમ્યગ્દર્શન જ સંભવે નહિ.

# એકત્વ સ્વભાવ જ્ઞાનીને સુલભ છે

**અહો, આ તો અંતરમાં એકત્વસ્વભાવને સ્પર્શીને આવેલી વીતરાગી સન્તોની વાણી છે; તે અંતરમાં શુદ્ધાત્માનો સ્પર્શ કરાવે છે.**

**( સમયસાર ગાથા. ૪ ના પ્રવચનમાંથી )**

આત્માના એકત્વસ્વભાવની પ્રાપ્તિ કરવી જીવને અનંતકાળમાં મહા દુર્લભ છે. પરથી ભિન્ન, રાગથી ભિન્ન, ને અનંત જ્ઞાનાનંદસ્વભાવોથી એકમેક–આવા એકત્વ–વિભક્ત શુદ્ધ આત્માનો અનુભવ જીવને સુલભ નથી, કેમકે તેની રુચિપૂર્વક શ્રવણ–પરિચય જીવે કદી કર્યો નથી. ધર્મીને તો અંતર્‌સ્વભાવના અભ્યાસવડે શુદ્ધાત્માની ઉપલબ્ધિ થઈ ગઈ છે એટલે તેને તે સુલભ થઈ છે. અજ્ઞાનીને પરની રુચિવડે રાગની સુલભતા છે, ચૈતન્યની દુર્લભતા છે; ને જ્ઞાની–સન્તોને અંતરના અનુભવમાં ચૈતન્યની સુલભતા થઈ છે, ચૈતન્યનો લાભ થયો છે. અનંતકાળે દુર્લભ–અપ્રાપ્ત એવો આત્મા, તે સ્વાનુભવવડે જ્ઞાનીને સુલભ થયો છે. એને કષાયો–બંધ ભાવો દુર્લભ ને દુઃખદાયક લાગે છે. પોતાનો સ્વભાવ પોતામાં છે તેથી નિશ્ચયથી તે સુલભ છે, કેમકે તેમાં પ્રાપ્તની પ્રાપ્તિ છે; પોતામાં જ છે તેને અનુભવવાનું છે, ક્યાંય બહારથી મેળવવાનું નથી. કેમકે પરવસ્તુની પ્રાપ્તિ તો દુર્લભ–અશક્ય છે કેમકે પરવસ્તુ અનંતકાળે પણ પોતાની થતી નથી. એકત્વ સ્વભાવ જ સુંદર અને આનંદદાયક છે.

શ્રી આચાર્યદેવ કહે છે કે અરે જીવો! અનંતકાળથી દુર્લભ એવો જે શુદ્ધ આત્મા, તે શુદ્ધાત્મા હું મારા સમસ્ત આત્મવૈભવથી આ સમયસારમાં દેખાડું છું, તમે તમારા સ્વાનુભવથી તેને પ્રમાણ કરજો. માત્ર શબ્દોથી કે વિકલ્પથી નહિ, પણ સ્વાનુભવ–પ્રત્યક્ષવડે પ્રમાણ કરજો. આમ કહીને વાણી અને વિકલ્પોનું અવલંબન કાઢી નાંખ્યું.

જીવોએ અનંતકાળ શુભ–અશુભના ચક્રમાં જ કાઢયો છે; મોહથી શુભ–અશુભ–ભાવો સાથે એકતા કરીને તેમાં જ અનાદિથી પરિણમી રહ્યો છે, પણ તે શુભાશુભથી પાર એકલો જ્ઞાનમાત્ર જે એકત્વસ્વભાવ, તેને કદી લક્ષગત કર્યો નથી, જ્ઞાની પાસે પ્રેમથી સાંભળ્યો પણ નથી. શુભ–અશુભમાં આત્માની સુંદરતા કે શોભા નથી, આત્માની સુંદરતા ને શોભા તો એકત્વસ્વભાવમાં છે, તે સ્વભાવનો અનુભવ જ સુખરૂપ છે. પુણ્ય–પાપમાં એકત્વથી તો દુઃખનું જ વેદન છે. પુણ્ય–પાપના ચક્રમાં પરિભ્રમણ કરતો જીવ ભવચક્રમાં ભમી રહ્યો છે; એકત્વસ્વભાવની પ્રાપ્તિ વડે તે ભ્રમણ કેમ ટળે તેની આ વાત છે.

**બહુ પુણ્ય કેરા પૂંજથી**
**શુભદેહ માનવનો મળ્યો,**

**તોયે અરે ! ભવચક્રનો,**
**આંટો નહિ એકે ટળ્યો,**

શુભ ભાવથી મનુષ્ય અવતાર અનંતવાર પામ્યો, તોપણ તેના વડે ભવચક્રનો એક્કેય આંટો ટળ્યો નહિ. ભવના નાશનો ભાવ એકવાર પ્રગટ કરે તો અનંતભવનો નાશ થઈ જાય. અનંત કાળનું ભવભ્રમણ ટાળવા માટે કાંઈ અનંતકાળ નથી લાગતો, અનંતકાળનું ભવભ્રમણ એક ક્ષણમાં સ્વભાવના સેવનવડે ટળી જાય છે. પણ અજ્ઞાનને લીધે જીવોને તે દુર્લભ થઈ પડયું છે. તેથી આચાર્યદેવ કહે છે કે મારા સમસ્ત આત્મવૈભવથી હું તે એકત્વ સ્વભાવ દર્શાવું છું, તેને હે જીવો ! તમે પ્રમાણ કરજો. જેવો શુદ્ધાત્મા કહું તેવો અનુભવમાં લેજો.

પહેલે ધડાકે આત્મામાં સિદ્ધને સ્થાપીને, અને વિકારને આત્મામાંથી જાુદો પાડીને, હું એકત્વ–વિભક્ત આત્મા દર્શાવું છું;–કે જેને જાણતાં સાદિ–અનંત અપૂર્વ સુખની પ્રાપ્તિ થાય, ને આ ભવચક્રનું દુઃખ મટી જાય. ભાઈ, આ તારા સ્વભાવની વાત છે, તેની રુચિવડે અંતરઅભ્યાસ વડે તે સુલભ થાય છે, અનુભવમાં આવે છે. જ્યાં અંતર્ સ્વભાવને લક્ષગત કર્યો ત્યાં તે સ્વભાવ સાથે એકત્વ પરિણમન થયું ને રાગાદિ પરભાવોથી વિભક્ત પરિણમન થયું. આવા એકત્વ–વિભક્તરૂપે પરિણમતો પરિણમતો તે આત્મા મોક્ષના પંથે ચાલ્યો. એકછત્રરૂપ જે મોહનું સામ્રાજ્ય હતું તેમાથી તે બહાર નીકળી ગયો. સ્વભાવની રુચિ ન હતી ત્યારે મોહનો ભાર ઉપાડતો હતો, તેને શુદ્ધાત્માનો અનુભવ દુર્લભ હતો; હવે સ્વભાવની રુચિવડે તે ઊંધા પ્રકારમાંથી તે બહાર નીકળી ગયો, ને શુદ્ધાત્માની રુચિવડે તેની પ્રાપ્તિને સુલભ બનાવી દીધી.

અહો, આ તો એકત્વસ્વભાવને સ્પર્શીને અંદરથી આવેલી વીતરાગી સન્તોની વાણી છે, તે અંતરમાં શુદ્ધાત્માનો સ્પર્શ કરાવે છે.

( વીર સં. ૨૪૯૨ શ્રાવણ સુદ ૧૩ )

## ગણીત

( જ્યાં ગણીતની ત્રિરાશી લાગુ પડતી નથી )

એક જીવને એક ગાઉ દૂરની વસ્તુને જાણતાં એક સમય લાગે છે તો હજાર ગાઉ દૂરની વસ્તુને જાણતાં કેટલો સમય લાગશે ?

( કોઈ ત્રિરાશી માંડવા બેસે તો તેનો જવાબ સાચો પડે નહિ. આ એમ બતાવે છે કે આત્માનો જ્ઞાનસ્વભાવ એ ગણતરીનો વિષય નથી. )




## ગયા અંકના પ્રશ્નોના જવાબ

(૧) ૧. સિદ્ધ ભગવાનનું સાથીદાર મોક્ષતત્ત્વ છે.

૨. મુનિરાજનું સાથીદાર સંવર તથા નિર્જરા તત્ત્વ છે.

૩. નારકીનું સાથીદાર પાપતત્ત્વ છે.

૪. સ્વર્ગના દેવનું સાથીદાર પુણ્યતત્ત્વ છે.

(૨) આપણા ૨૪ તીર્થંકરોમાંથી વીસ તીર્થંકરો સમ્મેદશિખરથી મોક્ષ પામ્યા છે.

(૩) આચાર્ય–મુનિરાજના તથા તેમણે રચેલ શાસ્ત્રનાં નામો માટે પાછળ જુઓ.

**કોયડાનો જવાબઃ-** “કેવળજ્ઞાન” તે જગતમાં સૌથી ઉત્તમ છે; આપણા ભગવાનનું એ લક્ષણ છે; આપણને તે બહુ જ ગમે છે; અરિહંત અને સિદ્ધભગવંતો સિવાય બીજા કોઈ પાસે તે હોતું નથી. અને તેની ઓળખાણ કરતાં સમ્યક્ત્વ થાય છે.

બંધુઓ, આ વખતે નવા પ્રશ્નો નથી આપ્યા; એને બદલે મોક્ષનો મારગ શોધવાનું એક ચિત્ર છેલ્લા પાને આપ્યું છે. તે તમને જરૂર ગમશે. નવા પ્રશ્નો આવતા અંકે પૂછશું.

### છ વાત

ગતાંકમાં અધૂરી રાખેલી છ વાત અહીં કારણસહિત આપવામાં આવી છે.

(૧) પરમાત્માને જે જાણે તે જ પરમાણુને જાણી શકે છે, કેમકે–પરમાણુ તે પરમઅવધિ અને સર્વઅવધિજ્ઞાનનો વિષય છે, તે જ્ઞાન સમ્યગ્દ્રષ્ટિમુનિને જ હોય છે, ને તેમણે નિયમથી સ્વસંવેદનવડે પરમાત્મતત્ત્વને જાણ્યું છે, એટલે જ નહિ– તેઓ નિયમથી ચરમશરીરી હોય છે.

(૨) દરેક મોક્ષગામી જીવે એકવાર તો કેવળી કે શ્રુતકેવળીના સાક્ષાત્ દર્શન જરૂર કર્યા હોય છે, કેમકે મોક્ષગામી જીવને નિયમથી ક્ષાયિક સમ્યક્ત્વ હોય છે ને તે ક્ષાયિક સમ્યક્ત્વ કેવળી કે શ્રુતકેવળીના ચરણસાન્નિધ્યમાં જ થાય છે.

પ્ર. તીર્થંકરોના આત્માને તો કેવળી– શ્રુતકેવળીની સમીપતા વગર પોતાથી જ ક્ષાયિકસમ્યક્ત્વ થાય છે?

ઉઃ– હા, એ વાત ખરી; પરંતુ તેમનેય તીર્થંકરપ્રકૃતિનો પ્રારંભ તો કેવળીની

સમીપમાં જ થયો હોય છે.

(૩) આહારક–શરીરધારી મુનિવરોને મન:પર્યયજ્ઞાન હોતું નથી, કેમકે– આહારક–શરીર, મન:પર્યયજ્ઞાન, ઉપશમ સમ્યક્ત્વ–એમાંથી કોઈ એક વસ્તુ જ્યાં હોય ત્યાં બીજી વસ્તુઓ હોતી નથી–એવો નિયમ છે.

(૪) ક્ષાયિકસમકિતી તિર્યંચો અસંખ્યાતા છે; પરંતુ તેમાંના કોઈ પણ ક્ષાયિકસમકિતી તિર્યંચને પંચમ ગુણસ્થાન હોતું નથી; કેમકે ક્ષાયિકસમકિતી જો તિર્યંચમાં (પૂર્વબદ્ધઆયુષ્યને) કારણે, ઊપજે તો તે ભોગભૂમિમાં અસંખ્ય વર્ષના આયુપણે જ ઊપજે છે; ને જેમ સ્વર્ગમાં પંચમ ગુણસ્થાન નથી તેમ ભોગભૂમિમાં પણ પંચમગુણસ્થાન નથી.

(૫) પંચમ ગુણસ્થાનવર્તી તિર્યંચો અસંખ્યાત છે; પરંતુ તેમાંના કોઈ જીવને ક્ષાયિક સમ્યક્ત્વ હોતું નથી, કેમકે–પંચમ ગુણસ્થાન કર્મભૂમિના જીવોને જ હોય છે, ને ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ જીવો કદી કર્મભૂમિના તીર્યંચપણે ઉપજતા નથી.

(૬) સર્વાર્થસિદ્ધિમાં કોઈ જીવ બે વાર જાય નહિ, કેમકે–સર્વાર્થસિદ્ધિના જીવો નિયમથી એકાવતારી હોય છે; એક મનુષ્યભવ કરીને ચોક્કસ તેઓ મોક્ષ પામે છે.

જેટલો અનુરાગ વિષયોમાં કરે છે, મિત્ર–પુત્ર–ભાર્યા અને ધન–શરીરમાં કરે છે તેટલો રુચિ–શ્રદ્ધા–પ્રતીતિભાવ સ્વરૂપમાં તથા પંચ પરમગુરુમાં કરે તો મોક્ષ અતિ સુલભ થાય.

–અનુભવપ્રકાશ.

પરિગ્રહવંત સમ્યગ્દ્રષ્ટિ પણ અનુભવને કોઈ કોઈ વેળા કરે છે, તેઓ પણ ધન્ય છે, મોક્ષના સાધક છે; જે સમયે અનુભવ કરે છે તે સમયે સિદ્ધસમાન અમ્લાન આત્મતત્ત્વને અનુભવે છે.

–અનુભવપ્રકાશ.

# બાલ વિભાગનાં નવા સભ્યો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧૫૯ | રમેશ ગીરધરલાલ જૈન | અમદાવાદ | ૧૧૯૨ | ઇન્દ્રચંદ્રજી જૈન | સરદારશહર |
| ૧૧૬૦ | કેશવ દેવશી જૈન | ભલગામ | ૧૧૯૩ | રેખા શાન્તીલાલ જૈન | મુંબઈ–૨૨ |
| ૧૧૬૧ | રાજમલ છાવડા જૈન | કુચામનસીટી | ૧૧૯૪ | વિજય શાન્તીલાલ જૈન | ” |
| ૧૧૬૨ | ભારતી પ્રવીણકુમાર જૈન | મુંબઈ–૭૭ | ૧૧૯૫ | લીના શાન્તીલાલ જૈન | ” |
| ૧૧૬૩ | કનૈયાલાલ નટવરલાલ જૈન | મુંબઈ–૨ | ૧૧૯૬ | માલા શાન્તિલાલ જૈન | ” |
| ૧૧૬૪ | કિશોર મનસુખલાલ જૈન | મુંબઈ–૨૮ | ૧૧૯૭ | પંકજ વિનયચંદ જૈન | ” |
| ૧૧૬૫ | કિરીટ મનસુખલાલ જૈન | ” | ૧૧૯૮ | વિદેહા વિનયચંદ જૈન | ” |
| ૧૧૬૬ | અભય મનસુખલાલ જૈન | ” | ૧૧૯૯ | દિલીપકુમાર વસંતરાય જૈન | રાજકોટ |
| ૧૧૬૭ | દિલીપ મનસુખલાલ જૈન | ” | ૧૨૦૦ | કીરીટ વસંતરાય જૈન | ” |
| ૧૧૬૮ | તરૂલતા ઉમેદચંદ જૈન | ” | ૧૨૦૧ | નયના વસંતરાય જૈન | ” |
| ૧૧૬૯ | ઈલાબેન ઉમેદચંદ જૈન | ” | ૧૨૦૨ | નીલા વસંતરાય જૈન | ” |
| ૧૧૭૦ | નલીનીબેન ઉમેદચંદ જૈન | ” | ૧૨૦૩ | નવનીત મીઠાલાલ જૈન | પ્રાંતીજ |
| ૧૧૭૧ | પંકજ ઉમેદચંદ જૈન | ” | ૧૨૦૪ | મહેન્દ્ર સી. જૈન | ” |
| ૧૧૭૨ | ચેતન ઉમેદચંદ જૈન | ” | ૧૨૦૫ | વસંત એમ. જૈન | ” |
| ૧૧૭૩ | ધીરેન્દ્ર રજનીકાન્ત જૈન | ” | ૧૨૦૬ | ચેતનકુમાર જૈન | દાદર (મું. ૨૮) |
| ૧૧૭૪ | મીલન ધનપાલ જૈન | ” | ૧૨૦૭ | રમિલા એચ. જૈન | શાન્તાક્રુઝ |
| ૧૧૭૫ | ભરત મનુભાઈ જૈન | સોનગઢ | ૧૨૦૮ | નીરંજન એચ. જૈન | ” |
| ૧૧૭૬ | દિલીપ બાબુલાલ જૈન | ” | ૧૨૦૯ | ધર્મેન્દ્ર એચ. જૈન | ” |
| ૧૧૭૭ | કિરીટ માણેકલાલ જૈન | ” | ૧૨૧૦ | નીરંજન નરભેરામ જૈન | ઢસા. જં. |
| ૧૧૭૮ | શૈલેષ કનૈયાલાલ જૈન | લાઠી | ૧૨૧૧ | દિલીપ ભોગીલાલ જૈન | રખીયાલ |
| ૧૧૭૯ | બીપીન કનૈયાલાલ જૈન | લાઠી | ૧૨૧૨ | આશા ભોગીલાલ જૈન | ” |
| ૧૧૮૦ | પ્રતાસ સી. જૈન | રાજકોટ | ૧૨૧૩ | કલ્પના ભોગીલાલ જૈન | ” |
| ૧૧૮૧ | અશોકકુમાર સી. જૈન | ” | ૧૨૧૪ | અલકાબેન રમણીકલાલ જૈન | ” |
| ૧૧૮૨ | લલીતકુમાર સી. જૈન | ” | ૧૨૧૫ | પંકજ આર. જૈન | ” |
| ૧૧૮૩ | નલીનકુમાર સી. જૈન | ” | ૧૨૧૬ | રમેશચંદ્ર એમ. જૈન | ” |
| ૧૧૮૪ | અશોકકુમાર બળવંતરાય જૈન | શીવ | ૧૨૧૭ | બાબુલાલ એમ. જૈન | ” |
| ૧૧૮૫ | રાજકુમાર જૈન | સનાવદ | ૧૨૧૮ | કિરીટ એન. જૈન | ” |
| ૧૧૮૬ | જીતેન્દ્રકુમાર જૈન | સનાવદ | ૧૨૧૯ | સુમીત્રા એન. જૈન | ” |
| ૧૧૮૭ | નયનાબેન ચંદુલાલ જૈન | જમશેદપુર | ૧૨૨૦ | ચન્દ્રકાંત એમ. જૈન | ” |
| ૧૧૮૮ | મુકેશ ચંદુલાલ જૈન | ” | ૧૨૨૧ | અજીત એમ. જૈન | રખીયાલ |
| ૧૧૮૯ | કલ્પના પ્રફુલચંદ જૈન | જામનગર | ૧૨૨૨ A | દેવિન્દ્રા આર. જૈન | રખીયાલ |
| ૧૧૯૦ | જયશ્રી પ્રફુલચંદ જૈન | ” | ૧૨૨૨ B | કીરીટ કે. જૈન | રખીયાલ |
| ૧૧૯૧ | સાધના પ્રફુલચંદ જૈન | ” | ૧૨૨૩ | અશોક અમૃતલાલ જૈન | ફતેપુર |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨૨૪ | પ્રકાશ અમૃતલાલ જૈન | ફતેપુર | ૧૨૫૯ | રજનીકાન્ત રવીચંદ જૈન | અમદાવાદ |
| ૧૨૨૫ | રાજેન્દ્ર વાડીલાલ જૈન | ” | ૧૨૬૦ | અશોક આર. જૈન | ” |
| ૧૨૨૬ | શૈલેષ ભોગીલાલ જૈન | ” | ૧૨૬૧ | રસીલાબેન આર. જૈન | ” |
| ૧૨૨૭ | સુરેશ અમૃતલાલ જૈન | ” | ૧૨૬૨ | મહેશ એસ. જૈન | મોરબી |
| ૧૨૨૮ | વીજયકુમાર ચંદુલાલ જૈન | ” | ૧૨૬૩ | સુરેખાબેન એસ. જૈન | ” |
| ૧૨૨૯ | સુરેશકુમાર મીઠાલાલ જૈન | ” | ૧૨૬૪ | સુલોચના તારાચંદ જૈન | નવા |
| ૧૨૩૦ | દેવેન્દ્ર સોમચંદ જૈન | ” | ૧૨૬૫ | ભાવના લહેરચંદ જૈન | સાવરકુંડલા |
| ૧૨૩૧ | ભરત રમણલાલ જૈન | ” | ૧૨૬૬ | શૈલેષ લહેરચંદ જૈન | ” |
| ૧૨૩૨ | પ્રવીણચંદ્ર મણીલાલ જૈન | ” | ૧૨૬૭ | કોકિલાબેન ચંદુલાલ જૈન | સલાલ |
| ૧૨૩૩ | દિનેશચંદ્ર અમૃતલાલ જૈન | ” | ૧૨૬૮ | અતુલ ચંદુલાલ જૈન | સલાલ |
| ૧૨૩૪ | ધીરજબેન અમૃતલાલ જૈન | ” | ૧૨૬૯ | હસમુખરાય જગજીવન જૈન | સુરેન્દ્રનગર |
| ૧૨૩૫ | સરોજબેન તારાચંદ જૈન | ” | ૧૨૭૦ | કિર્તીકુમાર ધીરજલાલ જૈન | મુંબઇ-૫૪ |
| ૧૨૩૬ | રંજનબેન અમૃતલાલ જૈન | ” | ૧૨૭૧ | કીરણબેન ધીરજલાલ જૈન | મુંબઈ-૫૪ |
| ૧૨૩૭ | ભાનુબેન માણેકચંદ જૈન | ” | ૧૨૭૨ | રમાબેન હિંમતલાલ જૈન | ” |
| ૧૨૩૮ | ભાનુબેન માણેકચંદ જૈન | ” | ૧૨૭૩ | નીરંજન હિંમતલાલ જૈન | ” |
| ૧૨૩૯ | વસુબેન અમૃતલાલ જૈન | ” | ૧૨૭૪ | નીરંજન રમણલાલ જૈન | સુરેન્દ્રનગર |
| ૧૨૪૦ | સવીતાબેન છોટાલાલ જૈન | ” | ૧૨૭૫ | નીલાંજના આર જૈન | ” |
| ૧૨૪૧ | કોકિલાબેન ભાઈચંદ જૈન | ” | ૧૨૭૬ | કિરણ. આર. જૈન | ” |
| ૧૨૪૨ | સુમીતાબેન કચરાલાલ જૈન | ” | ૧૨૭૭ | હરેશ પ્રાણલાલ જૈન | સોનગઢ |
| ૧૨૪૩ | શર્મીષ્ઠાબેન અમૃતલાલ જૈન | ” | ૧૨૭૮ | ભૂપેન્દ્ર કલ્યાણી જૈન | ” |
| ૧૨૪૪ | સરોજબેન બાબુલાલ જૈન | ” | ૧૨૭૯ | રમણીકલાલ કેશવલાલ જૈન | ” |
| ૧૨૪૫ | સુરેખા મણીલાલ જૈન | ” | ૧૨૮૦ | મોહન ભીમજીભાઈ જૈન | ” |
| ૧૨૪૬ | સરોજબેન બાબુલાલ જૈન | ” | ૧૨૮૧ | હરિશ નૌતમલાલ જૈન | ” |
| ૧૨૪૭ | સુરેશકુમાર અમૃતલાલ જૈન | ” | ૧૨૮૨ | ધનસુખ વૃજલાલ જૈન | ” |
| ૧૨૪૮ | શીરીષ એલ. જૈન | રાજકોટ | ૧૨૮૩ | ધનકુમાર બાબુલાલ જૈન | ” |
| ૧૨૪૯ | શોભના એલ. જૈન | રાજકોટ | ૧૨૮૪ | હર્ષદ બાબુલાલ જૈન | ” |
| ૧૨૫૦ | પ્રદીપ એલ. જૈન | ” | ૧૨૮૫ | નીતીન અમૃતલાલ જૈન | ” |
| ૧૨૫૧ | પારૂલ વસંતરાય જૈન | અંધેરી | ૧૨૮૬ | યોગેશ ભીમજીલાલ જૈન | ” |
| ૧૨૫૨ | પ્રદીપ ખીમચંદ જૈન | જામનગર | ૧૨૮૭ | અરૂણ અમૃતલાલ જૈન | ” |
| ૧૨૫૩ | સુધીરકુમાર સી. જૈન | અમદાવાદ | ૧૨૮૮ | હર્ષદરાય જેઠાલાલ જૈન | ” |
| ૧૨૫૪ | દક્ષાબેન જયંતીલાલ જૈન | ” | ૧૨૮૯ | રાજેન્દ્ર શ્રીમલ જૈન | ” |
| ૧૨૫૫ | જયશ્રીબેન જે. જૈન | ” | ૧૨૯૦ | રાજેન્દ્ર નરોત્તમદાસ જૈન | ” |
| ૧૨૫૬ | આશીષ જે. જૈન | ” | ૧૨૯૧ | રમેશ નરોત્તમદાસ જૈન | ” |
| ૧૨૫૭ | ચંદ્રકલા ચંદુલાલ જૈન | ” | ૧૨૯૨ | દીપક ડી. જૈન | સોનગઢ |
| ૧૨૫૮ | રૂપાબેન ચંદુલાલ જૈન | ” | ૧૨૯૩ | શરદ જે. જૈન | ” |

| | | |
|---|---|---|
| ૧૨૯૪ | ચન્દ્રકાંત જે. જૈન | સોનગઢ |
| ૧૨૯૫ | અશ્વિન દલસુખલાલ જૈન | ” |
| ૧૨૯૬ | હરેશ અ. જૈન | ” |
| ૧૨૯૭ | મહેશ એન. જૈન | ” |
| ૧૨૯૮ | હર્ષદ દેવજીભાઈ જૈન | ” |
| ૧૨૯૯ | નવીનચંદ્ર વૃજલાલ જૈન | ” |
| ૧૩૦૦ | ભરત વૃજલાલ જૈન | ” |
| ૧૩૦૧ | મહેશકુમાર પોપટલાલ જૈન | ” |
| ૧૩૦૨ | બીપીનકુમાર પોપટલાલ જૈન | ” |
| ૧૩૦૩ | સુભાષચંદ્ર એમ. જૈન | પ્રાંતીજ |
| ૧૩૦૪ | જીતેન્દ્ર બાબુલાલ જૈન | દહેગામ |
| ૧૩૦૫ | જ્યોતીબેન બાબુલાલ જૈન | દહેગામ |
| ૧૩૦૬ | મધુબેન એમ. જૈન | લાઠી |
| ૧૩૦૭ | હર્ષદ જે. જૈન | મોરબી |
| ૧૩૦૮ | મહેશ જે. જૈન | મોરબી |
| ૧૩૦૯ | હરેશ જે. જૈન | ” |
| ૧૩૧૦ | હેમાંશુકુમારી જૈન | ” |
| ૧૩૧૧ | ભારતીબાળા જૈન | ” |
| ૧૩૧૨ | ઈલાબેન જૈન | બોરસદ |
| ૧૩૧૩ | અરૂણા જૈન | ” |
| ૧૩૧૪ | વીમલા જૈન | ” |
| ૧૩૧૫ | મધુબેન જૈન | ” |
| ૧૩૧૬ | જ્યોતી જે. જૈન | મુંબઈ–૩ |
| ૧૩૧૭ | બકુલેશ જૈન | રાયપુર |
| ૧૩૧૮ | દિનેશ એસ. જૈન | વડદલા |
| ૧૩૧૯ | જીતેન્દ્ર એસ. જૈન | વડદલા |
| ૧૩૨૦ | સાકરલાલ ગાંધી જૈન | પ્રાંતીજ |
| ૧૩૨૧ | ડોલરકુમાર એસ. જૈન | ગોંડલ |
| ૧૩૨૨ | પવનકુમાર જૈન | સનાવદ |
| ૧૩૨૩ | પ્રફુલ્લા એમ. જૈન | ટાટમ |
| ૧૩૨૪ | ભારતી એમ. જૈન | ” |
| ૧૩૨૫ | નવીનચંદ્ર બી. જૈન | સલાલ |
| ૧૩૨૬ | અશોક બી. જૈન | ” |
| ૧૩૨૭ | શરદ એ. જૈન | સાવરકુંડલા |
| ૧૩૨૮ | અશ્વિન એમ. જૈન | મોરબી |
| ૧૩૨૯ | જયેન્દ્ર ચંદુલાલ જૈન | મુંબઈ–૩ |
| ૧૩૩૦ | રવીન્દ્રકુમાર જૈન | ઉદેપુર |
| ૧૩૩૧A | રજનીકાન્ત મગનલાલ જૈન | ભીવંડી |
| ૧૩૩૧ B | પ્રફુલ્લા આર. જૈન | ” |
| ૧૩૩૨ | ભદ્રાબેન રતીલાલ જૈન | મુંબઈ–૭૭ |
| ૧૩૩૩ | અનીલ આર. જૈન | ” |
| ૧૩૩૪ | ગીરીશ આર. જૈન | ” |
| ૧૩૩૫ | હિતેશ હરિલાલ જૈન | વીંછીયા |
| ૧૩૩૬ | કુમકુમ હરિલાલ જૈન | ” |
| ૧૩૩૭ | સુરેશચંદ્ર જૈન | રાનકુવા |
| ૧૩૩૮ | પ્રફુલ્લા વૃજલાલ જૈન | સાવરકુંડલા |
| ૧૩૩૯ | સરોજ વૃજલાલ જૈન | ” |
| ૧૩૪૦ | ભરત વસંતરાય જૈન | રાજકોટ |
| ૧૩૪૧ | દિપક વસંતરાય જૈન | ” |
| ૧૩૪૨ | કોકીલા આર. જૈન | જેતપુર |
| ૧૩૪૩ | પ્રતીભા આર. જૈન | ” |
| ૧૩૪૪ | રીટા આર. જૈન | ” |
| ૧૩૪૫ | જયંતકુમાર એમ. જૈન | ભાવનગર |
| ૧૩૪૬ | જસવંતરાય એ. જૈન | વઢવાણશહેર |
| ૧૩૪૭ | સુનીતાબેન નેમચંદ જૈન | સાવરકુંડલા |
| ૧૩૪૮ | જીતેન્દ્ર કાંતીલાલ જૈન | ” |
| ૧૩૪૯ | ગુણવંત કોદરલાલ જૈન | પ્રાંતીજ |
| ૧૩૫૦ | બીપીનચંદ્ર જૈન | સલાલ |
| ૧૩૫૧ | જાગૃતિ એમ. જૈન | મુંબઈ–૪ |
| ૧૩૫૨ | પ્રદીપ પી. જૈન | સોનગઢ |
| ૧૩૫૩ | રમેશ જે. જૈન | ” |
| ૧૩૫૪ | કીરીટ આર. જૈન | ” |
| ૧૩૫૫ | હસમુખ ચીમનલાલ જૈન | ” |
| ૧૩૫૬ | જીતેન્દ્ર ઉમેદચંદ જૈન | ” |
| ૧૩૫૭ | નરેન્દ્ર ઉમેદચંદ જૈન | ” |
| ૧૩૫૮ | હરેશ ભીખાલાલ જૈન | ” |
| ૧૩૫૯ | દિપક જયંતીલાલ જૈન | ” |
| ૧૩૬૦ | રજનીકાંત મોહનલાલ જૈન | ” |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩૬૧ | મહેન્દ્ર ઉમેદચંદ જૈન | સોનગઢ | ૧૩૬૯ | ચન્દ્રકાંત મીઠાલાલ જૈન | ” |
| ૧૩૬૨ | રતીલાલ વિસંજી જૈન | ” | ૧૩૭૦ | શૈલેષ મીઠાલાલ જૈન | રખીયાલ |
| ૧૩૬૩ | અજીત ધરમચંદ જૈન | ” | ૧૩૭૧ | દિલીપ એમ. જૈન | ” |
| ૧૩૬૪ | રમેશ મોહનલાલ જૈન | ” | ૧૩૭૨ | વિનુ સી. જૈન | ” |
| ૧૩૬૫ | રજની શાંતીલાલ જૈન | ” | ૧૩૭૩ | મહેન્દ્ર આર. જૈન | ” |
| ૧૩૬૬ | જીતેન્દ્ર શાન્તીલાલ જૈન | ” | ૧૩૭૪ | ભારતીબેન સી. જૈન | ” |
| ૧૩૬૭ | હરીશ હીરાલાલ જૈન | ” | ૧૩૭૫ | પ્રકાશ બી. જૈન | ” |
| ૧૩૬૮ | અલકાબેન આર. જૈન | નાના જલુન્દા | ૧૩૭૬ | રમેશ કે. જૈન | સોનગઢ |

## ગયા અંકના પ્રશ્નોના જવાબ મોકલનાર સભ્યોના નંબર

૨૧૫, ૩૫૭, ૮૨ ૭૪૦ ૫૧૮ ૫૨૨ ૮૦ ૨૮૯ ૯૭૯ ૧૧૬૨ ૯૭૮ ૧૦૩૦ ૧૦૨૮ ૨૪ ૧૦૦૫ ૧૦૭ ૧૦૨૮ ૧૦૩૦ ૩૯૪ ૩૯૮ ૭૩ ૪૨૯ ૮૭ ૮૧ ૪૧૪ ૮૬૮ ૮૬૯ ૮૭૦ ૮૭૧ ૯૭૫ ૪૪૫ ૧૧૫૫ ૭૧૦ ૧૨૨ ૧૨૩ ૪૮૮ ૫૩૩ ૧૪૭ ૫૧૭ ૩૮૪ ૪૬૦ ૧૭૦ ૬૨૦ ૩૦૧ ૧૪૩ ૯૮૪ ૨૬૨ ૩૬૯ ૮૬ ૪૦ ૩૭૧ ૨૧૮ ૧૧૭ ૪૦૭ ૩૮૫ ૪૯ ૩૩૯ ૩૭૭ ૧૦૦૭ ૨૪૬ ૬૬ ૩૨૫ ૭૫૯ ૭૬૦ ૭૬૧ ૫૮૧ ૫૮૦ ૧૪૨ ૧૨૯ ૧૧૫૨ ૧૧૭ ૮૫૬ ૮૫૭ ૫૮૧ ૫૫૦ ૧૧૫ ૩૩૩ ૩૩૪ ૩૩૫ ૩૪૫ ૧૧ ૫૪ ૩૧ ૧૮ ૨૭૬ ૪૫ ૩૧૮ ૩૧૯ ૨૭૫ ૨૯૩ ૨૯૪ ૨૯૫ ૧૮૦ ૮૭૫ ૩૪૪ ૩૦૦ ૨૫૨ ૯૦૬ ૯૦૭ ૮૦૩ ૩૨૧ ૮૮૪ ૮૮૧ ૧૬૪ ૮૧૨ ૭૯૦ ૧૧૩૯ ૧૧૪૧ ૨૩ ૬૩૦ ૪૦૦ ૨૯૮ ૩૨૦ ૭૫૪ ૮૮૨ ૮૮૪ ૮૪ ૮૩ ૭૭૧ ૪૬૧ ૨૯૭ ૧૦ ૫૮૨ ૭૮૯ ૫૫૦ ૨૫૩ ૧૨ ૭૪૦ ૭૫૫ ૩૭૨ ૫૮૨ ૮૦૯ ૧૦૦૮ ૯૧૫ ૫૧૬ ૧૧૬૬ ૯૦૯ ૧૧૭૩ ૧૧૭૪ ૧૧૬૫ ૪૦૭ ૨૪૬ ૮ ૪૩ ૪૪૯ ૪૨ ૬૯૭ ૫૪૮ ૧૩૭ ૭૮૭ ૧૦૩૯ ૭૭૮ ૩૫૧ ૩૫૨ ૮૯ ૧૨૧૦ ૩૪૯ ૩૭૩ ૭૪૧ ૭૪૪ ૮૧૩ ૭૬૨ ૧૨૦૮ ૧૦૦૩ ૧૦૦૪ ૫૪૨ ૨૭૭ ૧૩૫ ૭૭ ૭૯ ૧૪૩૮ ૧૪૩૯ ૧૪૪૦ ૧૪૪૧ ૧૪૪૨ ૨૦૨ ૩૯૩ ૨૪૪ ૪૧૭ ૬૧૦ ૪૧૬ ૧૦૧ ૧૧૫૦ ૩૯૨ ૬૪૩ ૬૪૫ ૬૪૪ ૬૩૮ ૪૬૬ ૫૧૪ ૧૬૬ ૩૮ ૧૪૪૨ ૧૪૫૩ ૭૭૨ ૧૪૫૫ ૩૧૮ ૧૪૯૨ ૪૧૫.

## આત્મધર્મના વિકાસ માટે તથા બાલવિભાગ માટે આવેલ રકમોની સાભાર નોંધ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫ | મફતલાલ હરજીવનદાસ કામદાર | અમદાવાદ | ૨૫ | કસ્તુરબેન મુંબઈવાળા | સોનગઢ |
| ૨૫ | જવાહરલાલજી મોતીલાલ જૈન | ખંડવા | ૧૦૧ | નીરંજનકુમાર હિંમતલાલ ઝોબાળીયા | સોનગઢ |
| ૫ | દીલીપકુમાર જગુભાઈ જૈન | ભાવનગર | ૫૧ | પ્રતાપરાય ચંદુલાલ સંઘવી તથા ભોગીલાલ જમનાદાસ સંઘવી | રાજકોટ |
| ૧૧ | નીખીલકુમાર પ્રતાપરાય જૈન | કલકતા | | | |
| ૫ | સુમીકુમાર માણેકલાલ જૈન | મુંબઈ | ૧૦ | ઈન્દ્રવદન રમણલાલ જૈન | ગોધરા |
| ૫ | વિદેહાબેન માણેકલાલ જૈન | મુંબઈ | ૨૧ | ભુપતલાલ જેચંદભાઈ દોશી | ઘાટકોપર |
| ૧૦ | પિયુષકુમાર પ્રીતમલાલ વારીયા | ભચાઉ | ૧૦૧ | લીલાકુમારીબેન હરખચંદ દ. છોગાજી | સાયલા (રાજ.) |
| ૨૧ | હસમુખરાય જગજીવનદાસ શાહ | સુરેન્દ્રનગર | ૨૫ | ભગવાનજી કચરાભાઈ જૈન | મોમ્બાસા |
| ૨૫ | રજનીકાંત મગનલાલ મહેતા | ભીમંડી | | | |

# આપણો ધાર્મિક પરિવાર

બાલવિભાગના ત્રીજા પ્રશ્ન તરીકે ગયા અંકમાં પાંચ આચાર્ય–મુનિરાજનાં નામ, તથા તેમણે દરેકે રચેલા એકેક શાસ્ત્રનાં નામ પૂછ્યા હતા, તેના જવાબમાં જુદા જુદા બાળકોએ જુદા જુદા નામો લખેલા છે, એટલે અમારી પાસે તો ઘણાય આચાર્ય–મુનિરાજો તથા ઘણાય શાસ્ત્રોનાં નામ ભેગા થયા છે. તે બધા અહીં આપીએ છીએ. આ વાંચતા ખ્યાલ આવશે કે અહો ! આપણા ધર્મમાં કેવા કેવા મોટા મોટા મહાત્માઓ થયા, તથા તેમણે કેવા કેવા મહાન શાસ્ત્રો રચ્યાં ! જેમ આપણે આપણા કુટુંબ–પરિવારને અને સગાંવહાલાંને ઓળખીએ છીએ તેમ ધર્મમાં આપણા ખરા કુટુંબ–પરિવાર ને ખરા સગાંવહાલાં તો તીર્થંકરો–મુનિવરો ને ધર્માત્માઓ છે, તેમને ઓળખીને આપણે અત્યંત પ્રેમપૂર્વક તેમનું આત્મિક જીવન જાણવું જોઈએ. અહીં કેટલાક નામો આપ્યાં છેઃ–

કુંદકુંદાચાર્યઃ– સમયસાર, પ્રવચનસાર; પંચાસ્તિકાય, નિયમસાર, અષ્ટપાહુડ વગેરે (તથા ષટ્‌ખંડાગમની પરિકર્મ–ટીકા)

ધરસેનઆચાર્યઃ– (ષટ્‌ખંડાગમ શિખવ્યા)

પુષ્પદંતઆચાર્યઃ...........ષટ્‌ખંડાગમ

ભૂતબલિઆચાર્યઃ ષટ્‌ખંડાગમ

ગુણધરઆચાર્યઃ કષાયપ્રાભૃત

ઉમાસ્વામીઃ– તત્ત્વાર્થસૂત્ર (મોક્ષશાસ્ત્ર)

યતિવૃષભ–આચાર્યઃ ત્રિલોકપ્રજ્ઞપ્તિ; કષાયપ્રાભૃતની ટીકા

વીરસેનસ્વામીઃ ધવલ–જયધવલ ટીકા

જિનસેનસ્વામી મહાપુરાણઃ (તથા જયધવલ ટીકાનો બાકીનો ભાગ) નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તીઃ ગોમ્મટસાર, દ્રવ્યસંગ્રહ ત્રિલોકસાર, લબ્ધિસાર, ક્ષપણાસાર.

યોગીન્દુદેવઃ પરમાત્મપ્રકાશ, યોગસાર.

અમૃતચંદ્રાચાર્યઃ તત્ત્વાર્થસાર, પુરુષાર્થસિદ્ધિ ઉપાય; તથા સમયસાર–પ્રવચનસાર પંચાસ્તિકાયની ટીકા.

સમન્તભદ્રસ્વામીઃ આપ્તમીમાંસા; રત્નકરંડશ્રાવકાચાર; સ્વયંભૂ–મહાસ્તોત્ર સ્તુતિવિદ્યા, વગેરે.

શિવકોટિઆચાર્યઃ ભગવતી આરાધના.

કાર્તિકેયમુનિરાજઃ બારસ્સ અનુપ્રેક્ષા

પદ્મનંદીમુનિરાજ : પદ્મનંદીપચ્ચીસી

ગુણભદ્રસ્વામીઃ આત્માનુશાસન (તથા મહાપુરાણનો બાકીનો ભાગ)

પૂજ્યપાદસ્વામીઃ મોક્ષશાસ્ત્ર ઉપર સર્વાર્થસિદ્ધિ ટીકા; ઈષ્ટોપદેશ, સમાધિશતક; જૈનેન્દ્રવ્યાકરણ.

અકલંકસ્વામીઃ મોક્ષશાસ્ત્ર ઉપર રાજવાર્તિક ટીકા; અષ્ટશતી (આપ્તમીમાંસાની ટીકા) ન્યાયવિનિશ્ચય, લઘીયસ્ત્રય, સિદ્ધિવિનિશ્ચય,

પ્રમાણસંગ્રહ; (સર્વજ્ઞસિદ્ધિ– એ તેમનો ખાસ વિષય છે.)

વિદ્યાનંદીસ્વામીઃ અષ્ટસહસ્રી ટીકા–આપ્તપરીક્ષા; તત્ત્વાર્થ શ્લોકવાર્તિક ટીકા.

જયસેનાચાર્યઃ સમયસાર વગેરેની ટીકા.

પ્રભાચન્દ્રઆચાર્યઃ પ્રમેયકમલમાર્તંડ (ટીકા)

શુભચંદ્રઆચાર્યઃ જ્ઞાનાર્ણવ

કુમુંદચંદ્ર સ્વામીઃ ન્યાયકુમુદચંદ્ર

માનતુંગસ્વામીઃ ભક્તામરસ્તોત્ર (આદિનાથસ્તુતિ)

વાદીરાજમુનિ : એકીભાવ સ્તોત્ર

પદ્મપ્રભમુનિરાજઃ યોગસાર; શ્રાવકાચાર.

જયસેન (વસુબિંદુ) સ્વામીઃ જિનેન્દ્ર–પ્રતિષ્ઠાપાઠ

(અહીં ટૂંક યાદી આપી છે. આ સિવાય બીજા અનેક પૂજ્ય સન્ત મુનિવરો તેમજ વીતરાગી શાસ્ત્રો છે. અહીં જણાવેલા લગભગ બધા જ શાસ્ત્રો હાલ વિદ્યમાન છે, ને છપાઈને પ્રસિદ્ધ થયેલા છે. બાળકો, તમે મોટા થાવ ત્યારે જરૂર એની સ્વાધ્યાય કરજો. એટલે આપણા એ પૂર્વજો કેવા મહાન હતા–તેનો તમને ખ્યાલ આવશે.



બાળકો, આ સિંહ અને સર્પને જુઓ; તે તમને કંઈક સારી મજાની વાત કહે છે. શું કહેતા હશે? એની ભાષા તમે સમજો છો? ન સમજતા હો તો આવતા અંકમાં વાંચજો.

મહાપુરુષોની છાયામાં રહેવાથી ને તેમની આજ્ઞામાં વર્તવાથી દોષો ટળે છે ને ગુણો પ્રગટ થાય છે. કેમકે ગુણીજનોના આશ્રયમાં દોષ ક્યાંથી ટકી શકે?

# મહાવીરપ્રભુ પછી થએલો આપણો પૂજ્ય-પરિવાર

આમ તો અનાદિકાળથી અનંતા તીર્થંકર ભગવંતો તેમ જ પંચપરમેષ્ઠી વગેરે ચૈતન્ય–આરાધક સન્તો થયા તે બધાય આપણા જૈનધર્મનો મહાન પરિવાર છે; આપણે પણ એ મહાન પરિવારના છીએ–તે આપણું ગૌરવ છે. ગુરુદેવ વારંવાર સમજાવે છે કે તું સિદ્ધનો નાતીલો છો, તું સિદ્ધના પરિવારનો છો, તું તીર્થંકરના કૂળનો છો. આપણા આ સાચા પરિવારની ઓળખાણ તે મહાન લાભનું કારણ છે. આ અંકમાં કેટલાક આચાર્ય–મુનિવરોના નામ આપ્યા છે, તેઓ બધાય હમણાં તાજેતરમાં (પંચમકાળમાં) થયેલા છે. તે ઉપરાંત આ પંચમકાળમાં બીજા પણ ઘણાંય વીતરાગી સંતમુનિવરો થયા છે. કુંદકુંદાચાર્ય જે પરિપાટીમાં થયા તે નંદીસંઘની જુની પ્રાકૃત પટ્ટાવલીઅનુસાર મહાવીરભગવાનથી માંડીને કુંદકુંદઆચાર્યદેવ સુધીની પેઢીમાં જે સંતો થયા તેની મંગલ યાદી અહીં આપી છે–

ત્રિલોકપૂજ્ય તીર્થંકર મહાવીરઃ આજથી ૨૫૬૪ વર્ષ પહેલાં આ ભરતભૂમિમાં અવતર્યા, ને મોક્ષમાર્ગને પ્રકાશીત કરીને ૨૪૯૨ વર્ષ પહેલાં મોક્ષપુરીમાં પધાર્યા. તે વખતે ચોથોકાળ હતો. ને ત્રણવર્ષ આઠ માસ ને પંદર દિવસ પછી પંચમકાળ બેઠો. ચોથાકાળમાં જન્મેલા અનેક જીવો આ પંચમકાળમાં પણ કેવળજ્ઞાન પામીને અર્હન્તપણે આ ભરતક્ષેત્રમાં વિચરતા હતા. તેમાં પરિપાટીઅનુસાર ગૌતમ સુધર્મ ને જંબુસ્વામી એ ત્રણ કેવળજ્ઞાની ૬૨ વર્ષમાં થયા, ત્યારપછી ભરતક્ષેત્રના જીવોમાં કેવળજ્ઞાન ન રહ્યું.

**મહાવીર તીર્થંકરના મોક્ષગમનપછી**

| | | |
|---|---|---|
| ૧ | ગૌતમસ્વામી...... | કેવળજ્ઞાન |
| ૨ | સુધર્મસ્વામી..... | કેવળજ્ઞાન |
| ૩ | જંબુસ્વામી...... | કેવળજ્ઞાન |
| | (મહાવીર પછી ૬૨ વર્ષ બાદ) | |
| ૪ | વિષ્ણુમુનિ.......... | શ્રુતકેવળી |
| ૫ | નન્દિમિત્રમુનિ.... | શ્રુતકેવળી |
| ૬ | અપરાજિતમુનિ...... | શ્રુતકેવળી |
| ૭ | ગોવર્ધનમુનિ....... | શ્રુતકેવળી |
| ૮ | ભદ્રબાહુમુનિ..... | શ્રુતકેવળી |

(પાંચ શ્રુતકેવળીનો કુલ કાળ ૧૦૦ વર્ષ)

**(મહાવીર પછી ૧૬૨ વર્ષ બાદ)**

| | | |
|---|---|---|
| ૯ | વિશાખાચાર્ય.... | દશપૂર્વધારક |
| ૧૦ | પ્રૌષ્ઠિલ–આચાર્ય.... | ” |
| ૧૧ | ક્ષત્રિય–આચાર્ય...... | ” |
| ૧૨ | જયસેનાચાર્ય......... | ” |
| ૧૩ | નાગસેનાચાર્ય..... | ” |
| ૧૪ | સિદ્ધાર્થ–આચાર્ય.... | ” |
| ૧૫ | ધૃતિસેણ–આચાર્ય...... | ” |
| ૧૬ | વિજયઆચાર્ય........ | ” |
| ૧૭ | બુદ્ધિલિંગાચાર્ય..... | ” |
| ૧૮ | દેવ–આચાર્ય....... | ” |
| ૧૯ | ધર્મસેનાચાર્ય | ” |

(૧૧ દશપૂર્વધારકનો કૂલ કાળ ૧૮૩ વર્ષ)

| ( મહાવીર પછી ૩૪૫ વર્ષો બાદ ) | | | ( મહાવીર પછી ૫૬૭ વર્ષો બાદ ) | | |
|---|---|---|---|---|---|
| ૨૦ | નક્ષત્ર–આચાર્ય | ૧૧ અંગધારક | ૨૯ | અર્હંતબલિ મુનિરાજ | એક અંગધારક |
| ૨૧ | જયપાલ–આચાર્ય | ” | ૩૦ | માઘનન્દિ આચાર્ય | ” |
| ૨૨ | પાંડવ–આચાર્ય | ” | ૩૧ | માઘનન્દિસ્વામીના બે શિષ્યો | ” |
| ૨૩ | ધ્રુવસેન–આચાર્ય | ” | | ધરસેન અને જિનસેન | |
| ૨૪ | કંસ–આચાર્ય | ” | ૩૨ | ધરસેનસ્વામીના બે શિષ્યો | |
| ૨૫ | સુભદ્ર–આચાર્ય ૧૦–૯ કે | ૮ અંગધારક | | પુષ્પદન્ત, ને ભૂતબલિ તથા | |
| ૨૬ | યશોભદ્ર–આચાર્ય | ” | | જિનસેનસ્વામીના શિષ્ય | |
| ૨૭ | ભાદ્રબાહુ ( બીજા ) | ” | | કુંદકુંદાચાર્ય | |
| ૨૮ | લોહાચાર્ય | ” | | આપણા જૈનસમાજના આ સમસ્ત | |
| ( નવ આચાર્યોનો કુલ કાળ ૨૨૨ વર્ષ ) | | | | પૂજ્ય–પરિવારને નમસ્કાર હો. | |

કુંદકુંદાચાર્ય પછી પણ અનેક પૂજ્ય–સન્તો જૈનપરિવારમાં થતા આવ્યા છે. આજે પણ શુદ્ધચૈતન્યના આરાધક સન્તો આપણા જૈનપરિવારમાં સાક્ષાત્ જોવા મલે છે. આપણું મહાન ભાગ્ય કે જગતનો આવો સર્વોત્તમ ધાર્મિક પરિવાર આપણને પ્રાપ્ત થયો. આપણા આ પૂજ્ય પુરુષોએ જેવી શુદ્ધઆત્મતત્ત્વની આરાધના કરી અને ઉપદેશદ્વારા શુદ્ધાત્મતત્ત્વની આરાધનાનો વારસો આપણને આપ્યો તે શુદ્ધાત્મતત્ત્વના આરાધક થઈને આપણા આ પૂજ્ય પરિવારને અનુસરીએ....એ વીરના–વંશજો તરીકે આપણું કર્તવ્ય છે; અને તેથી જ આપણે ગૌરવપૂર્વક કહીએ છીએ કે–“અમે તો જિનવરનાં સન્તાન!”

આ અંકમાં ૭મા પાને છપાયેલ બંને કોયડાનો ઉકેલ

| **મહાવીર** | | **સીમંધર** |
|---|---|---|
| મનમાં છે પણ તનમાં નથી... | ( મ ) | સિદ્ધપુર |
| હાસ્યમાં છે પણ શોકમાં નથી.... | ( હા ) | મંદારગિરિ |
| વીસમાં છે પણ ચાલીસમાં નથી.... | ( વી ) | ધરમપુર |
| રસમાં છે પણ બસમાં નથી....... | ( ર ) | રમ્યનગર |

* * *

આ અંકમાં ૧૭મા પાને છપાયેલ બે શબ્દચોરસનો ઉકેલ.

**( ૧ ) શ્રી મહાવીર; સીમંધર** **( ૨ ) બાલવિભાગ-સોનગઢ.**

## વહ ઘડી કબ આયગી

એક નાની બાલિકા લખે છે કે આપે મોકલેલ આંબામાંથી સમ્યગ્જ્ઞાનની પહેલી કેરી લેવા માટે પ્રયત્ન કરું છું. તથા તે પોતાના જન્મદિવસે ભાવના ભાવે છે કે–

જન્મ–મરણકા નાશ હોવે ઈસ દુઃખી સંસારસે,

શ્રાવિકા–અર્જિકા બનકે વિચરું, વહ ઘડી કબ આયગી ?

ચલ પડુંગી મોક્ષકે રાસ્તે વહ ઘડી કબ આયગી ?
આત્મધ્યાનકી મસ્તીમેં રહું વહ ઘડી કબ આયગી ?
આયગા વૈરાગ્ય મુઝકો ઈસ દુઃખી સંસારસે.
ત્યાગ દૂંગી મોહ–મમતા વહ ઘડી કબ આયગી ?
હાથમેં પીંછી–કમંડલ, ધ્યાન આતમરામકા,
છોડકર ઘરબાર દીક્ષ ધરું, ઘડી કબ આયગી ?
એકાકી વનમેં વિચરૂં પ્રભુ સિદ્ધસે બાતેં કરું,
નિર્વિકલ્પ સમાધિ હોવે વહ ઘડી કબ આયગી ?

...... ( નં. ૨૧૫ )

સત્સંગકા સેવન કરો, રુચિ પાત્રતાકો દૃઢ કરો;
લો લગાદો આત્મકી તબ વહ ઘડી ઝટ આયગી.

* * *

વિજય એચ. જૈન ( નં. ૪૧૪ ) બાલવિભાગના સભ્યોને માટે બે શબ્દચોરસ મોકલે છે. પહેલા ચોરસામાં બે ભગવાન અને બીજા ચોરસામાં તમારી પ્રિય વસ્તુ છે; શોધો કાઢો–

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ( ૧ ) | મ | સી | ર | ( ૨ ) | સો | બા | વિ |
| | મં | શ્રી | ધ | | ગ | ગ | ન |
| | હા | ર | વી | | ભા | ઢ | લ |

છે તો બંને સહેલાઃ છતાં ન જડે તો જવાબ; આ અંકમાંથી ક્યાંક શોધી લેજો.

## મારે જાવું છે મોક્ષ

( મારે જાવું છે પેલે પાર
હોડીવાલા હોડી હંકાર..... એ રાગ )

* * *

એક મુમુક્ષ બેન લખે છે કે નાનપણમાં ચાંદની રાતે અમે રાસડા લેતા ત્યારે તેમાં આવી ભાવના ભાવતા કે–


જવું છે મોક્ષ.....મારે...જવું છે મોક્ષ......
પ્રભુજી અમોને તારો પાર.....મારે.....
પદ્મ સરોવર કાંઠે મોતી,
જેમ ચરે હંસ ચારો ગોતી,
શોધું એમ મોક્ષનો માર્ગ......મારે જાવું છે મોક્ષ....
વ્યોમ વિષે જેમ વાદળ માલે,
ધમધમ મોક્ષનું વૈમાન ચાલે,
કાપી મોહ–માયા.....મારે જાવું છે મોક્ષ.....
દૂર દિંગતે વાટડી જોતી,
અણદીઠું ને ધીરજ ખોતી,
ક્યારે પામું મોક્ષ.....મારે જાવું છે મોક્ષ......
અંતર આંખે દેખું કિનારા,
દૂર દૂર ઝાંખું મુક્તિ મિનારા,
જાગે ભાગ્ય અમારા......મારે જાવું છે મોક્ષ.....
મિથ્યા જગની તજીને વાટ
ઝટ ઉતારો અલૌકિક ઘાટ
સૂણી અંતર પુકાર......મારે જાવું છે મોક્ષ......

* * *

“આત્મધર્મ જોયું; ઘણી જ પ્રગતિ થઈ જશે. બધા જીવોને ઉપયોગી લખાણ આવે છે; સહેલું ને સુંદર બનેલ છે. બાળકો માટે પણ ઘણું જ સુંદર છે.”

**-જે. એ. જૈન**

# પરદેશના ભાઈ-બહેન ભાવના ભાવે છે-



પરદેશમાં વસતા આપણા બાલ–પરિવારના સભ્ય (નં. ૧૧૫૪) દીનેશકુમાર જૈન (માંડલે, બરમાથી) લખે છે કે બાલવિભાગ વાંચીને તેના સભ્ય થવાનું મને બહુ જ મન થતું હતું. મારા મા–બાપુજી અમને ‘આત્માધર્મ’ તથા ભગવાનની વાતો સંભળાવે છે; તથા શરીર અને આત્મા જુદા છે એમ સમજાવે છે. મને જૈનધર્મની અને વીરપુરુષોની વાતો સાંભળતાં તથા બાલવિભાગ વાંચતાં ખૂબ જ આનંદ થાય છે. મારો પ્રશ્ન અને ભાવના નીચે મુજબ છે–

પ્ર૦ રમત–ગમતમાં કે તાવમાં હું મારા આત્માને શરીરથી જુદા જાણું તો હું જલદી સિદ્ધભગવાન બની જઈશ?

ઉ૦– ભાઈ, જીવ અને જડની ભિન્નતાનું સ્વરૂપ બરાબર ઓળખીએ પછી જ સાચું ભેદજ્ઞાન થાય. ભેદજ્ઞાન પ્રગટતી વખતે તો શરીરથી જુદા આત્માનો કોઈ એવો અનુભવ થાય કે જેના બળે પોતાને મોક્ષની ખાતરી થઇ જાય.–ને પછી આવો પ્રશ્ન ઊઠે નહિ. આવું ભેદજ્ઞાન થયા પહેલાં તે પ્રગટ કરવાની ભાવના હોય તે સારી વાત છે.

તેઓ લખે છે–“મારી ભાવના એવી છે કે, જો મને પાંખ મળે તો ગુરુદેવના દર્શન કરીને રોજ પગ દાબવા ઈચ્છું છું; અને સીમંધર ભગવાન પાસે ઊડીને જવા માંગું છું–તો મને પાંખ ક્યારે મળશે? ને મારી ભાવના ક્યારે પૂરી થશે?

ભાઈ, પંખીની પાંખ તો ન હોય–એ સારૂં, કેમકે એને માટે તો તિર્યંચગતિમાં અવતાર લેવો પડે, પણ જો જ્ઞાનરૂપી પાંખ લગાડીને ચૈતન્યઆકાશમાં નિરાલંબીપણે ઊડો તો તમને સીમંધરનાથના ને ગુરુદેવના સાક્ષાત્ દર્શન થઈ જશે. બાકી સોનગઢ આવીને ગુરુદેવના પગ દાબવા માટે તો બરમાથી બલુનમાં બેસી જાવ એટલે બીજે દિ’ સોનગઢ ભેગા.–એમાં તમારે પાંખનીયે જરૂર નહિ પડે.

એ દીનેશભાઈની બહેન મીનાકુમારી (વર્ષ ૯ નં ૧૧૫૩) પણ બરમાથી લખે છે કે “આત્મધર્મ મળતાં અને બાલવિભાગ જોતાં મને ગુરુદેવને જોવાનું બહુ મન થાય છે; હું દરરોજ સીમંધર ભગવાનની પૂજા કરું છું. આત્મધર્મ વાંચતા મને સંસાર ઉપર ખૂબ જ વૈરાગ્ય આવે છે. મારા બે પ્રશ્ન–

પ્ર૦ ૧: કયા મંત્રથી સીમંધર ભગવાન પાસે પહોંચાય?

ઉત્તર:– જ્ઞાન મંત્રથી; જો આપણે આપણા જ્ઞાનમાં સીમંધર ભગવાનનું સ્વરૂપ ઓળખીએ તો સીમંધર ભગવાન આપણા જ્ઞાનમાં બિરાજે; અથવા કોઈ વિશિષ્ટજ્ઞાન પ્રગટ કરતાં સીમંધર ભગવાન દેખાય; અથવા સોનગઢ આવે તો

સીમંધરભગવાનનાં દર્શન થશે? બાકી વિદેહ ક્ષેત્રમાં પહોંચવાનું તો અત્યારે અઘરૂં છે. બેન, આ શરીરથી ત્યાં પહોચવાનો મંત્ર તો મને નથી આવડતો; નહિતર તો તમારી જેમ મને ય ભગવાનના દર્શન કરવાનું બહુ મન છે.

પ્ર૦–૨: મારે બ્રહ્મચારી બનવું હોય તો શું કરવું?

ઉત્તરઃ– બ્રહ્મસ્વરૂપ આત્માની લગની જગાડીને સોનગઢમાં પૂ. બેનશ્રી–બેનની છાયામાં રહેવું. બેન, તમારા જેવા નવ વર્ષનાં નાનાં બાળકો પરદેશમાં વસવા છતાં નાનપણથી આવા વૈરાગ્યના ને જ્ઞાનના વિચાર કરે તે બહુ સારી વાત છે. ભાઈ–બેન બંને ધર્મમાં ઉત્સાહથી આગળ વધજો ને વેલાવેલા સ્વદેશ આવજો.

## ‘બાલવિભાગ’ માટે કોલેજીયન બંધુના ઉદ્ગાર

આત્મધર્મનો બાલવિભાગ જોઈને તથા દર્શનકથા વાંચીને અમારા છાત્રાલયના ૪૫ સભ્યોએ નામ લખાવ્યા છે. બાલવિભાગનું નામ સંભાળતાં ઘણો આનંદ આવે છે. બાલવિભાગદ્વારા ધાર્મિક સંસ્કારનું જે સિંચન થાય છે તે જોઈ ભાવિ પેઢીનું ઉજ્વળ જીવન, આધ્યાત્મિકરુચિ કેટલીક વધશે? તે વિચારે આજે આનંદ થાય છે. જૈનધર્મના અનુયાયીની બીજી ઈચ્છા શી હોય? પોતે આત્મહિત કરે અને અન્ય જીવો પણ આત્મહિત કરે. હજાર ઉપર પહોંચેલી ને હજી પણ ઝડપથી વધતી જતી સભ્યસંખ્યા જોતાં એમ થયું કે બાલવિભાગદ્વારા ઊંડા બીજ વવાઈ રહ્યા છે ને તેના મીઠાં આમ્રફળ અમે આસ્વાદીએ. (ચેતન જૈનઃ ફત્તેપુરવાળા સ. નં. ૨૬૩)

મોક્ષાર્થી એ ત્રણ વસ્તુ નક્કી કરવી જોઈએ–

* આત્મામાં પૂર્ણ શુદ્ધતાની શક્તિ છે, પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ આનંદ આત્મસ્વભાવમાં ભરપૂર છે. તે શક્તિ પરની અપેક્ષા વગર સ્વયંસિદ્ધ છે.

* વર્તમાન અવસ્થામાં અલ્પજ્ઞતા–મલિનતા દુઃખ છે, તે પોતાના અપરાધથી છે, બીજાના કારણે નહિ.

* તે અલ્પજ્ઞતા–મલિનતા ને દુઃખ ટળીને સર્વજ્ઞતા, શુદ્ધતા ને આનંદ પ્રગટી શકે છે, ને તે પોતાની સ્વસન્મુખતાથી જ પ્રગટે છે, બીજાના કારણે નહિ.

આ રીતે નક્કી કરીને સ્વભાવસન્મુખ પરિણમતાં અવસ્થામાંથી દુઃખ ટળીને આનંદ પ્રગટે છે, અલ્પજ્ઞતા ટળીને સર્વજ્ઞતા પ્રગટે છે, મલિનતા ટળીને શુદ્ધતા પ્રગટે છે. આનું નામ મોક્ષ.

# ખરી મિત્રતા

ઋષભચરિત્ર વાંચીને આપણા ઉત્સાહી સભ્ય નં. ૫૯૮ (રવીન્દ્ર જૈન-મોરબી) એ વ્યક્ત કરેલી સુંદર ભાવના.

**મુનિ મિત્ર થઈને આવો, કૃપા કરીને ધર્મ પમાડો........**
**તેમ સમ્યગ્દર્શનનાં ભેટણાં લઈ બાલવિભાગનાં ભાઈબંધો સૌ આવો**

ભગવાન ઋષભદેવના છેલ્લા દશ અવતારની કથામાં 'ભોગભૂમિમાં સમ્યક્ત્વપ્રાપ્તિ' એ લેખાંક બહુ જ ગમ્યો. મહામોંઘા મુનિરાજના દર્શન થતાં વજ્રજંઘના નયનોમાંથી હર્ષના આંસુ નીકળી નીકળીને મુનિરાજના ચરણ ઉપર પડવા લાગ્યા' એ પ્રસંગ હૃદયના તાર ઝણઝણાવી મૂકે તેવો છે!

મુનિરાજ સમ્યક્ત્વ પમાડવા આવે–અહા! કેટલી પાત્રતા! કેવી પવિત્રતા! કેવો પૂન્યનો એ પ્રકાર!! પૂર્વ ભવે ઋષભદેવનો આત્મા પરમમિત્ર હતો તેથી તેને પ્રતિબોધવા માટે સાક્ષાત્ મુનિ પોતે વિદેહક્ષેત્રમાંથી ભોગભૂમિમાં પધારે છે. પૂર્વભવના મિત્રને સમ્યક્ દર્શનના દાન દેવા દૂર દૂરના દેશાવરથી મુનિરાજ આવે છે! 'મારો મિત્ર ક્યાં છે? શું તેની સ્થિતિ છે?' અવધિજ્ઞાનથી એ જાણીને, તથા મારો પૂર્વભવનો મિત્ર હજી સમ્યક્ત્વ નથી પામ્યો માટે તેને સમ્યક્ત્વ પમાડું એમ મિત્રને મદદ કરવા મુનિ પોતે આવે છે અને કહે છે 'અમે તને સમ્યક્ત્વ પમાડવા માટે આવ્યા છીએ' એ વાત ઊંડું વિચારતાં હૃદયને વિરહની યાદ સાથે કોઈ નવી વાત કહી જાય છે.

સોનગઢમાં પણ સન્તો ઘણાં દૂર દૂરના દેશથી (વિદેહથી) આવ્યા છે, એ ભરતક્ષેત્રમાં જીવોની પાત્રતા સૂચવે છે. ભરતક્ષેત્ર અને વિદેહક્ષેત્ર તો મિત્ર છે. અહીંથી આપણા મુનિરાજ ત્યાં પધાર્યા હતા, તો હવે કોઈક વિદેહક્ષેત્રનાં મુનિરાજ અહીં ભરતક્ષેત્રે પધારો ને!

બાલવિભાગના સમસ્ત પરિવાર સાથે હું અગત્યના કોલ કરવા ઈચ્છું છું. હું સર્વને મારા પરમ મિત્ર બતાવું છું અને મિત્રતાની માગણી કરું છું કે જે કોઈ મોક્ષમાર્ગની કેડીએ આગળ વધી જાય તે, બીજા બાલસભ્યોને અવશ્ય મદદ કરે. પ્રીતિંકર મુનિરાજે તેના મિત્ર વજ્રજંઘને (સમ્યક્દર્શન પમાડવામાં) મદદ કરી હતી તેમ જિનવરના સંતાનો એવા આપણે સૌએ મોક્ષનગરીમાં જતાં જતાં સાથે રહીને એકબીજાને સહાય કરવી છે. કોઈ મિત્ર સંસારમાં ન રહી જવો જોઈએ.

# વાચકો સાથે વાતચીત

## ( સર્વે જિજ્ઞાસુઓનો પ્રિય વિભાગ )

**प्रश्न :- सात तत्त्वका श्रद्धान किस तरह होता है।** ( સ. નં ૧૪૯ )

ઉત્તરઃ– સાત તત્ત્વમાં પોતાનો શુધ્ધ આત્મા ઉપાદેય છે, તેના આશ્રયથી જે સમ્યક્ત્વાદિ નિર્મળભાવો ( એટલે કે સંવર–નિર્જરા–મોક્ષ ) પ્રગટે છે તે મને આનંદકારી છે, તે મારું સ્વરૂપ છે; અને મારાથી ભિન્ન અજીવતત્ત્વોના આશ્રયે આકુળભાવો ( આસ્રવ ને બંધ ) થાય છે, તે મને સુખરૂપ નથી પણ દુઃખરૂપ છે, તે મારું સ્વરૂપ નથી.–આવા પ્રકારે ભાવોની ભિન્નતા ઓળખતાં શુધ્ધાત્મા તરફ રુચિનું વલણ જાય છે અને અશુદ્ધતા તરફથી રુચિ હટી જાય છે,–ત્યારે સાત તત્ત્વનું સાચું શ્રધ્ધાન થાય છે. સમયસારની ભાષામાં કહીએ તો સાત તત્ત્વને જાણીને જ્યારે ભૂતાર્થરૂપ શુધ્ધઆત્માનો આશ્રય કરે ત્યારે સમ્યક્ત્વ થાય છે ને ત્યારે જ સાત તત્ત્વની સાચી શ્રદ્ધા થાય છે.

* સભ્ય નં. ૧૦૨૮–1030ના વડીલ લખે છે

“ગુરુદેવ આત્માની જે વાત સમજાવે છે તે નાના બાળકોને પણ સમજાવવામાં આત્મધર્મનાં બાલવિભાગે મોટો ફાળો આપ્યો છે. મોટા માણસો તો સમજી શકે પણ ધર્મની આવી વાત નાના બાળકો પણ સમજી શકે ને તેમાં તેને રસ પડે–એવી ઢબથી રજુઆત તથા પ્રશ્ન–ઉત્તર વડે બાલવિભાગ ખરેખર મહત્ત્વનો બન્યો છે; ને તેને આગળ ધપાવવા તમે જે મહેનત કરો છો તે સફળ થાય–એવી અમારી પ્રાર્થના છે.”

પ્રઃ– વીસ વિરહમાન તીર્થંકર ભગવંતો મહાવિદેહમાં કઈ કઈ નગરીમાં વિચરે છે તે જણાવશો–જેથી અમને ખ્યાલમાં રહે કે વર્તમાનમાં ભગવંતોના સમવસરણ કઈ જગ્યા એ હશે !

ઉઃ– માત્ર નગરીના નામ જાણવાથી સમવસરણનો કે ભગવાનના સ્વરૂપનો ખ્યાલ આવવો મુશ્કેલ છે. એનું સ્વરૂપ કોઈ અચિંત્ય છે. સર્વજ્ઞતાથી ભરપૂર ભગવાનનું પરમાર્થસ્વરૂપ લક્ષગત કરીએ તો અહીં બેઠા બેઠા વિદેહીનાથનું સ્વરૂપ ચિંતવી શકાય. પાંચ વિદેહમાંથી દરેકના ૩૨–૩૨ વિજય છે; તેનો એકેક વિજય આખા ભરતક્ષેત્ર કરતાં મોટો છે. એકેક વિજયમાં અનેક મોટા મોટા દેશ ને નગરો હોય છે; તેમાં વિહાર કરતા કરતા કોઈ પણ નગરીમાં પ્રભુ બિરાજતા હોય. સીમંધર ભગવાન પુષ્કલાવતી નામના વિજયમાં વિચરે છે. પુંડરગીરીનગરી એ તેમનું જન્મધામ છે. નગરી ગમે તે હોય પણ તેમના સ્વરૂપને લક્ષગત કરીને તેમનું સ્વરૂપ ચિંતવી શકાય છે. જ્યાં ભગવાન હોય ત્યાંનો જે જીવ ભગવાનના સ્વરૂપને લક્ષગત ન કરે ( માત્ર દેહને દેખે )–તેના કરતાં અહીંનો જે જીવ ભગવાનના

સ્વરૂપને લક્ષગત કરીને ચિન્તવે તે જીવ ભગવાનનો નજીકનો ભક્ત છે.

* સભ્ય નં. ૭૦૩ પૂછે છે –નિર્વિકલ્પ સમાધિમાં શુભાશુભ ભાવ હોતા નથી પણ શુદ્ધ ભાવ હોય છે; તો તે વખતે કયા પ્રકારના વિચારો થતા હશે તે સમજાતું નથી. હારની ખરીદીનું દ્રષ્ટાંત સમજાય છે પણ આત્મસ્વભાવનું બરાબર સમજાતું નથી કે કેવા પ્રકારનું સુખ હશે!

પ્રશ્ન બહુ સારો છે; પં. ટોડરમલ્લજી કહે છે કે ધન્ય છે તેને કે જે સ્વાનુભવની ચર્ચા પણ કરે છે! હવે સ્વાનુભવ વખતના વેદનની આ વાત અનુભવી જ્ઞાની પાસેથી સાક્ષાત્ સાંભળીને વારંવાર અંતરમાં તેનું ઊંડુ મંથન કરીએ ત્યારે જ ખરેખર લક્ષગત થાય છે. નિર્વિકલ્પ અનુભૂતિ વખતે વિચારો હોતા નથી, તે વખતે તો પરમઆનંદના વેદનમાં જ ઉપયોગ થંભી ગયો છે. એ વખતનું વચનઅગોચર સુખ તો તે જ જાણે. તે દશા પ્રાપ્ત કરવા વારંવાર સત્સમાગમે, અત્યંત ઉગ્ર આત્માર્થિતા વડે, અંદરમાં ભેદજ્ઞાનનો ઘણો ઘણો અભ્યાસ કરીને, ઉપયોગને સ્વભાવમાં જોડવાનો ઉદ્યમ કરવો;–એ જ અનુભવના સુખને સમજવાનો ઉપાય છે. (હારનું દ્રષ્ટાંત તો બહારનું સ્થૂળ ઉદાહરણ છે.)

રાવણે સીતાજીનું હરણ કર્યું હતું; છતાં ભવિષ્યમાં રાવણનો આત્મા જ્યારે તીર્થંકર થશે ત્યારે સીતાજીનો આત્મા તેનો ગણધર થશે; એ બાબતમાં સભ્ય નં. ૭૦૬ સ્પષ્ટતા પૂછે છે. જીવોના પરિણામની એવી વિચિત્રતા છે. વળી આ ઉદાહરણ તો એમ બતાવે છે કે અશુભ પરિણામ જીવે કર્યા તે પલટીને તે શુભ અને શુધ્ધ પરિણામ કરી શકે છે. એક વખતનો પાપી જીવ પણ આત્માની આરાધના વડે ત્રણ લોકનો નાથ પરમાત્મા થઈ શકે છે.

* પ્રશ્નઃ– જ્યારે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય ત્યારે નિર્વિકલ્પદશામાં કેટલો સમય સુધી રહે? ત્યાર પછી પાછા કેટલા કાળે તે સાધક નિર્વિકલ્પદશામાં આવે! (એક સભ્ય)

ઉત્તરઃ– સમ્યક્ત્વ પ્રગટ થતી વખતના નિર્વિકલ્પ અનુભવનો કાળ બધા જીવોને સરખો નથી હોતો; છતાં સામાન્યપણે ઘણું નાનું અંતર્મુહૂર્ત હોય છે. વિશેષ લાંબો કાળ નથી હોતો.–જો કે તેમાંય અસંખ્યાત સમય તો ખરા જ. અને ફરીને નિર્વિકલ્પતા અમુક કાળે થાય છે. પરંતુ તેનું કોઈ ચોક્કસ માપ મલતું નથી.

* દક્ષિણ પ્રાન્તનું बाहुबली (કોલ્હાપુર)–કે જે જિનવાણી–સ્વાધ્યાયના પ્રચાર માટે 'દક્ષિણ દેશના સોનગઢ' જેવું ગણાય છે, ત્યાંના આગેવાન ભાઈશ્રી બાલચંદ ખેમચંદ શાહ લખે છે કે" – आपने गुजराती मासिकका सम्पादकपद अलंकृत करके और उस मासिकमें बालविभाग [अमे जिनवरना सन्तान] खोलकर जैन–जैनेतर बालकों पर बहुत अनुग्रह किया है; तथा भगवान ऋषभदेव तीर्थंकर प्रभुके दश अवतारोंकी कथा आदिपुराणके आधार पर, सम्यक्त्वोत्पत्ति के साधन बने इस प्रकार भावर्ण लिखकर जैनसमाजके तरुण तथा वृद्धजनोंपर

बडा उपकार किया है। आगे इसी प्रकारकी सेवा आपके द्वारा वृद्धिगत होती रहे यह हम अंत:करणपूर्वक भाव कर रहे है।”

*** સ. નં. ૬૧૮ (ઘાટકોપર) તથા બીજા અનેક સભ્યો લખે છે કે “આત્મધર્મનો બાલ વિભાગ ખૂબ ગમે છે ને વાંચવાની બહુ મજા આવે છે”–બહેન! તમને એકલાને નહિ પણ દોઢ હજાર બાળકોને (અને તેમના વડીલોને પણ) મજા આવે છે. કુંદકુંદ પ્રભુનું જીવનચરિત્ર અને નવીન કથાના પુસ્તકો યોગ્ય સમયે જરૂર આપીશું. માંગીતુંગી પહાડ ઉપરથી ૯૯ કરોડ મુનિવરો મોક્ષ પામ્યા છે,–તે બધાય એક સાથે નહિ પણ આ આખી ચોવીસીમાં એટલા મુનિવરો ત્યાંથી મોક્ષ પામ્યા છે એમ સમજવું. એક સાથે તો ૧૦૮ થી વધુ જીવો કદી મોક્ષ પામતા નથી. જેમકે ગીરનાર ઉપરથી બૌતેર કરોડ ને સાતસો (૭૨ ০০০০৩০০) મુનિ મોક્ષ પામવાનું કથન છે, તે બધા કાંઈ નેમિનાથ ભગવાનની સાથે જ મોક્ષમાં નથી ગયા, પણ આ ચોવીસીના અસંખ્યાતા વર્ષમાં ગમે ત્યારે એકંદરે એટલા મુનિવરો ત્યાંથી મોક્ષ પામ્યા. એમ દરેક તીર્થમાં મોક્ષગામી જીવોની સંખ્યા બાબતમાં સમજી લેવું.**

*** બેંગલોરથી સ. નં. ૭૫૪ લખે છે** કે–मेरा साथी आत्मधर्म है। ज्येष्ठ मासके अंकको देखते ही समझमें आया कि समुद्र तो विशाल है, जिसकी कोई हद नहीं। मैं अपनी जबानसे व कलमसे अंककी तारीफ लिखनेमें असमर्थ हूं। स्कूल की पढाइ खत्म होते ही मैं आत्मधर्म को पढता रहता हूं। मेरा साथी दिनभर मुझे घेरे रहते है कि अबके अंक में जो नयी बात आई हो सो बताओं।

*** દાહોદમાં દસેક વર્ષની એક બાલિકા આ ભવમાં ગીતા વગેરેનો અભ્યાસ કર્યા વગર તેના ઉપર ધોધમાર પ્રવચન આપે છે. આ સંબંધમાં દાહોદથી સભ્ય નં. ૪૦૭ શૈલેશકુમાર લખે છે કે અજ્ઞાની બાળા હોવા છતાં કઈ રીતે આ પ્રકારનું પ્રવચન આપતી હશે?**

**ભાઈશ્રી, એ કાંઈ આશ્ચર્યની વાત નથી. પૂર્વભવના તે પ્રકારના સંસ્કાર રહી જાય એટલે એમ બને. દરેક જીવને પૂર્વભવના અમુક સંસ્કારો રહી જાય છે; આપણા સોનગઢમાં પણ પાંચ વર્ષની રાજુલને અઢી વર્ષની ઉંમરે પોતાના પૂર્વભવનું જ્ઞાન થયાની વાત તમે જાણતા હશો. જીવની જ્ઞાનશક્તિ અપાર છે એટલે પૂર્વભવના જ્ઞાનનો કેટલોક ઉઘાડ કોઈને (અજ્ઞાનીને પણ) વર્તમાનમાં ચાલુ રહે તે કાંઈ આર્શ્ચયની વાત નથી. આવા પ્રસંગો તો આત્માનો પૂર્વભવ, તેની નિત્યતા અને દેહની ભિન્નતા સાબિત કરે છે.**

*** બાલવિભાગ પ્રત્યે લાગણી ધરાવનાર એક ભાઈનો અમદાવાદથી પત્ર છે; તેમાં જૈનસમાજના સુધરેલા ગણાતા યુવાનોમાં આજે આચરણ સંબંધી તીવ્ર અભક્ષનું ભક્ષણ વગેરે પ્રવૃત્તિ નજરે પડે છે તેના પ્રત્યે દુઃખ વ્યક્ત કર્યું છે, અને તે સંબંધી આત્મધર્મમાં દોરવણી આપવા લખ્યું છે. ભાઈશ્રી, આ સંબંધમાં જણાવવાનું કે–આપે જે પ્રકારની અભક્ષ્યપ્રવૃત્તિ લખી છે તેવી અભક્ષ્યની પ્રવૃત્તિ આપણા તો બાલવિભાગના કે આત્મધર્મના એક પણ સભ્યમાં**

નથી તેની મને ખાતરી છે, કેમકે ઊંચી જાતના એના ધર્મસંસ્કાર એને જીવનમાં કદી પણ પાપના પંથે જવા નહિ દે. અને સમાજના બીજા માણસો કે જેને જૈનધર્મસંસ્કાર મળ્યા નથી–તેમાંથી કોઈ અણસમજુ જીવો મુર્ખાઈથી અભક્ષ્યના અવળા માર્ગે જાય તો તેનો શું ઉપાય? બને તો તેના મિત્રોએ તેને સમજાવવો જોઈએ. અને સમાજમાં જડ–મૂળથી ઊંચા ધર્મસંસ્કારો રેડાય તો અભક્ષ્ય વગેરે પાપપ્રવૃત્તિઓ આપોઆપ નિર્મૂળ થઈ જાય.–તે માટે આપણે બાલવિભાગદ્વારા પ્રયત્ન કરી જ રહ્યા છીએ. બાલવિભાગના એકે એક સભ્યનું જીવન ઉચ્ચ આદર્શવાળું બનશે તેમાં કોઈ શંકા નથી. બાલવિભાગમાં "રાત્રિ ભોજનત્યાગ" ની એક ઝુંબેશ ઉપાડવા વિચાર છે.

* આત્મધર્મમાં "બાલવિભાગ" તથા 'વાંચકો સાથે વાતચીત' શરૂ થયા પછી કેટલાય જિજ્ઞાસુ ભાઈઓ તરફથી તેને પાક્ષિક બનાવવાની માગણી સતત આવ્યા કરે છે. આ સંબંધમાં જિજ્ઞાસુ પાઠકોની ભાવનાનો સંપૂર્ણ ખ્યાલ 'આત્મધર્મ'માં રજુ થઈ ગયો છે, એટલે હવે વધુ પત્રો અહીં રજુ કરતા નથી.

* પ્ર. આત્મા એટલા પરમાત્મા? કે પરમાત્મા એટલા આત્મા? (નં. ૧૭૧ કુંડલા)

ઉ. "अप्पा सो परमप्पा" (માટે બંને સરખા) આમ સ્વભાવઅપેક્ષાએ બધા આત્મા પરમાત્મા છે. પણ બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા એ ત્રણ પ્રકારની અપેક્ષાએ જોઈએ તો અંતરાત્મા અસંખ્યાતા છે. પરમાત્મા તેનાથી અનંતગુણા છે, અને બહિરાત્મા તેનાથી પણ અનંતગુણો છે.

* મહેશકુમાર જૈન (સાંગલી : નં. ૩૪૩) દર્શનકથા પુસ્તક સૌએ વાંચ્યું, બહુજ ગમ્યું, ને તે પ્રમાણે વર્તવાનું શરૂ કર્યું છે; તે માટે ધન્યવાદ! તે દર્શનકથાનું મરાઠી ભાષાંતર કરવાની તમારી ઈચ્છા છે. તો ખુશીથી કરશો.

*એક જિજ્ઞાસુ (એમ) પૂછાવે છે–" હું પચીસ વર્ષથી દિગંબર જૈનધર્મમાં છું, ૧૨ વર્ષથી હંમેશા ભગવાનનાં દર્શન કરું છું; છતાં હજી મને ધર્મની સમજણ નથી; અત્યાર સુધી બાલબચ્ચાને ઊછર્યા ને ઘરકામમાં જીંદગી કાઢી, હવે બાલવિભાગ તથા દર્શનકથા વાંચ્યા પછી મને ધર્મમાં ખૂબ જ રસ પડે છે, પણ મારે પહેલેથી શું કરવું ને કેમ આગળ વધવું? તેનો જવાબ આત્મધર્મમાં દેશો. મારે ત્યાં ધર્મના બધા પુસ્તકો છે. મને ધર્મની ખુબ જ ઈચ્છા છે પણ હજી સમજણ પડતી નથી, તો સમજણ પડે તેવું લખશોજી.

બહેન, આપના પત્રમાં જિજ્ઞાસા અને મુંઝવણ બંને દેખાઈ આવે છે. પહેલાં તો હતાશાને કે મુંઝવણને ખંખેરી નાખીને આત્માને ઉત્સાહમાં લાવો કે મારે જીવનમાં ધર્મની સમજણ કરીને આત્માનું હિત સાધવું જ છે. સાચી જિજ્ઞાસાનું બળ હોય ત્યાં સમજણ શક્તિ જરૂર ખીલી જાય છે. આ માટે સાક્ષાત્ જ્ઞાનીઓના સત્સંગમાં રહેવાનું બને તો ઉત્તમ. અને તે સિવાય સાધર્મીનો સંગ વિશેષ ઉપયોગી થશે. શ્રીમદ્ રાજચંદ્રજીનું વચન છે કે ઉલ્લાસિત વીર્યવાન જીવ આત્માને સાધી શકે છે. પૂર્વે અન્યકાર્યોમાં કાળ વીત્યો તેનો શોચ કરવો નકામો છે, કેમ કે જ્યાં સુધી જીવ આરાધક

ન થાય ત્યાં સુધી બધાય જીવોનો પૂર્વનો અનંતકાળ એ રીતે બાહ્યભાવોમાં જ વીત્યો છે. જેઓ અંતરભાવ પ્રગટ કરીને આરાધક થયા તેમની બલિહારી છે; જે કાળ ગયો તે ગયો પણ હવે એક ક્ષણ પણ બાહ્યભાવની પ્રીતિમાં ન વીતે ને સંસારનો રસ છૂટીને આત્મરસ જાગે એવા લક્ષે વાંચન-વિચાર ને સત્સંગ કર્તવ્ય છે. દેવ-ગુરુનો મહિમા ઓળખવો, જ્ઞાનીધર્માત્માના ગુણોનું વારંવાર ચિંતન કરવું, મહાપુરુષોના પવિત્ર જીવનને યાદ કરવું ને અંદર વૈરાગ્યની તીવ્રતા વધારવી. જીવ મક્કમપણે પોતાની આત્મશાંતિ પ્રાપ્ત કરવા માગે તો તેને તે જરૂર મળે જ.

નો. ૭૫૪ બેંગલોરઃ आपको व आपके मित्र को धार्मिक चर्चाके लिये धन्यवाद! आपके मित्रका एड्रेस मिलनेपर उनको भी 'आमका वृक्ष' भेज देंगे।

* આત્માને મોક્ષ પામવાના માર્ગ કેટલા છે? કેવી રીતે છે? (નં. ૩૪૩)

"એકહોય ત્રણકાળમાં પરમારથનો પંથ" મોક્ષનો માર્ગ એક જ છે, અને તે માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે.

* પ્ર૦:- આકાશ મોટું કે જ્ઞાન? (નં. ૪૧૪)

ઉ૦:- ભાઈ, આકાશમાં જ્ઞાન સમાઈ જાય છે ને જ્ઞાનમાં જ્ઞેયપણે આકાશ સમાઈ જાય છે. એટલે ક્ષેત્રથી આકાશ મોટું છે, ને ભાવથી જ્ઞાન મોટું છે, આકાશના અવિભાગપ્રદેશો કરતાં જ્ઞાનના અવિભાગઅંશો અનંતાનંત ગુણા વધારે છે.

* ફત્તેપુરમાં બાલવિભાગની પાઠશાળાઃ- "ફત્તેપુરથી શ્રી બાબુભાઈ લખે છે કે અહીં વીરશાસનના પ્રવર્તન દિવસે (અષાડ વદ એકમે) બાલવિભાગ-પાઠશાળા શરૂ કરેલ છે ને જૈન બાલપોથીનો અભ્યાસ શરૂ કર્યો છે. પાઠશાળાના પચીસ જેટલા બાળકો ઉત્સાહથી બાલવિભાગમાં જોડાયા છે, તેમનાં નામો આ સાથે મોકલ્યા છે.' (બડી સાદડી તેમજ ફત્તેપુરની પાઠશાળાની આ પદ્ધતિ બાળકોને માટે ઉત્સાહપ્રેરક તથા ઉચ્ચ ધાર્મિક સંસ્કાર રેડનારી છે; ને દરેક ગામને માટે તે અનુકરણીય છે. નાના- મોટા દરેક ગામમાં નિયમિત જૈનપાઠશાળા ચાલતી હોય તે આવશ્યક છે. -સં)

ફત્તેપુરથી સ. નં. ૧૪૦૨ લખે છે-બાલવિભાગનું 'આંબાનું ઝાડ જોઈને એમ થાય છે કે જાણે મોક્ષનાં ફળ નજીક આવ્યા. સુવર્ણપુરીધામમાંથી આવી નવી નવી જાતની યાદગીરી મલવાથી મારું હૃદય ઘણું ઉલ્લસી રહ્યું છે."

* આંબાનું ઝાડ અને તેની મીઠી કેરી મળતાં ઘણા વાંચકોએ તેમજ બાલબંધુઓએ પ્રમોદ વ્યક્ત કર્યો છે. અને લખે છે કે તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સમાઈ જાય છે, ૧૪ ગુણસ્થાન પણ સમાઈ જાય છે. અને ઉત્તમ ફળ પ્રાપ્ત કરવા માટે ધાર્મિક પુરુષાર્થની પ્રેરણા મળે છે.

*પ્રઃ- સૌથી મોટું તીર્થ કયું?

ઉઃ- રત્નત્રયસ્વરૂપ આત્માનો અનુભવ કરવો તે; એ તીર્થની યાત્રાવડે સંસારસમુદ્રને તરાય છે. સમ્મેદશિખર વગેરે તીર્થોની યાત્રા પણ આ રત્નત્રયરૂપ તીર્થના સ્મરણ માટે જ છે.

પ્ર૦:- "પરમાત્મા" માં કેટલા તીર્થંકર ભગવાનના આંકડા છૂપાયેલ છે? (નં. ૧૬૪- મુંબઈ)

ઉ૦:– ભાઈશ્રી, તમે તો ‘પરમાત્મા’ માં ફક્ત ૨૪ ભગવાન સમાડવા માંગો છો; ખરૂં ને? પરંતુ અમે તો અનંતા સિદ્ધ ભગવંતો તથા અરિહંત ભગવંતો–એ બધાયને “પરમાત્મા” માં સમાડીએ છીએ, કેમકે તે બધાય પરમાત્મા છે. ને જો શુદ્ધદ્રષ્ટિથી જોઈએ તો આપણે પણ એ પરમાત્માની પંક્તિમાં ભેગા છીએ! બોલો, કેવી મજા!

* પ્રઃ– આપણે ભગવાનની પૂજા–ભક્તિ–ચિંતન કરીએ તો આપણને આનંદનો ખજાનો મળી શકે? (નં. ૪૨)

ઉ૦:– જેમની પૂજા–ભક્તિ કરીએ છીએ તેમના સ્વરૂપને જો ઓળખીએ, અને તેઓ કહે છે તેમ કરીએ, તો જરૂર આત્માનો મજાનો મળે. (જુઓ, પ્રવચનસાર ગાથા–૮૦)

* (૧) અરૂણાબેન મણિયાર બી. એ. (નં. ૧૩૮૬) મુંબઈથી લખે છે કે–

“સભ્ય બનવામાં ઘણું મોડું થયું, પણ જાગ્યા ત્યારથી સવાર. બાલવિભાગ ખુબજ આનંદ આપે છે; હું રસપૂર્વક વાંચું છું. આ બાલવિભાગમાં જે અનેરો આનંદ આવે છે તે બી એ. સુધી ભણવામાં ક્યાંય નહોતો મળ્યો. ‘બાલવિભાગ’ નું નામ નાનું છે પણ મોટેરાંઓને પણ આનંદ આપે છે. બી. એ. સુધી ભણવા છતાં અહીં તો એકડે એકથી જ શરૂ કરવાનું છે અને એ એકડામાં જ વધારે આનંદ આવે છે. તો આગળ જતાં કેવો આનંદ આવશે? બીજા કોઈ પણ ભણતર કરતાં આ જ વધારે મહત્ત્વનું અને ઉપયોગી છે. વરસાદની જેમ ‘આત્મધર્મ’ ની રાહ જોઉં છું.

(૨) જાગૃતિબેન મણિલાલ શેઠ (નં. ૧૩૫૧) મુંબઈથી લખે છે–આત્મધર્મના બાલવિભાગમાં આટલા બધા સભ્યો થઈ ગયાં ને હું તો પાછળ રહી ગઈ. હવે જલ્દી આત્માની ઓળખાણ કરીને આગળ વધીશ. આંબાનું ઝાડ જોઈને બહુ ખુશી થઈ; તેમાંથી સમ્યગ્દર્શન પામવા માટે પુરુષાર્થ કરીશ.

બહેન, તમારી બંનેની ભાવના માટે ધન્યવાદ! તે ભાવના સફળ થાવ. બાકી તમે પણ બધાય સભ્યોની સાથે જ છો, જરાય પાછળ નથી. સભ્ય નં. ૧ આગળ, ને નં. ૧૩૮૬ પાછળ એવા ભેદ આપણા બાલવિભાગના પરિવારમાં નથી. બાલવિભાગના સાધર્મી–પરિવારમાં તો હમ સબ સાથ હૈ– આપણે બધા સાથે જ છીએ. માટે આનંદથી ભાગ લેજો.

* આફ્રિકાથી હમણાં શેઠશ્રી ભગવાનજી કચરાભાઈનો પત્ર આવ્યો છે. ગુરુદેવ પ્રત્યે ઘણો જ ભક્તિભાવ વ્યક્ત કરીને તેઓ લખે છે કે–આત્મધર્મ વાંચીને ઘણો જ આનંદ આવે છે. તેમાં ખાસ કરીને બાલવિભાગ દ્વારા બાળકોને સત્ધર્મની પીછાણ કરાવવાની જે ઝુંબેશ ઉપાડી છે તે કાર્ય વધારે ફળી –ફૂલીને મોટું થાય તો ગુરુદેવે સત્ધર્મની જે બંસરી બજાવી છે તેમાં વૃદ્ધિ થશે. (પત્ર વિશેષ લાંબો છે. અહીં માત્ર ઉલ્લેખ કર્યો છે.)

* સભ્ય નં. ૧૩૦ નાં પ્રશ્નોઃ–

પ્ર૦– સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવા કેટલો પુરુષાર્થ જોઈએ? ઉ૦–ઘણો જ.

(૨) પ્ર૦– તેની શું ક્રિયા છે? ઉ૦–અરિહંત પ્રભુના દ્રવ્ય–ગુણ–પર્યાય જેવા પોતાના આત્માનો

નિર્ણય કરવો, સ્વસન્મુખ થઈ પર્યાયને અંતર્લીન કરવી ને દ્રવ્ય–ગુણ–પર્યાયને એકરસપણે અનુભવવા;–આવા નિર્ણય અને સ્વાનુભૂતિરૂપ ક્રિયા છે.

( ૩ ) પ્ર૦– સમ્યગ્દર્શન પછી મોક્ષ ક્યારે મળે છે ?

ઉ૦–જ્ઞાન ને ચારિત્ર પૂરા કરીએ કે તરત જ. એક બાલસભ્યના માતાજી લખે છે કે– “બાલવિભાગથી બાળકોમાં ધર્મસંસ્કારના બીજ રોપાય છે, અને તેના વડીલોમાં પણ તત્ત્વતરંગોની અવનવી સમજણ વધી રહી છે. મારો પુત્ર ગુરુદેવનો સાચો ભક્ત બની વીતરાગધર્મ પ્રગટ કરે એ જ અભ્યર્થના; એના માતા–પિતા તરીકે અમે પણ ગૌરવ અનુભવીએ છીએ. ને ભવિષ્યમાં ગુરુદેવના સાન્નિધ્યમાં જીવન વીતાવીએ એવી ભાવના ભાવીએ છીએ.”

* સુરેન્દ્રનગરથી આપણી સંસ્થાના માનનીય ટ્રસ્ટી શ્રી મગનભાઈએ એક પત્ર દ્વારા પોતાનો પ્રેમ અને પ્રસન્નતા વ્યક્ત કરેલ છે.

**આભાર નોંધ:-**

ખૂબ જ વિકસી રહેલા આપણા બાલવિભાગમાં સભ્યપત્રક ( આંબાનું ઝાડ ) તથા જન્મદિવસના અભિનંદનના કાર્ડ સંબંધી યોજનામાં મુંબઈના સુપ્રસિદ્ધ ગુજરાતી–સાપ્તાહિક ‘જન્મભૂમિ–પ્રવાસી’ નો ‘બાલજગત’ વિભાગ કેટલીક પ્રેરણારૂપ બન્યો છે, તે બદલ તે પત્રનો તથા તેના સંપાદકશ્રીનો આભાર માનીએ છીએ. –સં.

* સ. નં. ૧૪૬૮ લીલાબેન જૈન ( સાયલા રાજસ્થાન ) તરફથી સન્દેશ છે કે બાલવિભાગ વાંચીને ઘણો હર્ષ થયો. મારા સાધર્મી બાલમિત્રોને કોઈ પુસ્તક ભેટ અપાય તેમાં વાપરવા માટે રૂા. ૧૦૧ મારા તરફથી મોકલું છું–તે સ્વીકારશોજી.

**આપનો પત્ર મળ્યો છે-**

“વાંચકો સાથે વાતચીત” ના આ વિભાગમાં સેંકડો સભ્યોના તેમજ બીજા અનેક જિજ્ઞાસુઓના પત્રો મળ્યા છે; ને તેમાંથી આત્મધર્મમાં લેવા યોગ્ય હોય તે લીધું છે. દર મહિને બાલમિત્રોના ૪૦૦ જેટલા પત્રો આવે છે, તે બધા સમાઈ શકતા નથી એટલે તેમાંથી ઉપયોગી હોય તે પસંદ કરીને લેવાય છે. વ્યક્તિગત જવાબ લખવા જેવું હોય તેને જુદો જવાબ લખાય છે.

આ વિભાગની વિવિધતાને લીધે બધા જિજ્ઞાસુઓને આ વિભાગ ગમ્યો છે, ને સૌ ઉત્સાહપૂર્વક તેમાં સાથ આપી રહ્યા છે. વિચારોની આપ–લે દ્વારા સાધર્મીઓને એકબીજા સાથે વાત્સલ્યથી સાંકળવા માટે આ વિભાગ વિશેષ ઉપયોગી નીવડયો છે. ( કેટલાક સભ્યોનાં પત્રો હજી પડયા છે, જે હવે પછી લઈશું. )

+ સરવાળા ને – બાદબાકી


| | | |
|---|---|---|
| જ્ઞાન+વૈરાગ્ય+ધ્યાન | = | કેવળજ્ઞાન |
| જ્ઞાન–વૈરાગ્ય | = | ૦ |
| રત્નત્રય–સમ્યગ્દર્શન | = | ૦ |
| આત્મા+મોહ | = | સંસાર |
| આત્મા–વિભાવ | = | મોક્ષ |
| જ્ઞાન+ધ્યાન | = | આનંદ |

# જ્ઞાન અને રાગ એક જ સમયે હોવા છતાં જ્ઞાન મોક્ષનું કારણ છે; રાગ બંધનું જ કારણ છે

એક જીવને સમ્યગ્જ્ઞાન અને રાગ બંને એક સાથે હોઈ શકે ?

હા, કોઈ સાધકને સમ્યગ્જ્ઞાન અને રાગ બંને સાથે હોય છે; પરંતુ બંને સાથે હોવા છતાં બંનેની જાત જુદી છે; કાળ એક હોવા છતાં ભાવમાં બંનેની જુદાઈ છે, જ્ઞાન તો મોક્ષનું કારણ છે ને રાગ તો બંધનું કારણ છે,–એમ તે જ કાળે બંનેની અત્યંત જુદાઈ છે.

કોઈ એમ માને કે જ્ઞાનીનો જે શુભરાગ છે તે તો બંધનું કારણ નહીં હોય,–તો તે જીવ ભ્રમણામાં છે, અજ્ઞાનીનો રાગ તે જેમ બંધનું કારણ છે તેમ જ્ઞાનીને પણ જે શુભરાગ છે તે બંધનું જ કારણ છે. રાગ બંધનું કારણ હોવામાં મિથ્યાદ્રષ્ટિ કે સમ્યગ્દ્રષ્ટિનો કોઈ તફાવત નથી, અર્થાત્ રાગ સમ્યગ્દ્રષ્ટિને હો કે મિથ્યાદ્રષ્ટિને હો, જે કોઈ જીવને જેટલો રાગ છે તે બંધનું જ કારણ છે, મોક્ષનું નહીં. જ્ઞાનીને જે જ્ઞાનભાવ છે તે મોક્ષનું કારણ છે. જ્ઞાનીને પણ જ્ઞાન ને રાગ એ બંને કાંઈ મોક્ષનું કારણ નથી, તેને પણ મોક્ષનું કારણ તો એક જ્ઞાન જ છે, ને રાગ તો બંધનું જ કારણ છે, એ નિયમ છે. એટલું ખરું કે અજ્ઞાની કરતાં જ્ઞાનીનો રાગ અનંતો અલ્પ છે, તેથી તેને બંધન પણ અનંતુ ઓછું છે, ને નિર્જરા ઘણી છે, તે નિર્જરા શુદ્ધજ્ઞાનના બળે થાય છે. આથી શુદ્ધજ્ઞાન છે તે પૂજ્ય છે, આદરણીય છે; અને શુભરાગાદિ જે અશુદ્ધ ભાવો છે તે હેય છે, કેમકે તે બંધનના કારણ છે.



## શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મહામંડળ કાર્યવાહક કમિટિની મીટીંગ

શ્રી. દિ. જૈન મુમુક્ષુ મહામંડળની કાર્યવાહક કમિટિની મીટીંગ સોનગઢ મુકામે સં. ૨૦૨૨ના ભાદરવા સુદી બીજ ને શુક્રવાર તા. ૧૬–૯–૬૬ ના રોજ સવારે સાડાનવ વાગે મળશે તો દરેક સભ્યોને હાજર રહેવા ખાસ નમ્ર વિનંતિ છે.

## શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મહામંડળની સામાન્ય સભા

શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મહામંડળ સોનગઢની વાર્ષિક સભા સોનગઢ મુકામે સં. ૨૦૨૨ના ભાદરવા સુદી બીજ ને શુક્રવાર તા. ૧૬–૯–૬૬ રોજ સાંજે સાડાચાર વાગે મળશે, તો દરેક ગામના મંડળના પ્રતિનિધિઓ તથા સોનગઢના સ્થાનિક મુમુક્ષુ ભાઈઓને હાજર રહેવા ખાસ નમ્ર વિનંતિ છે.

## “શ્રી જૈન અતિથિ સેવા સમિતિ સોનગઢ” (સૌરાષ્ટ્ર)

ઉપરોક્ત સંસ્થાની જનરલ વાર્ષિક સભા સંવત ૨૦૨૨ ના ભાદરવા સુદી ૧ ને ગુરુવાર તા. ૧૫–૯–૬૬ ના રોજ સોનગઢ મુકામે (પ્રવચન મંડપમાં) સવારે સવાનવ વાગે રાખવામાં આવેલ છે. તો તે પ્રસંગે સર્વે સભ્યોને હાજર રહેવા વિનંતી છે.

**-શાહ મલુકચંદ છોટાલાલ.**

## શ્રી જૈન વિદ્યાર્થીગૃહ સોનગઢ (સૌરાષ્ટ્ર)

ઉપરોક્ત બોર્ડિંગની વ્યવસ્થાપક કમિટિની એક અગત્યની સભા સં. ૨૦૨૨ ના ભાદરવા સુદ ૧ ને ગુરુવાર તા. ૧૫–૯–૬૬ ના રોજ સાંજના સવા ચાર વાગે મળશે; તથા જનરલ વાર્ષિક સભા ભાદરવા સુદ ૩ ને શનીવાર તા. ૧૭–૯–૬૬ ના રોજ સાંજના સવા ચાર વાગે સોનગઢમાં (પ્રવચન મંડપમાં) રાખવામાં આવી છે. તો તે પ્રસંગે સર્વ સભ્યોને હાજર રહેવા વિનંતી છે. –નેમિદાસ ખુશાલ.

## લવાજમ ઘટે છે

**આપણી સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખશ્રી અને આત્મધર્મના માનનીય તંત્રી મુરબ્બી શ્રી રામજીભાઈએ આત્મધર્મના તંત્રી અને સંપાદકપણે અઢાર વર્ષ સુધી રહીને જે સેવાઓ કરી છે તથા આત્મધર્મને વિકસાવવા પ્રયત્ન કર્યો છે તેની ખાસ યાદગીરી તરીકે, ‘સન્માન-ફંડ’ માંથી આત્મધર્મ-માસિકના લવાજમમાં એક રૂપિયો ઘટાડીને તેનું લવાજમ ત્રણ રૂપિયા રાખવાનું (હાલ એક વર્ષ માટે) પ્રમુખશ્રીની સલાહ અનુસાર નક્કી કરવામાં આવ્યું છે. આત્મધર્મનું વર્ષ કારતકથી આસો સુધી ગણવામાં આવે છે. સભ્યોને પોતાનું લવાજમ જેમ બને તેમ વેલાસર મોકલી આપવા વિનંતી છે.**

**-સંપાદક**

લવાજમ મોકલવાનું સરનામું :
શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

## વૈરાગ્ય સમાચાર –

### ‘ષટ્‌ખંડાગમ’ સાહિત્યના ઉદ્ધારકા ‘શ્રીમંત’ શેઠ લક્ષ્મીચંદજીનો સ્વર્ગવાસ

વિદિશા (ભેલસા) ના શ્રીમંત શેઠ લક્ષ્મીચંદજી સીતાબરાયજી ગત તા. ૧૩–૭–૬૬ ના રોજ વિદિશામાં સ્વર્ગવાસ પામ્યા. ગત સાલ પૂ. ગુરુદેવ વિદિશા પધાર્યા ત્યારે તેમણે ઘણો ઉત્સાહ બતાવ્યો હતો. ઘણા વર્ષો પહેલાં તેઓ સોનગઢ પણ આવી ગયા હતા ને ખૂબ પ્રસન્ન હતા. જૈન સમાજમાં ગજરથ ચલાવનારને શ્રીમંત પદથી વિભૂષિત કરવાની એક પરંપરા છે. સ્વ. લક્ષ્મીચંદજી શેઠ પણ શ્રીમંત પદવિભૂષિત હતા, પણ એ પદવી તેમને ગજરથદ્વારા નહિ પરંતુ જિનવાણી–પ્રચારરૂપ જ્ઞાનરથદ્વારા મળી હતી. લગભગ તેત્રીસ વર્ષ પહેલાં (ઇ. સ. ૧૯૩૩માં) ઇટારસી નગરીમાં ઉત્સવ પ્રસંગે સ્વ. શેઠનો વિચાર મોટી રકમ ખરચીને પ્રથમ તો ગજરથ ચલાવવાનો હતો. પરંતુ મધરાતે અમુક વિદ્વાનોની સમજાવટથી તથા પોતાની વિવેકબુદ્ધિથી તેમણે નિર્ણયમાં ફેરફાર કરીને ગજરથને બદલે જિનવાણીના ઉદ્ધારમાં તે રકમ ખર્ચવાનો નિર્ણય કર્યો એ જમાનામાં ગજરથને બદલે આવા જ્ઞાનરથનો નિર્ણય કરવો એ એક ઘણો હિંમતભર્યો નિર્ણય હતો, અને જૈન સાહિત્યના ઉદ્ધાર માટે તે નિર્ણય ઘણો જ ઉપયોગી હતો. મુખ્યતઃ એમના એ નિર્ણયના પ્રતાપે આજે આપણા હાથમાં ષટ્‌ખંડાગમ જેવી જિનવાણી આવી ને એ પરમપાવન શ્રુતનો પુનરોદ્ધાર થયો. જિનવાણી ઉપરાંત જિનાલય વગેરે કાર્યોમાં પણ તેઓ ભક્તિથી ભાગ લેતા. આવા જિનવાણીભક્તના સ્વર્ગવાસથી જૈન સમાજને એક મોટી ખોટ પડી છે. જિનવાણીની ભક્તિના પ્રતાપે તેમનો આત્મા સાક્ષાત્ જિનવાણીનું શ્રવણ પામીને આત્મહિત સાધે; અને જૈન સમાજના આગેવાનો એમની શ્રુતભક્તિનું અનુકરણ કરીને પ્રાચીન શ્રુતનું પ્રકાશન તથા પ્રભાવના ખૂબ વૃદ્ધિગત કરે, એ જ ભાવના.

*પોરબંદરના ભાઈશ્રી ભોગીલાલ તુલસીદાસ ભણશાલી ગતમાસમાં પોરબંદર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. પૂ. ગુરુદેવ પોરબંદર પધારતા ત્યારે તેઓ પ્રવચન વગેરેનો લાભ લેતા હતા.


* રાજકોટમાં ડો. પ્રભાકરભાઈના પિતાજી ડો. મગનલાલ ધનજીભાઈ ઉદાણી તા. ૨૫–૭–૬૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સવારે દશ વાગ્યા સુધી સમ્યગ્દર્શન પુસ્તક ત્રીજું વગેરેની સ્વાધ્યાય સાંભળી, ને સવા અગીયાર વાગે તેમણે દેહ છોડયો.

* બરવાળાના ભાઇશ્રી મગનલાલ જીવણલાલ તા. ૧૫–૭–૬૬ ના રોજ મુંબઇ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. ગુરુદેવ બરવાળા પધાર્યા ત્યારે તેમણે કાર્યક્રમોમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

* ધ્રાંગધ્રાના સમતાબેન ત્રિભોવનદાસ ગત માસમાં સ્વર્ગવાસ પામ્યા છે; તેઓ ઘણા વખતથી અવારનવાર ગુરુદેવના સત્સંગનો લાભ લેતા હતા.

* અમદાવાદના બાલમંદિરવાળા ભાઈશ્રી ચીનુભાઈ લીલાચંદ અષાડ વદ ૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણા પ્રેમપૂર્વક અવારનવાર સોનગઢ આવીને સત્સંગનો લાભ લેતા હતા.

સદ્‌ગત આત્માઓ ધાર્મિકસંસ્કારના બળે આત્મહિત પામો.




બાલમિત્રો! આપણે એક મહાન કાર્ય કરવાનું છેઃ જુઓ, ચિત્રમાં! પેલો જીવ ઘણા વખતથી સંસારરૂપી જેલમાં પૂરાયેલા હોવાથી હવે મુંઝાણો છે....ને મોક્ષમાં જવા ચાહે છે; પણ મોક્ષમાં કયા રસ્તે જવું એની એને ખબર નથી. તેથી તે કહે છે કે 'મને મોક્ષનો માર્ગ બતાવો.' તો તમે તેને મોક્ષમાર્ગ બતાવીને મોક્ષ સુધી પહોંચાડશો! ભલે કદાચ ઠેઠ મોક્ષ સુધી તમે તેને ન પહોંચાડો......ને સમ્યગ્દર્શન સુધી પહોંચાડો, તોપણ ચાલશે; કેમકે સમ્યગ્દર્શન પછીનો માર્ગ તો સીધો હોવાથી તે જીવ એની મેળે શોધી લેશે. અરે, સત્સમાગમ સુધી પહોંચાડશો તોપણ ચાલશે, કેમકે પછી તો સન્તો જ તેને માર્ગ બતાવીને પોતાની સાથે તેડી જશે. પણ જો જો હો, ભૂલથી મોક્ષને બદલે સ્વર્ગાદિના મારગે ન ચડાવી દેતા! ને માર્ગ શોધતાં જરાક વાર લાગે તો થાકશો નહિ, પણ જિજ્ઞાસાને પુષ્ટ કરીને મહેનત કરશો તો મોક્ષનો મારગ જરૂર મળશે.

# સમ્મેદશિખર-સમાચાર

શ્રી ભારતવર્ષીય દિગંબર જૈન તીર્થક્ષેત્ર કમિટિ તરફથી આ સમાચાર જાણીને સર્વે તીર્થભક્ત જિજ્ઞાસુઓને હર્ષ થશે કે, મહાનતીર્થરાજ સમ્મેદશિખર સંબંધમાં દિગંબર જૈનસમાજના સંપૂર્ણ હક્કો જળવાય તે રીતે બિહાર સરકાર અને દિગંબર જૈનો વચ્ચે કરાર થઈ ગયા છે. આ સંબંધી તારતીર્થક્ષેત્ર કમિટિ સોનગઢ (તા. ૧૦-૮-૬૬ના રોજ) આવ્યો હતો. અને આ શુભ સમાચારથી પ્રસન્નતા વ્યક્ત કરતો જવાબ સંસ્થા તરફથી મોકલવામાં આવ્યો હતો.

પાઠકોના ધ્યાનમાં હશે કે થોડા વખત અગાઉ બિહાર સરકારે બિહારમાં આવેલા આપણા મહાન તીર્થરાજ શ્રી સમ્મેદશિખરજી સંબંધમાં દિગંબર જૈન સમાજને સાથે રાખ્યા વગર એકલા શ્વેતાંબર જૈન સમાજની સાથે કરાર કર્યા હતાઃ આથી ભારતભરના દિગંબર જૈન સમાજની લાગણી દુભાયેલી ને ભારતના ચારે ખુણેથી એ એકપક્ષી કરારનો વિરોધ થયો. દિલ્હીમાં એક લાખ જેટલા દિ. જૈનોનું અભૂતપૂર્વ સરઘસ વડાપ્રધાન શાસ્ત્રીજી પાસે ગયેલું. આખરે દિગંબર જૈન સમાજના સંપૂર્ણ હક્કોનું રક્ષણ થાય એવા કરાર બિહાર સરકારે કર્યા છે. આ માટે દિ. જૈનતીર્થક્ષેત્ર કમિટિની કાર્યવાહી પ્રશંસનીય છે. (જિજ્ઞાસુઓ જાણતા હશે કે આપણી સંસ્થાના માનનીય પ્રમુખ શ્રી નવનીતભાઈ ઝવેરી પણ તીર્થક્ષેત્રકમિટિના એક સભ્ય છે.)

વિશેષમાં, તીર્થક્ષેત્ર કમિટિનો સન્દેશ જણાવે છે કે કેસરિયાજીના જિનમંદિર સંબંધી કાનુની કારવાઈ ચાલી રહી છે; શ્વેતાંબર ભાઈઓ દ્વારા જે કમિટિ રચવામાં આવી હતી તે કોર્ટ દ્વારા અટકાવી દેવામાં આવી છે. આમાં સફળતા મળે અને યોગ્ય સમાધાન થાય એમ આપણે ઈચ્છીએ.

जय सम्मेदशिखर! जय आदिनाथ!

卐

શ્રાવણ સુદ સાતમનો દિવસ ભારતભરમાં તેમજ સોનગઢમાં "સમ્મેદશિખર દિન તરીકે ઉજવાયો. તે દિવસે સર્વત્ર સમ્મેદશિખરજી તીર્થના પૂજન-ભક્તિ વગેરે થયા.

---

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને

મુદ્રકઃ- અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ. ભાવનગર